# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654





પેજ-08

ધ બ્લફ ફિલ્મ લુક વાયરલ પ્રિયંકા વિખરાયેલા વાળ સાથે ખતરનાક અંદાજ





પેજ-09

9 છગ્ગા, 19 બોલમાં ફિફ્ટી... રાજકોટમાં હાર્દિક પંડ્યાનું મેદાનમાં ફરી દેખાયું રૌદ્ર...


**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 26.00 | 13.00 |
| વડોદરા | 28.00 | 14.00 |
| સુરત | 29.00 | 17.00 |


પેજ 5




ચાંદી હોલમાર્કિંગ ફરજિયાત કરવાની દિશામાં સરકારનો મોટો નિર્ણય

09
JANUARY-2026
FRIDAY

બાંગ્લાદેશમાં અશાંતિ વચ્ચે વધુ એક વિદ્યાર્થી નેતાને સરાજાહેર ગોળીઓથી વીંધી નાખ્યો




પેજ 10


**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 84180.96 | ▼ | 780.18 |
| નિફ્ટી | 28876.85 | ▼ | 263.9 |
| સોનું | 137700.00 | ▼ | 42.00 |
| ચાંદી | 242631.00 | ▼ | 693.00 |


વર્ષ-15 । અંક-059 । વિક્રમ સંવત-2082 । પોષ વદ-07 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## દક્ષિણ એશિયામાં ભારતનો દબદબો | પાકિસ્તાન અને શ્રીલંકા ઘણું પાછળ

# અમેરિકા સાથે ટ્રેડ વોર છતાં ભારત 'ગ્રોથ ચેમ્પિયન' બનશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 08

સંયુક્ત રાષ્ટ્રના તાજેતરના અહેવાલે વૈશ્વિક આર્થિક મંચ પર ભારતની મજબૂત સ્થિતિ પર મહોર લગાવી દીધી છે. અમેરિકા સાથેના ટ્રેડ વોર અને નિકાસ પર લાદવામાં આવેલા ભારે ટેરિફ છતાં, ભારત 6.6% ના વિકાસ દર સાથે વિશ્વનું સૌથી ઝડપથી વિકસતું મુખ્ય અર્થતંત્ર બની રહેશે. UN ના ફ્લેગશિપ આર્થિક રિપોર્ટ 'વર્લ્ડ ઈકોનોમિક સિચ્યુએશન એન્ડ પ્રોસ્પેક્ટ્સ 2026'માં જણાવાયું છે કે તાજેતરના ટેક્સ સુધારા અને નાણાકીય નીતિઓમાં આપવામાં આવેલી છૂટછાટને કારણે ભારત આ સિદ્ધિ હાંસલ કરશે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારતનું આંતરિક બજાર અને જાહેર રોકાણ એટલું મજબૂત છે કે તે અમેરિકાના અવરોધોને સરળતાથી પાર કરી જશે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર કુલ 50% જેટલા ટેરિફ લાદીને આર્થિક દબાણ લાવવાનો પ્રયાસ કર્યો હતો, તેમ છતાં ભારતનો વિકાસ રથ અટક્યો નથી. રિપોર્ટ અનુસાર, ગયા વર્ષે ભારતનો અંદાજિત વિકાસ દર 7.4% હતો, જે આ વર્ષે 6.6% અને આવતા વર્ષે ફરી વધીને 6.7% થવાની ધારણા છે. તેની સરખામણીમાં ચીનનો વિકાસ દર આ વર્ષે માત્ર 4.6% અને આવતા વર્ષે 4.5% રહેવાનો અંદાજ છે. જાણકારોનું કહેવું છે કે ભારતનું 'રેઝિલિયન્ટ પ્રાઈવેટ કન્ઝમ્પશન' એટલે કે સ્થાનિક વપરાશ જ તેને અન્ય દેશો કરતા અલગ પાડે છે. UN ના રિપોર્ટમાં વૈશ્વિક અર્થતંત્રમાં આ વર્ષે માત્ર 2.7% ના વિકાસનો અંદાજ છે, જે કોરોના પહેલાના 3.2% ના સરેરાશ દર કરતા ઘણો ઓછો છે. અમેરિકા જેવો વિકસિત દેશ માત્ર 2% ના દરે આગળ વધશે, જ્યારે યુરોપિયન યુનિયનનો વિકાસ દર 1.3% થી 1.6% ની વચ્ચે રહેવાની શક્યતા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, જોકે વિશ્વ અર્થતંત્રે ટ્રેડ વોરના જોખમોનો સામનો અપેક્ષા કરતા વધુ સારી રીતે કર્યો છે, પરંતુ હજુ પણ રોકાણમાં ઘટાડો અને ફિસ્કલ સ્પેસની મર્યાદા જેવી નબળાઈઓ યથાવત છે.



### દ.એશિયાના ક્ષેત્રમાં ભારત સૌથી મોટું પ્રેરક બળ

દક્ષિણ એશિયાના ક્ષેત્રમાં ભારત સૌથી મોટું પ્રેરક બળ બની રહ્યું છે. આ ક્ષેત્રનો સરેરાશ વિકાસ દર આ વર્ષે 5.6% રહેવાનો અંદાજ છે. પાડોશી દેશોની સ્થિતિ જોઈએ તો, બાંગ્લાદેશ 5.1%, ભૂતાન 6%, માલદીવ 4%, શ્રીલંકા 4.3% અને પાકિસ્તાન માત્ર 3.6% ના દરે વિકાસ કરશે. UN ના સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસે ચેતવણી આપી છે કે ભૌગોલિક રાજકીય તણાવ અને ટેકનોલોજીકલ ફેરફારો વૈશ્વિક પરિદ્રશ્યને બદલી રહ્યા છે, જેના કારણે નવી આર્થિક અનિશ્ચિતતાઓ સર્જાઈ શકે છે.

### ભારતીય રોકાણકારો અને જનતા માટે સારા સમાચાર

એકંદરે, UN નો આ રિપોર્ટ ભારતની આર્થિક નીતિઓની સફળતા દર્શાવે છે. ફુગાવામાં ઘટાડો અને મજબૂત ગ્રાહક ખર્ચને કારણે ભારતે આંતરરાષ્ટ્રીય વાણિજ્યમાં આવતા અવરોધોને મર્યાદિત કર્યા છે. જોકે, રિપોર્ટમાં એ પણ ચેતવણી આપવામાં આવી છે કે ઊંચા દેવા અને વેપાર નીતિની અનિશ્ચિતતા ભવિષ્યમાં જોખમો ઊભા કરી શકે છે. તેમ છતાં, હાલના તબક્કે ભારત વિશ્વનું બ્રાઈટ સ્પોટ બની રહ્યું છે તે નિર્વિવાદ છે. 'અમદાવાદ એક્સપ્રેસ' ના મતે, આ ડેટા ભારતીય બજારમાં વિદેશી રોકાણ વધારવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

## બાંગ્લાદેશે ભારતમાં વિઝા સેવાઓ સ્થગિત કરી દીધી

(એજન્સી) બાંગ્લાદેશ । તા. 08

સરકારે ભારતમાં તેના વિઝા સેવા કેન્દ્રોને અચાનક સ્થગિત કરી દીધા છે. આ નિર્ણયથી પ્રવાસીઓ, વિદ્યાર્થીઓ અને ઉદ્યોગપતિઓમાં મૂંઝવણ ઊભી થઈ છે, જેની સીધી અસર તેમની મુસાફરી યોજનાઓ પર પડી છે. ઢાકામાં બાંગ્લાદેશ હાઈ કમિશને બુધવારે એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે ભારતમાં બાંગ્લાદેશ વિઝા સેવા તાત્કાલિક અસરથી અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવી છે. સસ્પેન્શનનો સમયગાળો સ્પષ્ટ કરવામાં આવ્યો નથી. નિવેદનમાં ઉમેર્યું હતું કે આ પગલું ટેકનિકલ અને વહીવટી કારણોસર લેવામાં આવ્યું છે. આ નિર્ણય ભારતમાં રહેતા બાંગ્લાદેશી નાગરિકો અને ભારતની મુસાફરી કરતા બાંગ્લાદેશીઓ પર સીધી અસર કરે છે.



### પ્રવાસીઓ અને વિદ્યાર્થીઓની કફોડી હાલત

ઢાકા કે ચિત્તાગોંગમાં અભ્યાસ કરવા માંગતા વિદ્યાર્થીઓ માટે આ સમય અત્યંત કટોકટીભર્યો છે. બીજી તરફ, જે ભારતીય વેપારીઓ બાંગ્લાદેશમાં મોટું રોકાણ ધરાવે છે, તેઓની વ્યાપારિક મીટિંગ્સ અને બિઝનેસ ટ્રિપ્સ રદ થતા આર્થિક નુકસાનની ભીતિ સેવાઈ રહી છે. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, ઘણી વિઝા અરજીઓ અત્યારે પેન્ડિંગ પડી છે અને નવી અરજીઓ સ્વીકારવામાં આવતી નથી.

### મમતા બેનર્જીનો કેન્દ્ર પર પ્રહાર: ગંગાસાગર મેળા સાથે કેમ આટલો અન્યાય?

## પશ્ચિમ બંગાળ પ્રત્યે સાવકી મા જેવું વર્તન?

# ગંગાસાગરને રાષ્ટ્રીય દરજ્જો આપવા માંગ



(એજન્સી) કોલકાતા । તા. 08

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. ગંગા અને બંગાળની ખાડીના સંગમ સ્થાને યોજાતા વિશ્વપ્રસિદ્ધ 'ગંગાસાગર મેળા' પ્રત્યે કેન્દ્ર સરકારની ઉદાસીનતાને લઈને મમતા દીદીએ પોતાનો રોષ ઠાલવ્યો છે. તેમણે આરોપ લગાવ્યો કે વારંવારની માંગણીઓ છતાં કેન્દ્રએ આ આઈકોનિક તીર્થયાત્રા માટે એક પાઈની પણ આર્થિક મદદ કરી નથી અને તેને 'રાષ્ટ્રીય મેળા'નો દરજ્જો આપવાનો પણ ઈનકાર કરી દીધો છે.

### ▪ કેન્દ્રની ઉપેક્ષા અને બંગાળનો સંકલ્પ

કોલકાતામાં એક જનસભાને સંબોધતા મુખ્યમંત્રીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, 'કેન્દ્ર સરકારે ગંગાસાગર માટે એક રૂપિયો આપ્યો નથી.' તેમણે કેન્દ્રના આ વલણને બંગાળની અસ્મિતા પરના પ્રહાર સમાન ગણાવ્યું હતું. મમતા બેનર્જીએ ઉમેર્યું કે ધર્મના નામે વિખવાદ પેદા કરનારા તત્વો માત્ર તેમની પાર્ટી પર નહીં, પણ સમગ્ર બંગાળ પર હુમલો કરી રહ્યા છે.

### ▪ શ્રદ્ધાળુઓ માટે સુવિધાઓનો અંબાર

મમતા બેનર્જીએ મંગળવારે ગંગાસાગર મેળાની તૈયારીઓની સમીક્ષા કરી હતી. રાજ્ય પ્રશાસને યાત્રિકોની સુરક્ષા અને સુવિધા માટે પૂરતી વ્યવસ્થા કરી છે. મેળામાં આવતા દરેક શ્રદ્ધાળુ માટે 5 લાખ રૂપિયાનું વીમા કવચ પૂરું પાડવામાં આવ્યું છે. આ ઉપરાંત, હોસ્પિટલો, ડોક્ટરો, એમ્બ્યુલન્સ અને પૂરતી બસ સેવાઓની વ્યવસ્થા કરવામાં આવી છે.

### ▪ યાત્રિકોની સુરક્ષાની સમીક્ષા : મમતા

મુખ્યમંત્રીએ જણાવ્યું કે જિલ્લા મેજિસ્ટ્રેટ અને ગંગાસાગર પ્રશાસને રહેવા-જમવાની તમામ સુવિધાઓ સજ્જ કરી છે. તેમણે વેપારીઓ અને સ્થાનિકોને પણ અનુરોધ કર્યો કે યાત્રીઓ જ્યારે અહીંથી પરત ફરે ત્યારે તેઓ બંગાળની મહેમાનગતિની મીઠી યાદો લઈને જાય. આવતીકાલે આઉટરામ ઘાટ પર અન્ય એક કાર્યક્રમ યોજાનાર છે, જ્યાં મમતા બેનર્જી ફરીથી યાત્રિકોની સુરક્ષાની સમીક્ષા કરશે.

### ભિખારીના ખજાનાથી પોલીસ દંગ!

## કેરળમાં 'કરોડપતિ' ભિખારીનું મોત પેટીમાં 45 લાખ રૂપિયા રોકડા મળ્યા

અલાપ્પુઝા (કેરળ) । તા. 08

કેરળના અલાપ્પુઝા જિલ્લામાં એક એવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે જેણે પોલીસ અને સ્થાનિક પ્રજાને સ્તબ્ધ કરી દીધી છે. ચારુમ્મૂત ટાઉનમાં વર્ષોથી ભીખ માંગીને ગુજરાન ચલાવતા એક વૃદ્ધનું માર્ગ અકસ્માતમાં મોત થયા બાદ, તેની પાસેથી મળેલી મિલકતે સૌની આંખો પહોળી કરી દીધી છે. જે વ્યક્તિ દરરોજ લોકો પાસે ખાવાના પૈસા માંગતો હતો, તેની પેટીમાંથી ૪.૫ લાખથી વધુની રોકડ રકમ અને વિદેશી મુદ્રા મળી આવી છે. સોમવારે રાત્રે એક સ્કૂટર અકસ્માતમાં આ ભિખારી ઘાયલ થયો હતો. સ્થાનિક લોકોએ તેને તુરંત હોસ્પિટલ ખસેડ્યો, જ્યાં તેણે પોતાનું નામ અનિલ કિશોર હોવાનું જણાવ્યું હતું. ગંભીર ઈજાઓ હોવા છતાં, તે કોઈને કહ્યા વિના રહસ્યમય રીતે હોસ્પિટલમાંથી જતો રહ્યો હતો. મંગળવારે સવારે તે એક દુકાનની બહાર મૃત હાલતમાં મળી આવ્યો હતો. પોલીસ માને છે કે તે પોતાની પાસે રહેલા પૈસાની સુરક્ષા માટે જ સારવાર લીધા વિના પરત ફર્યો હશે. સ્થાનિક પંચાયત સભ્ય ફિલિપ ઉમ્માનની હાજરીમાં જ્યારે નૂરાનાડ પોલીસે મૃતકના સામાનની તપાસ કરી, ત્યારે પાંચ પ્લાસ્ટિકના ડબ્બા અને પર્સ મળી આવ્યા હતા. જેમાંથી કુલ ૪,૫૨,૨૦૭ રૂપિયાની રોકડ મળી આવી છે. ચોંકાવનારી વાત એ છે કે આ રકમમાં રૂપિયા ૨૦૦૦ની ૧૨ પ્રતિબંધિત નોટો અને સાઉદી રિયાલ (વિદેશી મુદ્રા) પણ સામેલ હતી. આ તમામ પૈસા પ્લાસ્ટિકના ડબ્બામાં સેલોફેન ટેપથી સીલ કરેલા હતા, જેથી તે સુરક્ષિત રહે. પોલીસના જણાવ્યા અનુસાર, અનિલ કિશોર કાયમકુલમનો હોવાનું અનુમાન છે, પરંતુ હજુસુધી તેના કોઈ સગા-સંબંધી સામે આવ્યા નથી.



### ઈમ્ફાલમાં એનસીબીએ આંતરરાષ્ટ્રીય રેકેટનો કર્યો ભાંડોફોડ

## ભારત-મ્યાનમાર બોર્ડર પરથી 15 કરોડનું હેરોઈન કરાયું જપ્ત, 2 લોકોની ધરપકડ

ઈમ્ફાલ (મણિપુર) । તા. 08

ભારત અને મ્યાનમારની અત્યંત સંવેદનશીલ સરહદ પર નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (એનસીબી) એ ડ્રગ્સ તસ્કરીના કાળા કારોબાર વિરુદ્ધ અત્યાર સુધીની સૌથી મોટી સફળતા હાંસલ કરી છે. ૭ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ હાથ ધરવામાં આવેલા એક અત્યંત ગુપ્ત અને ચોકસાઈભર્યા ઓપરેશનમાં એનસીબીની ઈમ્ફાલ ઝોનલ યુનિટે આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ કાર્ટેલના મનસૂબાઓ પર પાણી ફેરવી દીધું છે. આ કાર્યવાહીથી ઉત્તર-પૂર્વ ભારતના માર્ગે દેશમાં નશીલા પદાર્થો ઠાલવતા માફિયાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

એનસીબીની ટીમને ઘણા સમયથી મ્યાનમાર સરહદ પારથી હેરોઈનની મોટી ખેપ આવવાની બાતમી મળી રહી હતી. મહિનાઓ સુધી ચાલેલી ડિજિટલ અને હ્યુમન સર્વેલન્સ (ગુપ્તચર દેખરેખ) બાદ, અધિકારીઓને ચોક્કસ માહિતી મળી હતી કે એક વાહનમાં નશીલા પદાર્થો છુપાવીને લાવવામાં આવી રહ્યા છે. મધ્યરાત્રિએ ગોઠવાયેલા આ જાળમાં જ્યારે શંકાસ્પદ વાહનને આંતરીને તેની તલાશી લેવામાં આવી, ત્યારે અધિકારીઓ પણ દંગ રહી ગયા હતા. વાહનના ગુપ્ત ખાનાઓમાંથી ૭.૩૧૨ કિલોગ્રામ ઉચ્ચ ગુણવત્તાનું હેરોઈન મળી આવ્યું હતું, જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત અંદાજે ૧૫ કરોડ રૂપિયા આંકવામાં આવી રહી છે.



સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, આ હેરોઈન મ્યાનમારના ગોલ્ડન ટ્રાયેન્ગલ વિસ્તારમાંથી તૈયાર થઈને ભારતના સરહદી ગામડાઓ મારફતે મેદાની વિસ્તારોમાં મોકલવાની પેરવી હતી. એનસીબીના અધિકારીઓએ જણાવ્યું કે આ માત્ર જપ્તી નથી, પરંતુ આંતરરાષ્ટ્રીય તસ્કરીના એક મજબૂત નેટવર્કનો ભાંડોફોડ છે. ધરપકડ કરાયેલા શખ્સોની પૂછપરછમાં અનેક મોટા નામો અને લોજિસ્ટિક્સ પૂરા પાડનારા લોકોના ઠેકાણાઓ સામે આવવાની સંભાવના છે. જાણકારોનું માનવું છે કે આ વર્ષની શરૂઆતમાં મળેલી આ સફળતા ડ્રગ્સ માફિયાઓની સપ્લાય ચેઈન માટે જીવલેણ સાબિત થશે.

એનસીબીની ટીમે પકડાયેલા ડ્રગ્સના સેમ્પલ ફોરેન્સિક લેબોરેટરીમાં મોકલી આપ્યા છે અને આ કેસમાં સંડોવાયેલા સ્થાનિક એજન્ટોની ધરપકડ માટે ઠેર-ઠેર દરોડા પાડવાનું શરૂ કર્યું છે.

## કાનપુરમાં બાળકીના દુષ્કર્મ કેસમાં સબ-ઈન્સ્પેક્ટર સામેલ : અખિલેશ

### યુપીમાં જંગલરાજ? વિપક્ષોએ યોગી સરકારને ઘેરી!

(એજન્સી) કાનપુર । । તા. 08

ઉત્તર પ્રદેશના કાનપુરમાં બનેલી એક હૃદયદ્રાવક ઘટનાએ સમગ્ર દેશને હચમચાવી દીધો છે. કાનપુરના સચંડી વિસ્તારમાં એક માસૂમ બાળકી સાથે થયેલા કથિત દુષ્કર્મના કેસમાં જ્યારે પોલીસ વિભાગના જ એક સબ-ઈન્સ્પેક્ટરનું નામ સામે આવ્યું, ત્યારે કાયદો અને વ્યવસ્થા પર ગંભીર સવાલો ઉભા થયા છે. આ મામલે રાજકારણ પણ ગરમાયું છે. સમાજવાદી પાર્ટીના વડા અને સાંસદ અખિલેશ યાદવે યોગી સરકાર અને કાનપુર પોલીસ પર આકરા પ્રહારો કરતા સનસનીખેજ આરોપો લગાવ્યા છે. અખિલેશ યાદવે કાનપુરના એડીજીને સીધા નિશાન બનાવ્યા હતા. તેમણે આરોપ લગાવ્યો કે, 'કાનપુરના એડીજી પોતે જ સ્ક્રેપ માફિયા છે. નોઈડાના સ્ક્રેપ માફિયાઓને હવે કાનપુરમાં સત્તા સોંપવામાં આવી છે.' અખિલેશ યાદવે વધુમાં ઉમેર્યું કે યુપીમાં હાલમાં ગરીબો પર અત્યાચાર થઈ રહ્યો છે અને પોલીસ ઉચ્ચ અધિકારીઓના દબાણ હેઠળ FIR પણ નોંધતી નથી.



### અત્યાર સુધીમાં બે આરોપીઓની ઓળખ

સચંડીમાં માસૂમ બાળકી પર થયેલા દુષ્કર્મના કેસમાં પોલીસ સબ-ઈન્સ્પેક્ટરની સંડોવણી સામે આવી છે. પોલીસે અત્યાર સુધીમાં બે આરોપીઓની ઓળખ કરી 1ની ધરપકડ કરવામાં આવી છે. ફરાર દરોગાને પકડવા માટે ચાર ટીમો મેદાનમાં ઉતારવામાં આવી છે. ફરજમાં બેદરકારી દાખવવા બદલ સંબંધિત પોલીસ સ્ટેશનના SHOને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

### તમામ આરોપીઓને કડકમાં કડક સજાની માંગ

આ ઘટનાને લઈને કોંગ્રેસ સાંસદ પ્રમોદ તિવારીએ ઘેરો શોક વ્યક્ત કરતાં કહ્યું કે, 'જ્યારે પોલીસકર્મી પોતે જ આવા ઘૃણાસ્પદ ગુનામાં સામેલ હોય ત્યારે સામાન્ય જનતા કોના પર વિશ્વાસ કરશે?' વિપક્ષી નેતાઓ હવે યુપી પોલીસની વિશ્વસનીયતા પર સવાલો ઉઠાવી રહ્યા છે.તમામ આરોપીઓ સામે કડકમાં કડક સજાની માંગ કરી રહ્યા છે.

## સુપ્રીમ કોર્ટમાં રખડતા શ્વાન પર જામી જંગ કૂતરા માણસનો ડર પારખી જાય છે!

(એજન્સી) નુહ । તા. 08


દેશભરમાં રખડતા કૂતરાઓનો આતંક અને તેમના કરડવાથી થતા અકસ્માતોનો મુદ્દો હવે દેશની સર્વોચ્ચ અદાલત, સુપ્રીમ કોર્ટના ઉંબરે પહોંચ્યો છે. ગુરુવારે સતત બીજા દિવસે અઢી કલાક સુધી ચાલેલી લાંબી સુનાવણીમાં જસ્ટિસ અને વકીલો વચ્ચે ધારદાર, ગંભીર અને ક્યારેક રમૂજી દલીલો જોવા મળી હતી. આ કેસ માત્ર કાયદાકીય લડત નથી, પણ રસ્તા પર ચાલતા સામાન્ય નાગરિકની સુરક્ષા અને અબોલ જીવો પ્રત્યેની દયા વચ્ચેના સંતુલનનો કિસ્સો બની ગયો છે. સુનાવણી દરમિયાન જસ્ટિસ નાથે એક અત્યંત મહત્વનું અવલોકન કરતા કહ્યું કે, 'કૂતરા માણસનો ડર પારખી જાય છે અને એટલે જ તે આક્રમક થઈને કરડે છે.' જ્યારે કૂતરાના પક્ષમાં દલીલ કરી રહેલા વકીલે આ વાત સાથે અસંમતિ દર્શાવી માથું ધુણાવ્યું, ત્યારે જસ્ટિસે કડક શબ્દોમાં વળતો જવાબ આપ્યો હતો. તેમણે કહ્યું, 'તમારું માથું ન ધુણાવો, આ વાત હું કોઈ પુસ્તક વાંચીને નહીં, પણ મારા અંગત અનુભવ પરથી કહી રહ્યો છું.' આ ટિપ્પણીએ કોર્ટરૂમમાં ક્ષણભર માટે સોપો પાડી દીધો હતો.



## SEBIએ 3 દાયકાથી વધુ સમયમાં પ્રથમવાર સ્ટોકબ્રોકર નિયમોમાં મોટા ફેરફારો કર્યા

(એજન્સી) મુંબઇ । તા. 08

આ પગલાનો હેતુ પાલનને સરળ બનાવવા, સ્પષ્ટતા વધારવા અને બ્રોકરો માટે વ્યવસાય કરવાનું સરળ બનાવવાનો છે. નવા માળખા હેઠળ, સ્ટોકબ્રોકરોને હવે એવી પ્રવૃત્તિઓમાં જોડાવાની મંજૂરી આપવામાં આવશે જે અન્ય નાણાકીય નિયમનકારોના અધિકારક્ષેત્ર હેઠળ આવે છે, જો તેઓ તે સત્તાવાળાઓ દ્વારા નિર્ધારિત નિયમોનું પાલન કરે. બજાર નિયમનકારે જણાવ્યું હતું કે આવી પ્રવૃત્તિઓ સંબંધિત નાણાકીય ક્ષેત્રના નિયમનકાર દ્વારા નિયંત્રિત કરવામાં આવશે, SEBI દ્વારા નહીં. નિયમનકારે નિયમોને સરળ ભાષામાં ફરીથી લખ્યા છે, જૂની જોગવાઈઓ દૂર કરી છે અને સ્પષ્ટ વ્યાખ્યાઓ રજૂ કરી છે. નિયમો હવે અગિયાર પ્રકરણોમાં ગોઠવાયેલા છે જે સ્ટોકબ્રોકિંગના તમામ મુખ્ય પાસાઓને આવરી લે છે, જે તેમને વાંચવા અને સમજવામાં સરળ બનાવે છે. ઘણા જૂના સમયપત્રક દૂર કરવામાં આવ્યા છે, અને સંબંધિત વિભાગોને સીધા પ્રકરણો તરીકે ઉમેરવામાં આવ્યા છે.



**સેબીએ બ્રોકરો માટે નિયમો કર્યા સાવ સરળ!**
સેબીએ પુનરાવર્તિત વિભાગો પણ દૂર કર્યા છે અને અંડરરાઈટિંગ, આચારસંહિતા અને અન્ય માન્ય પ્રવૃત્તિઓ સંબંધિત નિયમોનું પુનર્ગઠન કર્યું છે. ક્લિયરિંગ સભ્યો, વ્યાવસાયિક ક્લિયરિંગ સભ્યો, માલિકી ટ્રેડિંગ સભ્યો અને નિયુક્ત ડિરેક્ટર્સ સહિત મુખ્ય વ્યાખ્યાઓ અપડેટ કરવામાં આવી છે.

## મોતની મધ્યેથી માસૂમની મુક્તિ: યમનના ભીષણ યુદ્ધ વચ્ચે ભારતની દીકરીનું સફળ રેસ્ક્યૂ

(એજન્સી) નવી દિલ્હી/જેદ્દા । । તા. 08

દુનિયાના નકશા પર જ્યારે પણ કોઈ દેશ યુદ્ધની જ્વાળાઓમાં સળગે છે, ત્યારે ત્યાં ફસાયેલા નિર્દોષ નાગરિકો માટે ભારત સરકાર આશાનું કિરણ બનીને ઉભરે છે. યમનમાં સાઉદી અરેબિયા સમર્થિત સરકાર અને યુએઈ સમર્થિત અલગતાવાદી જૂથો વચ્ચે ચાલી રહેલા લોહિયાળ જંગની વચ્ચે ભારતની એક દીકરી રાખી કિશન ગોપાલને મોતના મુખમાંથી સુરક્ષિત બહાર કાઢવામાં આવી છે. છેલ્લા કેટલાક અઠવાડિયાથી સોકોત્રા ટાપુ પર ફસાયેલી રાખીને ભારત સરકારના અત્યંત ગુપ્ત અને સફળ ઓપરેશન દ્વારા જેદ્દા પહોંચાડવામાં આવી છે. યમન સ્થિત ભારતીય મિશનના જણાવ્યા અનુસાર, ૭મી જાન્યુઆરીના રોજ એક વિશેષ 'યમેનિયા ફ્લાઈટ' દ્વારા રાખી ગોપાલને જેદ્દા મોકલવામાં આવી હતી. જેદ્દામાં ભારતીય વાણિજ્ય દૂતાવાસના અધિકારીઓએ તેમને ઉષ્માભેર આવકાર્યા હતા.



**સોકોત્રાથી જેદ્દા સુધીની સફર |** તમામ કાયદાકીય પ્રક્રિયાઓ અને મેડિકલ તપાસ બાદ રાખીને ભારત મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઓપરેશનની સફળતાની વિગતો ભારતીય મિશને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર શેર કરી છે, જેનાથી દેશભરમાં ગૌરવની લાગણી ફેલાઈ છે.

**સત્તા માટે લોહિયાળ ખેલ |** આ રેસ્ક્યૂ એવા સમયે કરવામાં આવ્યું છે જ્યારે યમનમાં સાઉદી સમર્થિત દળો અને સધર્ન ટ્રાન્ઝિશનલ કાઉન્સિલ (STC) વચ્ચે સત્તાની ભીષણ ખેંચતાણ ચાલી રહી છે. હદ્રમૌત અને અલ-મહરા પ્રાંતોમાં સૈન્ય મથકો કબજે કરવા માટે ચાલી રહેલા બોમ્બમારા અને ગોળીબારને કારણે હવાઈ સેવાઓ સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ હતી. જોકે, જાણકારોના મતે એસટીસી દળોએ કેટલાક વિસ્તારોમાંથી પાછા હટવાનું શરૂ કર્યું છે, જેના કારણે બચાવ કામગીરી માટે નાની બારી ખુલી હતી.

**૪૦૦ પ્રવાસીઓ હજુ પણ ફસાયેલા |** ભલે રાખીએ વતન વાપસી કરી હોય, પરંતુ સોકોત્રા ટાપુ પરની સ્થિતિ હજુ પણ ગંભીર છે. ત્યાં હજુ પણ અંદાજે ૪૦૦ જેટલા વિદેશી પ્રવાસીઓ ફસાયેલા હોવાનું જાણવા મળે છે. વિમાની સેવાઓ સ્થગિત હોવાને કારણે તેઓ ત્યાંથી નીકળી શકતા નથી. એક તરફ યમન સરકાર સાઉદીની મદદથી અંકુશ મેળવવા મથામણ કરી રહી છે, તો બીજી તરફ અલગતાવાદીઓએ દક્ષિણ યમનને સ્વતંત્ર રાષ્ટ્ર જાહેર કરવાની ચીમકી આપી છે. ભારત સરકાર અન્ય ભારતીયોની સુરક્ષા માટે પણ સતત મોનિટરિંગ કરી રહી છે.

### પ્રદૂષણનાં કારણે વાપીમાં રહેવાવાળા વ્યક્તિના જિંદગીના 10 વર્ષ ઓછા થઈ જાય છે : ઈસુદાન ગઢવી

# 20 વર્ષ પહેલા વાપી જેવું હતું, એના કરતાં પણ ખરાબ પરિસ્થિતિ







**કંપનીના માલિકો અને ભાજપના નેતાઓ આપણું લોહી ચૂસી રહ્યા છે, તો હવે આ લોકોને પરચો દેખાડવાનો સમય આવી ગયો છે : ઈસુદાન ગઢવી**

**ગામોમાં આવેલી જમીનો, સરકારી પડતર, ખરાબા, ગૌચર, ગામતળની જમીનોને મફતના ભાવે પડાવી લેવાની ભાજપની જે સિસ્ટમ છે એની સામે અમારી લડત છે: ચૈતર વસાવા**

**સરકાર જનતાને હેરાન કરતી હોય તેવું લાગે છે, ભાજપ પૈસાવાળાની પાર્ટી છે, ગરીબની પીડા સમજતી નથી : ગોપાલ ઈટાલિયા**

અમદાવાદ

આમ આદમી પાર્ટી દ્વારા વાપી મહાનરપાલિકામાં બદલાવના સંકલ્પ સાથે વિશાળ પરિવર્તન સભાનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ સભામાં ભાજપ અને કોંગ્રેસના આગેવાનો ખૂબ મોટી સંખ્યામાં આમ આદમી પાર્ટીમાં જોડાયા હતા. આ પરિવર્તન સભામાં આમ આદમી પાર્ટીનૃં પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા, ધારાસભ્ય ચૈતર વસાવા, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા, દક્ષિણ ઝોન ઈન્ચાર્જ રામભાઈ ધડુક, વલસાડ લોકસભા ઈનચાર્જ રાજીવભાઈ પાંડે, જિલ્લા પ્રમુખ જીતેન્દ્ર શર્મા સહિત સ્થાનિક પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ તકે સ્થાનિકો પણ ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા અને પરિવર્તનનો સંકલ્પ લીધો હતો. AAP પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ પરિવર્તન સભામાં મોટી સંખ્યામાં ઉપસ્થિત લોકો સમક્ષ પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, 2005-07માં હું મોટરસાયકલ પર બેસીને વાપી, વલસાડ, દમણ, સેલવાસ, ડાંગ સહિત સમગ્ર આદિવાસી વિસ્તારમાં રિપોર્ટિંગ કરતો હતો. હું આદિવાસી લોકોની સમસ્યાઓ, જળ, જંગલ, જમીન, પેસા એક્ટ મુદ્દે એ સમયથી જ અવાજ ઉઠાવતો હતો. હાલ સ્ટેજ પર ધારાસભ્ય ચૈતરભાઈ અને ધારાસભ્ય ગોપાલભાઈ બેઠા છે પરંતુ 2027માં આ સ્ટેજ પર આ વિસ્તારના 10 જેટલા ધારાસભ્ય બેઠા હશે. હું જ્યારથી વાપીમાં આવ્યો છું ત્યારથી મને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી છે એટલું પ્રદૂષણ છે. પાણીનું પણ અત્યંત પ્રદૂષણ છે અને ભાજપના લોકો જે બ્રિજ બનાવી રહ્યા છે એ ખબર નહીં કયા જન્મમાં બનશે. 20 વર્ષ પહેલા વાપી જેવું હતું, એના કરતાં પણ હાલ ખરાબ પરિસ્થિતિમાં છે. ભાજપના કમલમમાં વાપી વલસાડના ઉદ્યોગપતિઓ સૌથી વધુ ફંડ આપે છે. હકીકતમાં તમારા અને અમારા જેવા લોકોના પરસેવાની કમાણીથી આ લોકોની કંપનીઓ ચાલે છે. આ કંપનીના માલિકો અને ભાજપના નેતાઓ આપણું લોહી ચૂસી રહ્યા છે, તો હવે આ લોકોને પરચો દેખાડવાનો સમય આવી ગયો છે. ભાજપના લોકોએ આપણા બાળકો માટે સરકારી શાળાઓ રહેવા દીધી નથી, સારી સરકારી હોસ્પિટલો રહેવા દીધી નથી, સારા રોડ-રસ્તા રહેવા દીધા નથી અને વાપીમાં તો રહેવાવાળા વ્યક્તિના જિંદગીના 10 વર્ષ ઓછા થઈ જાય છે. આ લોકો પ્રદૂષણ ફેલાવીને બાળકોના જીવ લેવા પર ઉતરી આવ્યા છે માટે હવે આપણે તમામ લોકોએ પોતાની આત્મા જગાડવી જ પડશે. આ કાર્યક્રમ બાદ ધારાસભ્ય ચૈતર વસાવાએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, આજની પરિવર્તન સભામાં ખૂબ જ મોટી સંખ્યામાં ભાજપ કોંગ્રેસના આગેવાનો AAPમાં જોડાયા છે. સાથે સાથે ગંભીર મુદ્દા વિશે વાત કરું તો આ વિસ્તારમાં કામદારોનું શોષણ થાય છે, તેમને પગાર સ્લીપ આપવામાં આવતી નથી, પીએફ અને ગ્રેજ્યુએટી નથી મળતી, બોનસ નથી મળતું, ઓવર ટાઈમનું વળતર નથી મળતું અને મેડીક્લેમ પણ નથી મળતું, આ મુદ્દે અમને ઘણી રજૂઆતો મળી છે. આ વિસ્તારમાં નાયકવાડ છે, એ વિસ્તારને બ ળ જ બ ર ી પૂ ર્વ ક મહાનગરપાલિકામાં સમાવેશ કરવામાં આવી રહ્યો છે અને એમના ઘરો તોડવાની તજવીજ ચાલે છે. બીજા અન્ય 11 ગામોને મહાનગરપાલિકામાં સમાવેશ કરીને બંધારણની અનુસૂચિ 5નું ઉલ્લંઘન કરવામાં આવે છે અને પેસા એક્ટનો પણ ઉલ્લંઘન કરવામાં આવે છે, લોકોને રાજકીય રીતે મળેલી અનામતને સમાપ્ત કરવાની કોશિશ થઈ રહી છે. ગામોમાં આવેલી જમીનો, સરકારી પડતર, ખરાબા, ગૌચર, ગામતળની જમીનોને મફતના ભાવે પડાવી લેવાની ભાજપની જે સિસ્ટમ છે એની સામે અમારી લડત છે. આમ આદમી પાર્ટી કામદારોની પાર્ટી છે, ખેડૂતોની પાર્ટી છે, આદિવાસી અને વંચિતોની પાર્ટી છે.

# સુરત શહેરમાં વિવિધ સેવાકીય કાર્યક્રમો સાથે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના જન્મદિવસની ઉમંગભેર ઉજવણી

**જન્મદિવસની સેવાસભર ઉજવણી કાર્યક્રમોમાં નાયબ મુખ્યમંત્રીશ્રી ઉપસ્થિત રહ્યા: સ્વહસ્તે લાભાર્થીઓને રાશન કીટ, કપડાં, પોષણ સામગ્રી સહાય વિતરણ કર્યુ**







ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના ૪૧મા જન્મદિવસના અવસરે સુરત શહેરમાં સેવાભાવના સાથે વિવિધ સેવાકીય કાર્યક્રમો યોજાયા હતા. જન્મદિનની ઉજવણીને ભવ્ય નહીં, પણ દિવ્ય બનાવવાના હેતુ સાથે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી સુરતમાં આયોજિત વિવિધ સેવા કાર્યક્રમોમાં ઉપસ્થિત રહ્યા હતા અને આરોગ્ય, બાળકલ્યાણ, મહિલા સશક્તિકરણ, વૃદ્ધસેવા અને જીવદયા ક્ષેત્રે સેવાકીય પ્રવૃત્તિઓ સાથે જન્મદિનની સેવાસભર ઉજવણી કરી હતી.સમાજના જરૂરિયાતમંદ વર્ગ સુધી સીધી મદદ પહોંચે તેવા ઉદ્દેશ સાથે સુરતના ઉધના, વેસુ, પાંડેસરા, અલથાણ, અઠવાલાઈન્સ, ભટાર અને સિટી લાઈટ સહિતના વિસ્તારોમાં આરોગ્ય, માનવસેવા અને કલ્યાણલક્ષી પ્રવૃત્તિઓ અને કાર્યક્રમો યોજાયા હતા. જેમાં નાગરિકો, સામાજિક સંસ્થાઓ તથા સ્વયંસેવકોનો ઉત્સાહભેર જોડાયા હતા.શ્રી સંઘવીના જન્મદિને ઉમરાના કોમ્યુનિટી હોલ ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો, જ્યારે સિટીલાઈટ વિસ્તારમાં ગંગાસ્વરૂપા બહેનોને રાશન કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સુરત શહેરની વિવિધ હોસ્પિટલોમાં નિઃશુલ્ક OPD, નિઃશુલ્ક નોર્મલ તથા સિઝેરિયન ડિલિવરી, મોતિયાના ઓપરેશન અને બ્લડ ડોનેશન કેમ્પો યોજાયા હતા, જેનો મોટી સંખ્યામાં નાગરિકોએ લાભ લીધો હતો. SVNM- સ્વામિ વિવેકાનંદ નેત્રમંદિર ટ્રસ્ટ દ્વારા આયોજિત મોતિયાના ૧૦૧ નિઃશુલ્ક ઓપરેશન, લાયન્સ કેન્સર હોસ્પિટલ પ્રેરિત વિજયલક્ષ્મી કેર ફાઉન્ડેશન દ્વારા મેગા બ્લડ ડોનેશન કેમ્પ તેમજ સિવિલ અને ખાનગી હોસ્પિટલોમાં મેડિકલ કેમ્પો યોજાયા હતા. ડાયમંડ હોસ્પિટલ ખાતે નિઃશુલ્ક OPD, ફ્રી ડિલિવરી, દીકરીના જન્મ પર રૂપિયા ૧ લાખના બોન્ડ, મોતિયાના નિઃશુલ્ક ઓપરેશન અને બ્લડ ડોનેશન કેમ્પ યોજાતા દર્દીઓ અને તેમના પરિવારજનો ખુશખુશાલ બન્યા હતા.સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં નાના બાળકો માટે રમકડાં, પોષણ કીટ, ફળ, બેબી બ્લેન્કેટ અને અલ્પાહારનું વિતરણ કરવામાં આવ્યું હતું. અલથાણ સ્થિત શેલ્ટર હોમના બાળકોને નવા કપડાં ભેટ અપાયા હતા, જ્યારે અઠવાલાઈન્સના ઈચ્છાનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટ દ્વારા અનાથ આશ્રમના ૧૭૫ બાળકોને સ્કૂલબેગ, સ્ટેશનરીનું વિતરણ તેમજ LN4 પ્રોસ્ટેથેટિક હેન્ડ અર્પણ કરવામાં આવ્યા હતા.

### સુરતના ગોડાદરામાં AAPની પરિવર્તન જનસભા પહેલા ભાજપના અમુક અસામાજિક તત્વોનો ખોટા બેનરો બનાવી વૈમનસ્યતા ફેલાવવાનો પ્રયાસ

અમદાવાદ

સુરતના ગોડાદરા વિસ્તારમાં આમ આદમી પાર્ટીની પરિવર્તન જનસભા થવા જઈ રહી છે, જેને લઈ ભાજપ બોખલાઈ ગયું છે. ભાજપના નેતા સાથે ઘરોબો ધરાવનારા લોકોએ ખોટા ફોટા સાથે આમ આદમી પાર્ટીના બેનરો પ્રિન્ટ કરી આ વિસ્તારમાં લગાવ્યા અને પછી પોતે લગાવેલા બેનર પર જ કાળી શાહી લગાવી વિરોધ કર્યો હતો. આ મામલે આમ આદમી પાર્ટીના અગ્રણીઓની ટીમ મધરાતે ગોડાદરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવા માટે પહોંચી હતી. ત્યારે આમ આદમી પાર્ટી સુરત શહેર પ્રમુખ ધર્મેશ ભંડેરીએ જણાવ્યું હતું કે આજે આમ આદમી પાર્ટીની જનસભા થવા જઈ રહી છે ત્યારે ભાજપ સાથે જોડાયેલ અમુક અસામાજિક તત્વોએ આમ આદમી પાર્ટીની જનસભાના બેનરોની કોપી મારી, પોતાની રીતે બેનરો બનાવી, અમારા નેતાઓના માથા પર ટોપી લગાવી લોકોને ઉશ્કેરવાના પ્રયાસ કર્યા છે.

## બાકી પ્રોપર્ટી ટેક્સની વસૂલાત માટે ઉત્તર ઝોનની 10 અને મધ્ય ઝોનની 6 મિલકતોની હરાજી કરીને રૂ. ૧/- ટોકન પર અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હસ્તક લેવાઇ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

શહેરના વિકાસ અને નાગરિક સેવાઓની સુવ્યવસ્થા માટે આવકના મહત્વપૂર્ણ સ્ત્રોત રૂપે પ્રોપર્ટી ટેક્સની સમયસર વસૂલાત અનિવાર્ય હોય છે. અમદાવાદ શહેરમાં બાકી પ્રોપર્ટી ટેક્સની વસૂલાત સુનિશ્ચિત કરવા તથા કરચોરી અટકાવવાના હેતુથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉત્તર ઝોન પ્રોપર્ટી ટેક્સ વિભાગ દ્વારા કાયદેસર અને પારદર્શક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ કાર્યવાહી અંતર્ગત લાંબા સમયથી બાકી રહેલી પ્રોપર્ટી ટેક્સની રકમ ચૂકવવામાં નિષ્ફળ રહેલી મિલકતો સામે હરાજીની પ્રક્રિયા અમલમાં મૂકવામાં આવી છે, જેના માધ્યમથી ટેક્સ વસૂલાત અને નાગરિક જવાબદારી બંનેને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન મહાનગર સેવા સદનના ઉત્તર ઝોન અને મધ્ય ઝોનનાં પ્રોપર્ટી ટેક્સ વિભાગ દ્વારા બાકી પ્રોપર્ટી ટેક્સ વસૂલાતના ભાગરૂપે વિવિધ મિલકતો સામે કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. આ અનુસંધાને જાન્યુઆરીનાં પ્રથમ સપ્તાહમાં ઉત્તર અને મધ્ય ઝોનનાં કેટલાંક વિસ્તારોમાં આવતી મિલકતોમાં આજદિન સુધી હરાજીની પ્રક્રિયા પૂર્ણ કરાઇ હતી.

જેમાં ઉત્તર ઝોનમાં મેઘાણીનગર, નરોડા રોડ, કુબેરનગર-નરોડા, મહાપ્રભુજી બેઠક પાસે - નરોડા રોડ, નેશનલ હાઇવે નં - 8, સરસપુર, ભીડભંજન હનુમાન પાસેનાં વિસ્તારોની 10 મિલકતો અને મધ્ય ઝોન ઘી-કાંટા રોડ, શાહીબાગ રોડ, દરિયાપુર અને ચામુંડા બ્રિજ પાસેનાં વિસ્તારોની 6 મિલકતોની હરાજીની પ્રક્રિયા પૂર્ણ કરી રૂ. ૧/- ટોકનથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તક લીધી હતી. ઉત્તર ઝોનની 10 મિલકતોનાં કબજેદારો પાસેથી અંદાજીત બાકી ટેક્સની રકમ રૂ.62,45,875 જેટલી હતી. જ્યારે મધ્ય ઝોનની 6 મિલકતોનાં કબજેદારો પાસેથી અંદાજીત બાકી ટેક્સની રકમ રૂ.1,89,87,061 જેટલી હતી.

## AMCના એસ્ટેટ વિભાગ દ્વારા વર્ષ 2025 દરમિયાન ટી.પી. સ્કીમના અમલીકરણ માટે વ્યાપક અને સઘન કાર્યવાહી

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અમદાવાદ શહેરના આયોજનબદ્ધ વિકાસ, જાહેર સુવિધાઓના સંરક્ષણ તથા ટ્રાફિક વ્યવસ્થાને વધુ સુગમ બનાવવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના એસ્ટેટ વિભાગ દ્વારા વર્ષ 2025 દરમિયાન ટી.પી. સ્કીમના અમલીકરણ માટે વ્યાપક અને કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ સંકલિત કામગીરીના પરિણામે શહેરના વિવિધ વિસ્તારોમાં અવરોધરૂપ દબાણો દૂર કરી વિકાસકાર્યોને નવી ગતિ મળી છે.

AMCના એસ્ટેટ વિભાગ દ્વારા 01 જાન્યુઆરી 2025 થી 29 ડિસેમ્બર 2025 દરમિયાન ટી.પી. ઈન્સ્પેક્શન પ્લોટ હેઠળ કુલ 290 પ્લોટમાં અમલીકરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યવાહી દરમિયાન અંદાજે 17.08 લાખ ચોરસ મીટર વિસ્તારના પ્લોટોનો કબજો મેળવવામાં આવ્યો હોવાનું એસ્ટેટ વિભાગ દ્વારા જણાવાયું છે.

ટી.પી. સ્કીમના અમલીકરણ દરમિયાન રહેણાંક ક્ષેત્રમાં 1050 કાચા મકાન અને 2213 પાકા મકાન, આમ કુલ 3263 રહેણાંક યુનિટ દૂર કરવામાં આવ્યા હતા. સાથે જ બિન-રહેણાંક ક્ષેત્રમાં 213 કાચા અને 355 પાકા બાંધકામ, આમ કુલ 568 યુનિટ સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

**યુરેનસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ**
**સીઆઈએન: એલ૭૪૧૧૦જીજે૧૯૯૪પીએલસી૦૨૧૩૫૨**

રજીસ્ટર્ડ ઓફિસ: રન્નાડે હાઉસ, ફર્સ્ટ ફ્લોર, ઈશાન બંગ્લોઝ પાસે, શીલજ, અમદાવાદ - ૩૮૦૦૫૯, દસક્રોઈ, ગુજરાત ભારત.
ટેલિફોન: +૯૧ ૯૮૯૮૫ ૩૭૧૮૮ || ઈ-મેઈલ: info@yuranusinfra.com || વેબસાઈટ: www.yuranusinfra.com

કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટરસે ૮ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ યોજાયેલી તેમની બેઠકમાં ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક અને નવમા મહિના માટે કંપનીના અનઓડિટેડ નાણાકીય પરિણામોને મંજૂરી આપી હતી.
સંપૂર્ણ પરિણામો, લિમિટેડ રિવ્યુ રિપોર્ટ સાથે, કંપનીની વેબસાઈટ https://yuranusinfra.com/assets/pdf/financial/202526/Cover%20letter%20with%20result%20Q3_Ocred-Signed.pdf પર અને સ્ટોક એક્સચેન્જ એટલે કે BSE લિમિટેડની વેબસાઈટ www.bseindia.com પર ઉપલબ્ધ છે અને નીચે આપેલા ક્વિક રિસ્પોન્સ (QR) કોડને સ્કેન કરીને પણ તે મેળવી શકાય છે.

**યુરેનસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ માટે**
**સહી/-**
**નિતિનભાઈ ગોવિંદભાઈ પટેલ**
**ચેરમેન કમ મેનેજીંગ ડાઈરેક્ટર**
**ડીઆઈએન: ૦૬૬૨૬૬૪૬**

**તારીખ: ૦૮-૦૧-૨૦૨૬**
**સ્થળ: અમદાવાદ**

નોંધ: ઉપરોક્ત સૂચના સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના રેગ્યુલેશન ૩૩ અને રેગ્યુલેશન ૪૭(૧) અનુસાર છે.

## રાજ્યના પોલીસ વડાશ્રીની નવી પહેલ:“One Day-One District”

**જિલ્લા સ્તરે પોલીસ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા તથા સ્થાનિક સ્તરે જમીની હકીકતોને સીધી રીતે સમજવા માટે શરૂ કરાઇ નવી પહેલ**

**દરરોજ એક જિલ્લાના પોલીસ અધિક્ષકશ્રી અને રેન્જ આઇજીશ્રી સાથે રાજ્યના પોલીસ વડાશ્રીની અધ્યક્ષતામાં બેઠક યોજાશે**

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

જિલ્લા સ્તરે પોલીસ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાના ઉદ્દેશથી અને સ્થાનિક સ્તરે જમીની હકીકતોને સીધી રીતે સમજવા માટે રાજ્યના પોલીસ વડા ડૉ. કે.એલ.એન રાવ દ્વારા “One Day-One District”: એક નવી પહેલ શરૂ કરવામાં આવી છે.આ પહેલ અંતર્ગત રાજ્યના પોલીસ વડા ડૉ. કે.એલ.એન રાવ દ્વારા સંબંધિત જિલ્લાના પોલીસ અધિક્ષકશ્રી (SP) તથા રેન્જના ઈન્સ્પેક્ટર જનરલશ્રી (IGP) સાથે સીધી બેઠક યોજવામાં આવશે, જેથી જિલ્લાના વિશિષ્ટ પોલીસિંગ સંબંધિત જરૂરિયાતો અને પડકારોને પ્રત્યક્ષ રીતે સમજી શકાય. જિલ્લાની હકીકતોને આધારે નીતિગત નિર્ણય અને સંસાધનોનું આયોજન થાય તે આ પહેલનો મુખ્ય ઉદ્દેશ છે.આ બેઠકો દરમિયાન જિલ્લાના ભૌગોલિક પરિસ્થિતિને અનુકૂળ વિશેષ વાહનોની જરૂરિયાત, પોલીસ કર્મચારીઓ માટે રહેણાંક તથા બિન રહેણાંક માળખા સંબંધિત પડકારો, માનવ સંસાધનની પૂરતી ઉપલબ્ધતા, પોલીસ સ્ટેશન/આઉટપોસ્ટ/બીટની રચનામાં ફેરફારની જરૂરિયાત તેમજ અન્ય ખાસ મુદ્દાઓ અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવે છે. ઉપરાંત, દરેક જિલ્લામાં અમલમાં મૂકાયેલી એક બેસ્ટ પ્રેક્ટીસ અંગે ચર્ચા કરવામાં આવશે, જેને રાજ્યભરમાં અમલમાં મૂકી શકાય તેની શક્યતા પણ પરખવામાં આવશે.જિલ્લાઓની પરિસ્થિતિ અને જરૂરિયાતોનું મૂલ્યાંકન કર્યા બાદ રાજ્યના પોલીસ વડાશ્રી દ્વારા પોલીસ મુખ્યાલયની સંબંધિત શાખાઓને જરૂરી દિશાનિર્દેશ આપવામાં આવશે, જેથી સમયસર સમસ્યાઓનો ઉકેલ લાવી શકાય. જ્યાં નીતિગત અથવા વહીવટી મંજૂરી જરૂરી હોય ત્યાં યોગ્ય પ્રસ્તાવો ગૃહ વિભાગને પણ મોકલવામાં આવશે.

## ગુજરાતમાં મોઢાના કેન્સરની વહેલી ઓળખ માટે ICMR NEW DELHI ના સહયોગથી ગાંધીનગર જિલ્લામાં મહત્વપૂર્ણ પ્રોજેક્ટનો આરંભ

**જિલ્લા આરોગ્ય તંત્ર અને નિરામય ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગાંધીનગર તાલુકામાં પાયલોટ પ્રોજેક્ટ દ્વારા મોઢાના કેન્સર પહેલાના સ્ટેજની વહેલી ઓળખ માટે નવી તકનીક અને નિદાન-સારવાર વિશે સંશોધન કરવામાં આવશે**

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

વર્તમાન સ્થિતિમાં સમગ્ર દેશમાં કેન્સરના કેસો વધી રહ્યા છે. જેમાં ગર્ભાશયના મુખનું કેન્સર, સ્તન કેન્સર, મોઢાના કેન્સર પૈકી વધી રહેલા કેન્સરોના કેસમાં મોઢાના કેન્સરનું પ્રમાણ ૨૦% ટકા જોવા મળે છે. તમાકુ, ગુટખા, માવા અને અન્ય નશીલા પદાર્થોના વ્યાપક ઉપયોગને કારણે મોઢાના કેન્સરના કેસોમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. આવી પરિસ્થિતિમાં મોઢાના કેન્સરની વહેલી ઓળખ અને સમયસર નિદાન-સારવાર અત્યંત જરૂરી બની છે.આ હેતુસર Indian Council of Medical Research (ICMR) ના સહયોગથી એક મહત્વપૂર્ણ સંશોધન પ્રોજેક્ટ ગુજરાતના ગાંધીનગર જિલ્લા ખાતે અમલમાં મૂકવામાં આવી રહ્યો છે. આ પ્રોજેક્ટ માટે રાજ્યકક્ષાની બેઠક તા. ૩૦-૧૨-૨૦૨૫ના રોજ જાહેર આરોગ્યના અધિક નિયામકશ્રી ડો. નિલમ પટેલ ની અધ્યક્ષતામાં યોજાઈ હતી. હાલમાં ગાંધીનગર જિલ્લામાં ગાંધીનગર તાલુકામાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે તેનો પ્રારંભ કરવામાં આવેલ છે ત્યારબાદ સમગ્ર જિલ્લામાં તેમનું અમલીકરણ કરવામાં આવશે. આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ મોઢાનું કેન્સર થાય તે પહેલાના સ્ટેજ (ઓ.પી.એમ.ડી.)ની વહેલી ઓળખ માટે નવી તકનીક (ઓટોફ્લોરેશન્સ અને ટોલ્યુડીન બ્લૂ) ની અસરકારકતા માપવી અને સારવાર માટે પદ્ધતિ વિકસાવવાનો છે. પ્રોજેક્ટનું અમલીકરણ નિરામય ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી રહ્યું છે, જેમાં રાજ્ય આરોગ્ય વિભાગ, જિલ્લા આરોગ્ય વિભાગ ગાંધીનગર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તેમજ અન્ય સહયોગી સંસ્થાઓ સક્રિય ભાગીદાર તરીકે જોડાયેલા છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# 1 દિવસની માસૂમ દીકરીને ઠંડીમાં તરછોડી જનેતા ગાયબ

## રામજી મંદિર પાસે તળાવ કિનારે રડતી બાળકીને ખેડૂત હાર્દિક પટેલે બચાવી, પોલીસે માતાની શોધખોળ હાથ ધરી

(એજન્સી) સુરત | તા. 08



સુરતના ડીંડોલી વિસ્તારમાં માનવતાને શરમાવે એવી એક ઘટના પ્રકાશમાં આવી છે. દેલાડવા ગામ પાસે આવેલા રામજી મંદિરના તળાવ કિનારે કોઈ પાષાણ હૃદયની જનેતા પોતાની માત્ર એક જ દિવસની માસૂમ દીકરીને તરછોડીને નાસી છૂટી હતી. કડકડતી ઠંડી અને અસુરક્ષિત માહોલમાં લોહીના સંબંધને રઝળતો મૂકી દેનારી આ ઘટનાએ સમગ્ર પંથકમાં અરેરાટી ફેલાવી દીધી છે. જે ઉંમરે બાળકીને પોતાની જનેતાની હુંફની જરૂર હતી, તે ઉંમરે તેને રામ ભરોસે છોડી દેવામાં આવતા લોકોમાં ભારે રોષ અને દુઃખ જોવા મળી રહ્યું છે.

આ માસૂમ બાળકી પર કુદરતની મહેરબાની રહી કે, દેલાડવા ગામના જાગૃત ખેડૂત હાર્દિક પટેલની નજર તેના પર પડી. રડતી બાળકીનો અવાજ સાંભળી હાર્દિક પટેલે તુરંત માનવતા દાખવી ડીંડોલી પોલીસને જાણ કરી હતી. પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને બાળકીનો કબજો લીધો હતો. હાલમાં આ નવજાત બાળકીને સ્મીમેર હોસ્પિટલ ખાતે નિરીક્ષણ હેઠળ રાખવામાં આવી છે. તબીબોના જણાવ્યા અનુસાર બાળકી સંપૂર્ણ સ્વસ્થ છે અને ટૂંક સમયમાં તેને હોસ્પિટલમાંથી રજા આપી અનાથ આશ્રમમાં આશ્રય આપવામાં આવશે.

ડીંડોલી પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર આર.જે. ચુડાસમાના માર્ગદર્શન હેઠળ પોલીસે આ નિષ્ઠુર જનેતાની શોધખોળ તેજ કરી છે. ઘટનાસ્થળે સીસીટીવી કેમેરા ન હોવા છતાં, પોલીસે ગામના એન્ટ્રી અને એક્ઝિટ પોઈન્ટના 25થી વધુ સીસીટીવી ફૂટેજ કબજે કર્યા છે. આ ઉપરાંત, છેલ્લા 48 કલાકમાં આસપાસની તમામ હોસ્પિટલોમાં થયેલી ડિલિવરીના રેકોર્ડ તપાસવામાં આવી રહ્યા છે, જેથી જાણી શકાય કે કયા નિર્દયી પરિવારે આ કાળજાના ટુકડાને રસ્તા પર રઝળતો મૂકી દીધો છે.

રાત્રિના અંધકારનો લાભ લઈ કોઈ અજાણ્યા શખ્સો આ બાળકીને તળાવની પાળ પર મૂકી ગયા હતા, પરંતુ પોલીસ હવે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી ગુનેગારો સુધી પહોંચવા મથામણ કરી રહી છે. એક તરફ જ્યાં દીકરીને વહાલનો દરિયો માનવામાં આવે છે, ત્યાં બીજી તરફ પોતાની જ બાળકીને તરછોડનારી જનેતાની આ હરકત સમાજ સામે મોટા સવાલો ઊભા કરે છે. ડીંડોલી પોલીસની ટીમો અત્યારે કડીઓ મેળવી રહી છે, જેથી તે માસૂમ બાળકીને ન્યાય મળી શકે.

## 'અંધાધૂંધ વહીવટ ચલાવવામાં આવે છે, અધિકારીઓની માનસિકતા ખરાબ, 8 વર્ષ બાદ ફરી બળાપો કાઢ્યો...'

# ભાજપના જ પાંચ MLAનો CMને પત્ર, પ્રજાના કામ થતાં નથી



(એજન્સી) વડોદરા | તા. 08

રાજ્યના વહીવટી તંત્રમાં વ્યાપ્ત અરાજકતા અને અધિકારીઓની ખરાબ માનસિકતા સામે વડોદરા જિલ્લાના પાંચ ધારાસભ્યોએ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર લખીને ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. ધારાસભ્ય કેતન ઈનામદાર, અક્ષય પટેલ, શૈલેષ મહેતા, ચૈતન્યસિંહ ઝાલા અને ધર્મેન્દ્રસિંહ વાઘેલા દ્વારા લખાયેલા આ પત્રમાં 'વંદે માતરમ્' સાથે શરૂ કરીને વહીવટી વ્યવસ્થાની ટીકા કરી છે. ઉલ્લેખીનય છે કે, આ પહેલાં 2017ની વિધાનસભા ચૂંટણી બાદ ત્રણ ધારાસભ્યોએ સર્કિટ હાઉસ પર બેઠક બોલાવી કામ થતાં ન હોવાનો બળાપો કાઢ્યો હતો.

પત્રમાં જણાવાયું છે કે, રાજ્યમાં વહીવટી તંત્રનું કામકાજ ખોરંભે ચડી ગયું છે અને પ્રજાના સામાન્ય કામો પણ કરાવવા મુશ્કેલ બની ગયા છે. અધિકારીઓ અને કર્મચારીઓની ખરાબ માનસિકતાને કારણે સરકારી કચેરીઓમાં એક સામાન્ય વ્યક્તિને પોતાનું કામ કરાવવું યુદ્ધ જેવું થઈ ગયું છે. કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, પોલીસ અધિક્ષક, પોલીસ કમિશનર જેવા ઉચ્ચ અધિકારીઓ પોતાની મનગમતી કચેરીઓ તૈયાર કરીને સરકારી સચિવો સાથે વીડિયો કોન્ફરન્સમાં જમીની હકીકતોને અવગણીને ગુલાબી ચિત્ર રજૂ કરે છે. આનાથી સરકારને વાસ્તવિક પરિસ્થિતિથી દૂર રાખવામાં આવે છે અને પ્રજા તથા જનપ્રતિનિધિઓને અવગણીને અંધાધૂંધ વહીવટ ચલાવવામાં આવી રહ્યો છે, જેનાથી સરકારની છબીને નુકસાન પહોંચી રહ્યું છે. ધારાસભ્યોએ વધુમાં આરોપ લગાવ્યો છે કે, તેઓ દ્વારા સૂચવાયેલા પ્રજાના કામોને અવગણવામાં આવે છે અને અધિકારીઓ તો પ્રજાને કહે છે કે 'તમે ધારાસભ્યની મદદ કેમ માંગી?' આવી ખરાબ માનસિકતા વહીવટી તંત્રને સુચારુ રીતે ચલાવવા માટે યોગ્ય નથી. અગાઉ પણ આ અંગે મૌખિક રજૂઆત કરવામાં આવી હતી, પરંતુ હવે ધારાસભ્યોએ મુખ્યમંત્રીને વિનંતી કરી છે કે, ખરાબ માનસિકતા ધરાવતા અધિકારીઓને સ્પષ્ટ સૂચના આપવામાં આવે. જનપ્રતિનિધિઓ દ્વારા સૂચવાયેલા પ્રજાના કામોને પ્રાધાન્ય આપવું જોઈએ અને પ્રજાલક્ષી નિર્ણયો લેવા જોઈએ. જરૂરી હોય તો આવા અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ પણ કરવામાં આવી છે.

વર્ષ 2017ની વિધાનસભાની ચૂંટણી બાદ ભાજપના તે સમયના ધારાસભ્યો યોગેશભાઈ પટેલ,જીતુ સુખડિયા,મધુ શ્રીવાસ્તવ અને કેતન ઈનામદાર વડોદરા સર્કિટ હાઉસ ખાતે ભેગા થયા હતા. આ મિટિંગમાં પક્ષ દ્વારા ધારાસભ્યોને કોઈ સાંભળતું ન હોવાની ફરિયાદો ઉપરાંત કોઈ કામો પણ થતા ન હોવા અંગે હોબાળો કરાયો હતો.

આ ધારાસભ્યોએ અધિકારીઓ કામ કરતા નથી તેવો બળાપો ઠાલવીને નારાજગી વ્યકત કરતાં નારાજ ધારાસભ્યોને બેઠક કરવા માટે ગાંધીનગરથી તેડું આવ્યું હતું. બીજી તરફ,ભાજપના સિનિયર નેતાઓએ આખો દિવસ ડેમેજ કંટ્રોલ કરવા માટે નારાજ ધારાસભ્યો સાથે સંપર્કમાં રહ્યા હતા અને પ્રદેશ પ્રવકતાને વડોદરા દોડાવ્યા હતા.

### ભાજપના MLAએ વિસ્તારમાં થયેલાં નબળાં કામની તપાસ માગી

ગુજરાત સરકાર દ્વારા ગ્રામ્યસ્તરે લોકોની સુખાકારી માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. પરંતુ, જૂનાગઢ તાલુકામાં આ ગ્રાન્ટનો ઉપયોગ લોકોની સુવિધા માટે નહીં પણ અધિકારીઓ અને કોન્ટ્રેક્ટરોના ખિસ્સા ભરવા માટે થતો હોય તેવું ચિત્ર ઊપસી રહ્યું છે. જૂનાગઢ-86 વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય સંજય કોરડિયાએ જ્યારે જિલ્લા કલેક્ટરને પત્ર લખીને ગંભીર તપાસની માંગ કરી, ત્યારે તંત્રમાં ફફડાટ મચી ગયો

## ન્યૂઝ ફ્લેશ

### પોરબંદરની મહારાષિ દયાનંદ કોલેજનું સીલ ખુલ્યું



પોરબંદર | પોરબંદરની મહારાષિ દયાનંદ સાયન્સ કોલેજનું સીલ નગરપાલિકા દ્વારા ખોલવામાં આવ્યું છે. વહીવટી કારણોસર છેલ્લા કેટલાક સમયથી બંધ રહેલી આ કોલેજમાં હવે રિપેરિંગ કામગીરી શરૂ કરાઈ છે.

કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. વી. ટી. થાનકીએ જણાવ્યું હતું કે, નગરપાલિકા દ્વારા ગત 9 ડિસેમ્બર, 2025ના રોજ કોલેજને સીલ કરવામાં આવી હતી. કોલેજ ટ્રસ્ટીઓની રજૂઆત અને જિલ્લા વહીવટી તંત્રના સહયોગ બાદ આજે સવારે 11:30 કલાકે સીલ ખોલવામાં આવ્યું છે.પ્રિન્સિપાલના જણાવ્યા મુજબ, કોલેજના બિલ્ડિંગમાં જરૂરી રિપેરિંગ કામ માટે હાલ ગ્રાઉન્ડ ફ્લોર ખુલ્લો મુકાયો છે. રિપેરિંગ માટેના કોન્ટ્રાક્ટ પહેલેથી જ અપાયા હોવાથી, ગ્રાઉન્ડ ફ્લોર પર સમારકામની કામગીરી શરૂ કરી દેવાઈ છે.

આ પ્રસંગે પ્રિન્સિપાલ ડો. થાનકીએ જિલ્લા વહીવટી તંત્ર, પોરબંદર નગરપાલિકા અને કોલેજના ટ્રસ્ટીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે ઉમેર્યું કે, આ પ્રયાસોને કારણે શૈક્ષણિક સંસ્થામાં ફરીથી ગતિવિધિઓ શરૂ થઈ શકશે.

### હોટલના રૂમમાં બર્થ ડે નિમિત્તે દારૂની મહેફિલ માણતાં આઠ વેપારી પકડાયા



વડોદરાના સયાજીગંજ વિસ્તારમાં આવેલી હોટલ પીએમ રિજન્સીના રૂમમાંથી બર્થ ડે નિમિત્તે દારૂની પાર્ટી માણતા આઠ વેપારીઓને પોલીસે ઝડપી પાડ્યા હતા. પોલીસે તેઓની પાસે દારૂની ત્રણ બોટલ અને ઠંડા પીણાની એક બોટલ સહિતની ચીજ વસ્તુઓ કબજે કરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ, પકડાયેલા વેપારીઓ મોબાઈલ શોપ તેમજ રીપેરીંગનું કામ કરે છે. શંકર જેઠવાણી નામના વેપારીની બર્થ ડે નિમિત્તે તેણે પાર્ટી રાખી હતી અને અજય સુખવાણીએ રૂમ બુક કરી હતી. અજયના કહ્યા મુજબ શંકરે દારૂની બોટલ આપી હતી. પોલીસ પહોંચી ત્યારે ટેબલ ખુરશી અને બેડ ઉપર મહેફિલ માણતા હતા

પોલીસના જણાવ્યા મુજબ, સયાજી કંજની પીએમ રિજન્સી હોટલમાં દારૂની પાર્ટીની માહિતી મળતા લિફ્ટ મારફતે પોલીસ ઉપર પહોંચી હતી. રૂમનો દરવાજો ખોલાવતા ટેબલ ખુરશી તેમજ બેડ ઉપર દારૂના ગ્લાસ, દારૂની બોટલ, ઠંડા પીણાની બોટલ, વેફર અને અન્ય ચાખણા પડ્યા હતા. જેથી તમામની અટક કરવામાં આવી હતી.

# VMCના ડમ્પરે સાઈકલ સવાર, એરપોર્ટ સર્કલે આઈસરે રાહદારીને ફતેગંજમાં ટ્રકે એક્ટિવા ચાલકને કચડ્યા

## વડોદરામાં પાંચ કલાકમાં ત્રણ અકસ્માતમાં ત્રણ વૃદ્ધના મોત

વડોદરા | વડોદરા શહેરમાં 8 જાન્યુઆરીના રોજ સવારથી અત્યાર સુધીમાં અલગ અલગ વિસ્તારમાં ત્રણ અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં ત્રણ વ્યક્તિઓના મોત નિપજ્યા છે. પહેલા બનાવમાં શહેરના વડસરબ્રિજ પાસે વડોદરા મહાનગરપાલિકાના ડમ્પરે સાઈકલ સવાર વૃદ્ધને કચડી નાખ્યા હતા. આ અકસ્માતની ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. અકસ્માત સર્જ્યા બાદ ડમ્પર ચાલક ભાગી છૂટ્યો હતો.

બીજા બનાવમાં એરપોર્ટ સર્કલ પાસે આઈસર ચાલકે ઝાડ સાથે અથડાવ્યા બાદ રાહદારીને ઉડાવ્યા બાદ બે બાઈક અને એક કારને ટક્કર મારી હતી. જેમાં 69 વર્ષીય વૃદ્ધનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. અન્ય ત્રીજા બનાવમાં છાણી ફતેગંજ વિસ્તારમાં ટ્રક ચાલકે અડફેટે લેતા એક્ટિવા પર સવાર રાજુ પરમાર (ઉ.વ.60) નામના વૃદ્ધનું ઘટનાસ્થળે જ મોત થયું હતું.

મળતી માહિતી મુજબ, વૃદ્ધ વ્યક્તિ સાઈકલ લઈને વડસરબ્રિજ પાસેના રોડ પરથી પસાર થઈ રહી હતી. એ દરમિયાન વડોદરા મહાનગરપાલિકાનું ડમ્પર ડીઝલ પુરાવીને પેટ્રોલ પંપની બહાર આવી રહ્યું હતું અને તેણે વૃદ્ધને અડફેટે લીધા હતા. એના પગલે વૃદ્ધ ગંભીર રીતે ઘાયલ થતાં ઘટનાસ્થળે જ મોતને ભેટ્યા હતા. પ્રત્યક્ષદર્શીએ વધુમાં જણાવ્યું હતું કે અકસ્માત સર્જી આગળ ઊભા ડમ્પરચાલક પાસે એક લેડીઝ ત્યાં આવ્યાં અને તેમણે પૂછ્યું કે 'આ શું કર્યું?' એટલે ડ્રાઈવર ત્યાંથી ગાડી મૂકીને ભાગી ગયો હતો, મેં મારી નજરે આ આખી ઘટના જોઈ છે. અકસ્માત સર્જાતાં જ ડમ્પરચાલક વાહન છોડીને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો.

આ ઘટનાના પગલે વડસરબ્રિજ પાસે લોકોનાં ટોળાં એકઠાં થઈ ગયાં હતાં અને ટ્રાફિકજામનાં દૃશ્યો જોવા મળ્યાં હતાં. અકસ્માત સર્જનાર ડમ્પરચાલક સામે લોકોમાં રોષની લાગણી વ્યાપી હતી અને અકસ્માતના કારણે વાહનવ્યવહાર અસ્તવ્યસ્ત બન્યો હતો.




### અકસ્માત સર્જી ફરાર ડમ્પરચાલકની શોધખોળ હાથ કરાઈ

ઘટનાની જાણ થતાં જ માંજલપુર પોલીસ સ્ટેશનના અધિકારીઓ અને સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને તાત્કાલિક તપાસ શરૂ કરી હતી. અકસ્માત સર્જી ફરાર ડમ્પરચાલક શોધખોળ શરૂ કરાઈ છે. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. શહેરના એરપોર્ટ સર્કલ પાસે આઈસર અને બે બાઈક વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં 69 વર્ષીય વૃદ્ધનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. જ્યારે એક વ્યક્તિને ગંભીર ઈજાઓને લઈ ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ ઘટનામાં આઈસર ચાલકે પહેલા એક ઝાડને ટક્કર મારી હતી અને બાદમાં નીકળી પર જતા રાહદારીને ઉડાવ્યા અને બાદમાં બે બાઈક અને એક કારને ટક્કર મારી હતી.

પુરપાટ ઝડપે આવી રહેલા આઈસર ચાલકે અમિતનગર સર્કલથી એરપોર્ટ સર્કલ તરફ જતા પહેલા ઝાડને ટક્કર મારી હતી. બાદમાં આ આઈસર 60થી 70 ફૂટ આગળ સુધી એક રાહદારી, બે બાઈક અને એક કારને અડફેટે લીધી હતી. જેમાં રાહદારી મૃતક હસમુખ સોમાભાઈ વણકર (ઉંમર વર્ષ 69)નું ઘટનાસ્થળે જ મોત નિપજ્યુ હતું. જ્યારે અન્ય એક બાઈક ચાલક દિલીપભાઈને ગંભીર ઈજાઓ પહોંચતા ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.

## ઉમરાળામાં ગૌ વંશ પર ફરશીથી હુમલો : આરોપી જગમાલ બોળીયાની ધરપકડ




(એજન્સી) ઉમરાળા | તા. 08

ઉમરાળા પોલીસે ગૌ વંશ પર ફરશી વડે હુમલો કરવા બદલ એક આરોપીની ધરપકડ કરી છે. આરોપીનું નામ જગમાલ ઉર્ફે લાલા ભલા બોળીયા છે. તેણે ગાયોને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.આ ઘટના ઉમરાળા ગામમાં બની હતી. આરોપીએ તીક્ષ્ણ હથિયાર ફરશી વડે ગાયો પર હુમલો કર્યો હતો, જેના કારણે તેમને ગંભીર ઈજાઓ થઈ હતી.

ઉમરાળા ગામમાં રઝળતા ગૌ વંશ પર હથિયારો વડે હુમલાના બનાવો અગાઉ પણ બન્યા છે. આવા બનાવોમાં અનેક અબોલ જીવોએ જીવ ગુમાવ્યા છે. આ વર્તમાન ઘટનાને પગલે ગામના લોકોમાં વ્યાપક નારાજગી જોવા મળી રહી છે.ગ્રામજનો આવા કૃત્ય કરનાર આરોપી સામે કડક કાર્યવાહીની માંગ કરી રહ્યા છે. તેમનો ઉદ્દેશ્ય ભવિષ્યમાં આવા બનાવો અટકાવવાનો છે.


# સોમનાથમાં 108 તાલીમબદ્ધ અશ્વ પર ગુજરાત પોલીસનું રિહર્સલ

## આજથી 72 કલાકના અખંડ ઓમકાર જાપનો પ્રારંભ, 10મી જાન્યુઆરીએ PM મોદીની આગેવાનીમાં 'શૌર્ય યાત્રા'

(એજન્સી) ગીર સોમનાથ | તા. 08

ભારતના પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથમાં 3 દિવસીય સ્વાભિમાન પર્વની તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. પર્વની પૂર્વસંધ્યાએ સમગ્ર સોમનાથ ધામ દિવ્ય રોશનીથી ઝળહળી ઊઠ્યું હતું. ત્યારે સવારે 108 અશ્વ પર સવાર ગુજરાત પોલીસની ટીમે રિહર્સલ કર્યું હતું. ત્યારબાદ આજથી 72 કલાકના અખંડ ઓમકાર જાપનો પ્રારંભ થયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં શૌર્ય યાત્રા અને શૌર્ય સભા સહિતના વિવિધ કાર્યક્રમો યોજાશે, જેને પગલે સમગ્ર પંથકમાં ઉત્સવનો માહોલ જોવા મળી રહ્યો છે.

સોમનાથ ખાતે આયોજિત ઐતિહાસિક 'સ્વાભિમાન પર્વ' અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાનીમાં ભવ્ય રોડ-શો યોજાશે, જેને 'શૌર્ય યાત્રા' નામ આપવામાં આવ્યું છે. આ યાત્રામાં ગુજરાત પોલીસના 108 તાલીમબદ્ધ અશ્વ વિશેષ આકર્ષણ જમાવશે. વડાપ્રધાન 10 જાન્યુઆરીએ સોમનાથ પહોંચશે અને રાત્રિરોકાણ પણ ત્યાં જ કરશે. ત્યારે



તૈયારીઓના ભાગરૂપે સોમનાથમાં દિવ્ય રોશનીથી ઝળહળી ઊઠ્યું છે. રંગરોગાન સાથે શણગારાઈ રહ્યું છે.

આ પણ વાંચો, સોમનાથમાં 72 કલાકના અખંડ ઓમકાર જાપ શરૂ અતિસુંદર અને વિશાળ એવા સૌરાષ્ટ્રમાં, જેઓ પોતાના મસ્તક પર ચંદ્રકળાનું આભૂષણ ધારણ કરે છે અને જેઓ ભક્તોને ભક્તિ પ્રદાન કરવા માટે જ્યોતિ સ્વરૂપે કૃપા કરીને અવતર્યા છે, તેવા શ્રી સોમનાથ મહાદેવના શરણમાં હું જાઉં છું. વડાપ્રધાન મોદી સોમનાથના શંખ સર્કલથી મંદિર પટાંગણ સુધીની આ શૌર્ય યાત્રામાં જોડાશે. આ દરમિયાન તેમની સુરક્ષા અને શોભામાં વધારો કરવા માટે અશ્વસવારો કેસરી સાફા અને નિર્ધારિત ડ્રેસ કોડ સાથે શિસ્તબદ્ધ રીતે જોડાશે. યાત્રાના રૂટ પર વિવિધ સાંસ્કૃતિક કલાકૃતિઓ અને લોકસંસ્કૃતિનાં દૃશ્યો રજૂ કરવામાં આવશે.

1,000 અશ્વના પ્રદર્શનનું આયોજન હતું, પરંતુ હવે 108 અશ્વ સાથે અશ્વ નિદર્શન યોજવાનો નિર્ણય લેવાયો છે. આ અશ્વોને ખાસ સાજશણગાર સાથે મંદિર પટાંગણથી સદભાવના ગ્રાઉન્ડ સુધી લઈ જવામાં આવશે. કાર્યક્રમ પૂર્વે આજે યોજાયેલા રિહર્સલે સ્થાનિકો અને યાત્રિકોમાં ભારે કુતૂહલ અને રોમાંચ જગાવ્યો હતો. આ ભવ્ય આયોજન માટે તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. અશ્વ નિદર્શન કાર્યક્રમની સંપૂર્ણ જવાબદારી નોડલ અધિકારી તરીકે ડીઆઈજી (DIG) આર.વી. ચૂડાસમાને સોંપવામાં આવી છે. તેમની મદદ માટે પોલીસ અધિકારીઓની એક વિશેષ ટીમ તહેનાત કરવામાં આવી છે.

### એકનું ઘટનાસ્થળ પર જ મોત, ત્રણ ઘાયલ; પરિવારજનોનું હૈયાફાટ રુદન


# એરપોર્ટ સર્કલ પાસે આઈસર, કાર અને બે બાઈક વચ્ચે અકસ્માત

(એજન્સી) વડોદરા | | તા 08

વડોદરા શહેરના એરપોર્ટ સર્કલ પાસે આઈસર અને બે બાઈક વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં એક વૃદ્ધનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું છે. જ્યારે એક વ્યક્તિને ગંભીર ઈજાઓને લઈ ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ ઘટનામાં એક રાહદારીનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું . આ ઘટનામાં આઈસર ચાલકે પહેલા એક ઝાડને ટક્કર મારી હતી અને બાદમાં નીકળી પર જતા રાહદારીને ઉડાવાયા અને બાદમાં બે બાઈક અને એક કાર ને ટક્કર મારી હતી.

આ અકસ્માત અમિતનગર સર્કલથી પુરપાટ ઝડપે આવી રહેલ આઈસર ચાલકે અમિતનગર સર્કલથી એરપોર્ટ સર્કલ તરફ જતા પહેલા ઝાડને ટક્કર મારી હતી. બાદમાં આ આઈસર 60 થી 70 ફૂટ આગળ સુધી એક રાહદારી, બે બાઈક અને એક કારને અડફેટે લીધી હતી.

જેમાં રાહદારી મૃતક હસમુખભાઈ સોમાભાઈ વણકર (ઉંમર વર્ષ 69) નું ઘટના સ્થળે જ મોત નિપજ્યુ હતું જ્યારે અન્ય એક બાઈક ચાલક દિલીપભાઈને ગંભીર ઈજાઓ પહોંચતા ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે.



આ ઘટના સ્થળે દિવ્ય ભાસ્કર પોહચ્યું હતું જ્યાં ઝાડના છોતરા નીકળી ગયા હતા એટલી ભયાનક આઈસર ચાલકે ટક્કર મારી હતી. આ ઘટનામાં આઈસર ચાલક આગળ વધતા રાહદારીને ટક્કર મારતા ગંભીર ઈજાઓ ને લઈ ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. મૃતકનું એક પગરખું પણ ઘટના સ્થળે જોવા મળ્યું હતું. આ આખી ઘટનામાં કાર અને બે બાઈકને નુકસાન પોહચ્યું છે. આ ઘટનામાં મૃતકને સયાજી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યા છે. આ મામલે હરણી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ ઘટના અંગે જી બી બાંભણીયાએ જણાવ્યું હતું કે, આજે સવારે 10 વાગ્યે એક આઈસર ફોર-વ્હીલ હતું. આ આઈસર L&T બાજુથી એરપોર્ટ બાજુ આવતું હતું. કોઈપણ કારણોસર ડ્રાઈવરે તેનો કાબુ ગુમાવી બેસતા રાહદારી હસમુખભાઈ સોમાભાઈ 69 વર્ષના દાદા હતા તેને અડફેટે લીધા હતા. એક પેશનના ચાલક હતા પ્રશાંતભાઈ તેને પણ અને બીજા એક દિલીપભાઈ હતા. ત્રણ જણાને અડફેટે લીધા હતા. જેમાં એક વ્યક્તિનું મોત નીપજ્યું છે.

# વિજલપોર વિસ્તારમાં વિઠ્ઠલ મંદિર પાસે શાકભાજી માર્કેટથી ટ્રાફિક જામ

(એજન્સી) નવસારી | તા. 08

નવસારી શહેરના વિજલપોર વિસ્તારમાં આવેલા વિઠ્ઠલ મંદિર પાસેની શાકભાજી માર્કેટ ટ્રાફિક સમસ્યાનું મુખ્ય કારણ બની છે. રસ્તા પર ભરાતી આ બજારને કારણે સાંજના સમયે ભારે ટ્રાફિક જામ થાય છે. આ ગંભીરતાને ધ્યાને લઈ નવસારી મહાનગરપાલિકાના કમિશનર દેવ ચૌધરીએ સ્થળ મુલાકાત લીધી હતી અને બંધ પડેલા માર્કેટ શેડને ફરી શરૂ કરવાના આદેશ આપ્યા હતા.

આ ટ્રાફિક જામના કારણે રામનગર, સૂર્યનગર અને આંબેડકર જેવા રહેણાંક વિસ્તારોમાં ઈમરજન્સી સેવાઓ જેવી કે એમ્બ્યુલન્સ કે ફાયર બ્રિગેડને અવરોધ ઊભો થાય છે. રસ્તા પર બજાર ભરાવાથી વાહનવ્યવહાર ખોરવાય છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ તત્કાલીન વિજલપોર નગરપાલિકા દ્વારા વિઠ્ઠલ મંદિરની પાછળ પતરાના શેડવાળી એક માર્કેટ બનાવવામાં આવી હતી. જોકે, હાલ તે માર્કેટ બંધ હાલતમાં છે અને તેનો કોઈ ઉપયોગ થઈ રહ્યો નથી.

આ બંધ પડેલી માર્કેટમાં સ્થાનિકોએ હરાજી દ્વારા ઓટલા ખરીદ્યા હતા. પરંતુ, યોગ્ય વ્યવસ્થાના અભાવે વેપારીઓ રસ્તા પર બેસવા મજબૂર બન્યા છે. જેના કારણે લોકો દ્વારા રોકવામાં આવેલી મૂડી પણ નિરર્થક સાબિત થઈ છે. પરિસ્થિતિની ગંભીરતાને પારખીને, નવસારી મ્યુનિસિપલ કમિશનર દેવ ચૌધરીએ અધિકારીઓ સાથે માર્કેટ વિસ્તારનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે જણાવ્યું કે, જો પાછળ આવેલી માર્કેટને ફરીથી કાર્યરત કરવામાં આવે, તો રસ્તા પરનું દબાણ ઘટશે અને ટ્રાફિકની સમસ્યાનો કાયમી ઉકેલ આવશે. કમિશનરે સ્થળ પર જ અધિકારીઓને આદેશ આપ્યો હતો કે બંધ પડેલા પતરાના શેડનું સમારકામ કરી તેને વહેલી તકે વેપારીઓ માટે ખુલ્લું મૂકવામાં આવે. આ પગલાંથી વિજલપોરના મુખ્ય માર્ગો ટ્રાફિક મુક્ત બની શકશે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારા ઉચ્ચ આત્મવિશ્વાસને આજે સારા ઉપયોગમાં લેવાનો પ્રયાસ કરો. દોડધામભર્યો દિવસ હોવા છતાં તમે તમારી શક્તિ પાછી મેળવી શકશો. તમે સારૂં એવું ધન કમાશો- પણ ખર્ચમાં વધારાને કારણે બચત કરવામાં તમને મુશ્કેલી પડશે.

**વૃષભ : બ. વ. ઉ.**

તમારી ધીરજ ખોતા નહીં ખાસ કરીને મુશ્કેલીના સમયમાં. સટ્ટાકીય પ્રવૃત્તિઓ નફો લાવશે. તમારા નવા પ્રૉજેક્ટ્સ તથા યોજનાઓ વિશે તમારા ભાગીદારને વિશ્વાસમાં લેવા માટે પણ આ સમયગાળો સારો છે.

**મિથુન : ક. છ. ઘ.**

વાહન ચલાવતી વખતે ચેતતા રહેજો ખાસ કરીને વળાંક પર. અન્ય કોઈકની બેદરકારી તમારી માટે સમસ્યા ઊભી કરે શકે છે. આજે તમારી સામે રજૂ કરવામાં આવતી રોકાણ યોજનાઓ તરફ તમારે બેવાર જોઈ લેવું.

**કર્ક : ડ. હ.**

સાંજે થોડીક હળવાશ માણો. નાણાકીય જીવન માં આજે ખુશ હાલી રહેશે આની સાથે તમે દેવા થી પણ આજે મુક્ત થયી શકો છો તમે તમારી સમસ્યાઓ ભૂલી જશો તથા પરિવારના સભ્યો સાથે સારો સમય વિતાવશો.

**સિંહ : મ. ટ.**

સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે.

**કન્યા : પ. ઠ. ણ.**

જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. આજે તમારા ઓફિસે માં તમારો કોઈ સહકર્મી તમારી વસ્તુ ચોરી કરી શકે છે તેથી આજે તમારે પોતાના સમાન નું ધ્યાન રાખવું જરૂરી છે.

**તુલા : ર. ત.**

માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. મોટી વયના સંબંધીઓ ગેરવ્યાજબી માગણીઓ કરે એવી શક્યતા છે.

**વૃશ્ચિક : ન. ય.**

સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

હાથ ધરાયેલું સ્વચ્છતા અભિયાન માનસિક શાંતિ તથા રાહત બક્ષશે. ઘર ના જરૂરી સમાન પર ધન ખર્ચ કરી તમને આર્થિક પરેશાની તો આજે જરૂર થશે પરંતુ આના થી તમે ભવિષ્ય ની ઘણી પરેશાનીઓ થી બચી જશો.

**મકર : ખ. જ.**

તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. નવા સંપર્કો કદાચ લાભદાયી લાગશે પણ અપેક્ષા મુજબના લાભ નહીં લાવે- નાણાં રોકવાની વાત આવે ત્યારે ઉતાવળા નિર્ણયો ન લેવામાં જ સાર છે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારા અધીરો તથા જિદ્દી સ્વભાવ પર અંકુશ રાખવાનો પ્રયાસ કરો ખાસ કરીને પાર્ટીમાં કેમ કે ત્યાં આ સ્વભાવ મૂડ બગાડી શકે છે. જો તમે કોઈ ની જોડે પાછું માંગી રહ્યા હતા અને તે દર સમયે તમારી વાત ને ટાળતો હતો.

**મીન : દ. ચ. ઝ. થ.**

તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટૅન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટૅન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે.

## ધર્મ સાર


## નર્મદા ટ્રાફિક શાખા અને આર.ટી.ઓ દ્વારા સુરવા ટોલનાકા ખાતે ટ્રાફિક જન જાગૃતિ કાર્યક્રમ યોજાયો



ભરત શાહ, નર્મદા : તા. ૮ વિશાખા ડબરાલ પોલીસ અધિક્ષક, નર્મદા નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ-૨૦૨૬ અનુસંધાને ટ્રાફિક જન જાગૃતિના પ્રોગ્રામો જુદી-જુદી જગ્યાએ કરવાની સુચના આપતા નર્મદા જીલ્લામાં તા.૦૮/૦૧/૨૦૨૬ ના રોજ તિલકવાડા તાલુકાના સુરવા ટોલનાકા ખાતે NHAI- 56 પર મફત આંખ તપાસણી કેમ્પ રાખવામાં આવેલ, જ્યાં ડો.તેજસ જોશી(આંખ રોગના નિષ્ણાંત) તેમજ આર.ટી.ઓ નર્મદાના અધિકારીઓ તથા જીલ્લા ટ્રાફિક શાખા, નર્મદાના PSI એસ.એસ.મિશ્રા તેમજ જીલ્લા ટ્રાફિક શાખાના જવાનો હાજર રહેલા જેમાં જીલ્લા ટ્રાફિક શાખા, નર્મદા અને આર.ટી.ઓ રાજપીપલા દ્વારા NHAI હાઈવે ઉપર ચાલતા કુલ-૨૦૦ થી વધુ હેવી વાહનો, લાઈટ વાહનો તેમજ મો.સા વિગેરે વાહન ચાલકોની આંખ રોગના નિષ્ણાંત ડો. તેજસ જોશી દ્વારા મફત આંખની ચકાસણી કરી ચશ્માંનું વિતરણ તેમજ આંખના ટીપાનું વિતરણ કરવામાં આવ્યું. વાહન ચાલકોને ટ્રાફિકના નિયમોનું પાલન કરવા સમજ આપવામાં આવી તથા રાહ વીર (ગુડ સમરીટન) એવોર્ડ અંગેની સમજ કરી ટ્રાફિકને લગત પેમ્પ્લેટ્સની વહેચણી કરવામાં આવી.આમ નર્મદા જીલ્લા ટ્રાફિક પોલીસ જાહેર જનતા પાસે ટ્રાફિકના નિયમોનું સુચારૂ સ્વરૂપે પાલન કરાવવા તેમજ પોતાની અમુલ્ય જીંદગી બચાવવા માટે હંમેશા પ્રયત્નશીલ છે.

### શિબિરમાં કુલ ૧૪૫ જેટલા ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો

# દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી દ્વારા કચ્છ જિલ્લાના કુંભારડી અને ભુજપર ખાતે ખેડૂત તાલીમનું આયોજન



| પાલનપુરા (માહિતી બ્યુરો, )

વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી, સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી હસ્તકની "નોલેજ ડિસેમિનેશન થ્રુ ડિસ્ટન્સ લર્નિંગ" યોજના અંતર્ગત ભચાઉ તાલુકાના કુંભારડી અને ભુજપર ગામે એક દિવસીય ખેડૂત તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ બન્ને ખેડૂત શિબિરમાં કુલ ૧૪૫ જેટલા ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ તાલીમની શરૂઆતમાં મદદનીશ પ્રાધ્યાપક તથા યોજના ઈન્ચાર્જ શ્રી એસ.એમ. પટેલ દ્વારા સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીની કામગીરી તેમજ યોજનાની વિસ્તૃત માહિતી આપી. ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.ત્યારબાદ સંશોધન વૈજ્ઞાનિક ડો. એલ.જે. દેસાઈ દ્વારા સંકલિત ખેતી પદ્ધતિ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. સહ સંશોધન વૈજ્ઞાનિક ડો. આર.એમ. જાડેજા દ્વારા પેસ્ટિસાઇડ અવશેષ મુક્ત કૃષિ ઉત્પાદન વિષય પર ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા હતા. તેમજ મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક ડો. રવીકુમાર વાણીયા દ્વારા દાડમના પાકમાં સંકલિત રોગ અને જીવાત વ્યવસ્થાપન અંગે સવિસ્તાર સમજ આપવામાં આવી હતી.આ શિબિરના અંતમાં મદદનીશ પ્રાધ્યાપક તથા યોજના ઈન્ચાર્જ શ્રી એસ.એમ. પટેલ દ્વારા ઉપસ્થિત તમામ ખેડૂત ભાઈઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## સભાસદના ખાતામાંથી રૂ.200 લેખે ઉધારી ને 191 સભાસદો ના રૂ. 38200 મૃત્યુ સહાય પેટેનો ચેક એનાયત કરવામાં આવ્યો



(એજન્સી) ચાણસ્મા | તા.08

ચાણસ્મા તાલુકાના નિવૃત પ્રાથમિક શિક્ષકોની નાણાં ધિરનારી સહકારી મંડળીના સભાસદ સ્વ.દિલીપકુમાર કૃષ્ણા લાલ વ્યાસ ને મંડળીના દરેક સભાસદ ના ખાતામાંથી રૂ.200 લેખે ઉધારી ને 191 સભાસદો ના રૂ. 38200 મૃત્યુ સહાય પેટેનો ચેક અંકે રૂપિયા આડત્રીસ હજાર બસો પુરાનો તેમના વારસદાર ગં. સ્વ.જ્યોસ્તનાબેન દિલીપકુમાર વ્યાસ અને તેમના સુપુત્ર વરુણકુમાર દિલીપકુમાર વ્યાસ ને મંડળીના પ્રમુખ નાગજીભાઈ દરબાર, ઉપ પ્રમુખ ગુણવંતભાઈ દવે ,મંત્રી ચુનીલાલ યોગી, પેન્શનર મંડળના પ્રમુખ ચંદુભાઈ પટેલ,લાલસિંહભાઈ પરમાર ની રૂબરૂ માં આ મૈયત સભાસદના વારસદારને ચેક એનાયત કરવામાં આવેલ છે.

### 5 શખ્સો સામે ગુનો નોંધાયો

## તળાજા તાલુકાના બેલા ગામે વીજ ચેકિંગ કરવા ગયેલી ટીમ પર હુમલો

ભાવનગર : તળાજા તાલુકાના બેલા ગામે વીજ ચેકિંગની કામગીરી કરવા ગયેલી પીજીવીસીએલની ટીમ પર બે મહિલા સહિત પાંચ શખ્સોએ લોખંડની કોસ અને કુહાડીથી હુમલો કરી ઈજા પહોંચાડી ધમકી આપી હતી. બનાવ અંગે પોલીસ મથકમાં કુલ પાંચ શખ્સો સામે જૂનિયર એન્જીનિયરે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.અમરેલી જીયુવીએનએલ વિજીલન્સ સ્ક્વોર્ડમાં જૂનિયર એન્જીનિયર તરીકે ફરજ બજાવતા વિવેકભાઈ સુખદેવભાઈ વૈરાગીએ અલંગ પોલીસ મથકમાં ગોરધન આલજીભાઈ પડાયા, પ્રવિણાબેન, રિનાબેન, ચેતન અરવિંદભાઈ પડાયા અને મહેન્દ્ર ગોરધનભાઈ પડાયા (તમામ રહે.બેલા, તા. તળાજા) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેમાં ગતરોજ સવારે આઠેક વાગ્યાના અરસામાં તેઓ તથા તેમના હેલ્પર સંજયભાઈ બેલા ગામે ગોરધનભાઈ આલજીભાઈ પડાયાના મકાનમાં લંગર વાયર જોડી વીજચોરી કરવામાં આવતી હોવાનું જણાતા તેમના મકાનમાં જતા ઉક્ત પ્રવિણાબેન અને રીનાબેને તેમની સાથે ઝપાઝપી કરી અપશબ્દો કહ્યાં હતા.

## ખંભાતમાંથી જુગાર રમતા 6 શખ્સો રંગેહાથ ઝડપાયા

આણંદ : ખંભાત શહેર પોલીસે ખંભાતની પરવતશા દરગાહની પાછળ આવેલી ખુલ્લી જગ્યામાં છાપો મારીને પત્તાપાનાનો જુગાર રમી રહેલ છ શખ્સોને ઝડપી પાડયા હતા. પોલીસે ઝડપાયેલ શખ્સો પાસેથી રૂપિયા ૫,૨૯૦નો મુદ્દામાલ કબજે લીધો હતો.ખંભાતની પરવતસા દરગાહની પાછળ આવેલી ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો પત્તાપાનાનો જુગાર રમી રહ્યાં હોવાની બાતમી ખંભાત શહેર પોલીસને મળી હતી. જેથી પોલીસની ટીમે બાતમીવાળા સ્થળે છાપો મારતા જુગાર રમી રહેલ છ શખ્સો રંગેહાથ ઝડપાઈ ગયા હતા.

### મહિલા મંડળ

## શ્રી લખપત તાલુકા મારૂ કંસારા સોની સમાજ મહિલા મંડળના હોદ્દેદારો વરાયા



| મહેશ એલ. સોની | નખત્રાણા

લખપત તાલુકા મારૂ કંસારા સોની સમાજ મહિલા મંડળના હોદેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.જેમાં પ્રમુખ તરીકે શ્રીમતિ હેમલતાબેન પ્રફુલ્લભાઈ બારમેડા ( દયાપર) મંત્રી શ્રીમતિ અલ્પાબેન વિજયભાઈ કટ્ટા (ઘડુલી)ઉપપ્રમુખ શ્રીમતિ મિતલબેન મુકેશભાઈ પોમલ (દયાપર)તેમજ ખજાનચી શ્રીમતિ કલ્પનાબેન મહેન્દ્રભાઈ કોટડીયા (વર્માનગર) ની સર્વાનુમતે વરણી કરવામાં આવતા ઠેર ઠેરથી તેમને અભિનંદન સાંપડી રહ્યા છે.

### મુસાફર 18.7 ટકા અને માલભાડાની આવકમાં 12.9 ટકાનો વધારો

## ભાવનગર રેલવે મંડળને 12 માસમાં 1375.94 કરોડ રૂપિયાની આવક

ભાવનગર : ભાવનગર રેલવે મંડળ માટે ૨૦૨૫નું વર્ષ આવક અને અન્ય બાબતોએ લાભદાયી રહ્યું છે. મુસાફર આવકમાં ૧૮.૭ ટકા અને માલભાડાની આવકમાં ૧૨.૯ ટકાના વધારા સાથે મંડળને ૧૩૯૫.૯૪ કરોડ રૂપિયાની આવક થવા પામી છે.

ભાવનગર મંડળમાં જાન્યુઆરીથી ડિસેમ્બર સુધીમાં ૧૭ લેવલ ક્રોસિંગનો ઉચ્છેદ આરઓબી/આરયુબી નિર્માણ, ડાયવર્ઝન, સીધા બંધ દ્વારા સુધાર કરાયો છે. પાંચ રેલવે અંડરબ્રિજ, એક રેલવે ઓવરબ્રિજનું નિર્માણ પૂર્ણ કરાયું છે. સિહોર જંક્શનમાં નવો ફૂટ ઓવરબ્રિજ, વિવિધ સ્ટેશન પર ૧૨ નવા ફૂટ ઓવરબ્રિજ પ્રસ્તાવિત/ નિર્માણાધીન છે. અતિક્રમણ અટકાવવા ૯.૨૪૫ કિ.મી. બાઉન્ડ્રી વોલનું નિર્માણ કરાયું છે. પાણી ભરાવાની સમસ્યા નિવારવા દામનગર-લીલિયા મોટા સેક્શનમાં વોટર-વે બ્રિજનું નિર્માણ પૂર્ણ કરાયું છે.

છેલ્લા ૧૨ માસમાં રૂા.૧૩૭૫.૯૪ કરોડ અને સર્વાધિક માસિક આવક ૨૯.૫૦ કરોડની યાત્રી આવક થઈ હતી. ડિસેમ્બરમાં ખાતરના ૯૪ રેક લોડ કરી ૪૬.૮૩ કરોડ અને એપ્રિલ માસમાં લેપીજીના ૭૭ રેક લોડ કરી રૂા.૨૧.૯૨ કરોડની કમાણી કરવામાં આવી હતી. વર્ષ દરમિયાન મુસાફર આવકમાં ૧૮.૭ ટકા (રૂા.૨૩૧.૦૬ કરોડ) અને માલભાડાની આવકમાં ૧૨.૯ ટકા (રૂા.૭૮૭.૪૯ કરોડ)નો વધારો થયો છે. ભાવનગર મંડળને બે નવી ટ્રેન પણ મળી છે. જેમાં ભાવનગર-અયોધ્યા સાપ્તાહિક અને વેરાવળ-સાબરમતી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વર્ષ ૨૦૨૫માં ભાવનગર મંડળે અન્ય યાત્રી સુવિધા, સુરક્ષા, આધુનિકીકરણમાં વૃદ્ધિ અને ઐતિહાસિક સિદ્ધિઓ મેળવી હોવાની માહિતી ભાવનગર ડીઆરએમ, વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધકે આપી હતી.

ભાવનગર રેલવેની સંપત્તિની ચોરી કરવાના દાખલ થયેલા ૧૭ કેસમાં ૪૩ શખ્સ અને એસીપીના ૨૧૪ કેસમાં ૧૯૭ શખ્સની ધરપકડ તેમજ રૂા.૪૧,૨૦૦નો દંડ વસૂલાયો હતો. ઓપરેશન અનામત અંતર્ગત ૨૦૪ ખોવાયેલી વસ્તુઓ મુસાફરોને પરત કરાઈ હતી. ઓપરેશન નન્હે ફરિશ્તે હેઠળ ૩૫ બાળકોનું રેસ્ક્યુ કરી પરિવારને સોંપાયા હતા. ઓપરેશન જીવન રક્ષા હેઠળ ગોંડલ સ્ટેશન પર સીપીઆર આપી મુસાફરનો જીવ બચાવ્યો. રેલવે અધિનિયમ હેઠળ ૮૮૩૯ કેસમાં રૂા.૧૦.૩૫ લાખનો દંડ વસૂલવામાં આવ્યો હતો.

### ત્રણ ચાર વાર પીલ્લર બેસવાની ઘટના બાદ એક વર્ષ થી બંધ કરાયેલા આ પુલ ની કોઈજ કામગીરી થતી નથી

# કરોડોના ખર્ચ પાણી મા : રાજપીપળા થી રામગઢને જોડતો પુલ એક વર્ષ થી બંધ

| ભરત શાહ નર્મદા : તા. 8



રાજપીપળા કરજણ ઓવારા પાસે નદી ઉપર બનેલા રાજપીપળા થી રામગઢને જોડતા પુલ માં વારંવાર ખામી આવતા રિપેરિંગ માટે વારંવાર બંધ કરવામાં આવ્યો હતો પરંતુ હાલમાં વધુ ખામી આવતા તંત્ર દ્વારા આ પુલ સંપૂર્ણ બંધ કરી દેતા આસપાસ ના ગામોના લોકો ને લાંબો ફેરો ફરવો પડશે. આ પુલ બન્યો ત્યારથી વિવાદ માં રહ્યો કેમ કે વારંવાર તેનો પીલ્લર બેસી જતા ઘણી વાર રિપેરિંગ માટે પુલ ભારે વાહનો માટે બંધ કરાયો હતો પરંતુ હવે તો પુલ એકદમ જોખમી થઈ પડતા નવેસર કામગીરી કરવા પુલ સંપૂણ બંધ કરાયો છે.હવે નવેસર થતી કામગીરી યોગ્ય રીતે કરાઈ અને કોઈ વેઠ ના ઉતારાય તેવી લોકમાંગ છે. હાલમાં રામગઢ પુલ પર બંને છેડે પતરા મારી પુલ પરથી અવર જવર બંધ કરી દેવામાં આવી છે જેથી રામગઢ તરફથી રાજપીપળા આવતા કે જતા લોકો ને હવે લાંબો ફેરો ફરી ને આવવું જવું પડશે. જોકે એક વર્ષ થી કામગીરી માટે બંધ કરાયેલા આ કરોડો ના પુલ પર કોઈજ કામગીરી ચાલતી નથી પરંતુ તમામ વાહનો માટે પુલ સંપૂર્ણ બંધ કરતાં લોકો માં ભારે રોષ જોવા મળ્યો છે, લોકો નું કહેવું છે કે રામગઢ તરફ ના નજીક ના ગામો માંથી રાજપીપળા અભ્યાસ માટે આવતા વિધાર્થીઓ સાઈકલ, બાઈક કે અન્ય નાના વાહનો મારફતે આવતા હતા પરંતુ હાલ બધા વાહનો બંધ હોય આખો ફેરો ફરી આવવું પડે છે માટે તંત્ર આ માટે નાના વાહનો માટે પુલ ચાલુ કરી પુલ ની કામગીરી ઝડપી ચાલુ કરે તેવી માંગ છે.

## અમદાવાદ ખાતે 'ઘરશાળા'ની શૈક્ષણિક વિચાર ગોષ્ઠિ

ઘરશાળા શૈક્ષણિક સામયિક જે સતત છેલ્લા 85 વર્ષથી શિક્ષણ જગતની ચિંતા કરે છે.તેના લેખક મિત્રોની વિચાર ગોષ્ઠિ તા 4/1/26 ના રોજ બાલભારતી વિદ્યાલય અસારવા અમદાવાદ ખાતે "શૈક્ષણિક માસિકના પ્રશ્નો અને તેના પૃથક્કરણ" વિષય પર યોજાઈ ગઈ.આદરણીય શ્રી રતિલાલ બોરીસાગર, શ્રી મનસુખભાઈ સલ્લા અને નિતાંત સત્ય સાથે જોડાયેલાં ડો. મફતભાઈ પટેલ જેવા વડિલોની હાજરી હતી .શ્રી ગોવિંદભાઈ દરજી, રમેશભાઈ ઓઝા, વિનોદભાઈ પટેલ જેવા લેખકો પણ ઉપસ્થિત હતાં. તંત્રી શ્રી જ્યોતીન્દ્ર ભાઈ દવેએ જણાવ્યું હતું કે આ જ્યોત હરભાઈ ત્રિવેદી જેવાં પ્રબુધ્ધ કેળવણીકારોએ 85 વર્ષથી પ્રજ્વલિત છે એટલે તેને આફતો મુશ્કેલી વચ્ચે પણ શતક સુધી પહોંચાડવી છે.શ્રી તખુભાઈ સાંડસુર અને રમેશ ઓઝાએ પોતાના સુચનો અને ભાવ વ્યક્ત કર્યો હતો.

## સોમનાથ મહાદેવ મંદિર પરિસરમાં શંખનાદ સાથે 72 કલાકના અખંડ ઓમકાર જાપનો ભવ્ય પ્રારંભ

| નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.8.



વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના અધ્યક્ષ સ્થાને સોમનાથ સ્વાભિમાન પર્વ ઉજવાઈ રહ્યું છે. જે અંતર્ગત આજે તા.૮ જાન્યુઆરી સવારે સોમનાથ મહાદેવ સમક્ષ ભવ્ય અને દિવ્ય 72 કલાકના અખંડ ઓમકાર જાપ મંત્રોચ્ચારનો પ્રારંભ થયો હતો. કેન્દ્રીય મંત્રીશ્રી ગજેન્દ્રસિંહ શેખાવતજીની ઉપસ્થિતિમાં ગગન ગજાવતા શંખનાદ અને શિવજીને પ્રિય તાલવાદ્ય એવા ડમરૂના નાદ સહિત અખંડ ઓમકારના ગૂંજારવ સાથે 'સોમનાથ સ્વાભિમાન પર્વ'નો પ્રારંભ થયો હતો.કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, શિક્ષણ મંત્રીશ્રી ડો.પ્રદ્યુમનભાઈ વાજા અને જૂનાગઢ ના સાંસદશ્રી રાજેશભાઈ ચુડાસમાએ શંખનાદમાં સહભાગી બની 'સોમનાથ સ્વાભિમાન પર્વ'નો પ્રારંભ કરાવ્યો હતો. સ્વયંના અંતરનો નાદ એટલે ઓમકાર સ્વમાં તલ્લીન કરી પરમચેતનાને ઉજાગર કરતો નાદ એટલે ઓમકારનાદ,'સોમનાથ સ્વાભિમાન પર્વ' અંતર્ગત ગુજરાતભરમાંથી સોમનાથ પધારેલા આશરે ૨૫૦૦ જેટલા ઋષિ કુમારો દ્વારા ૭૨ કલાક સુધી અખંડ ઓમકારનો નાદ ગુંજશે. જેના પ્રથમ સત્રનો ભવ્ય પ્રારંભ થયો હતો .આ સાથે સૌરાષ્ટ્ર કચ્છ ગુજરાત સહિત દેશના શિવાલયોમાં સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત ઓમકાર જાપનું પઠન કરવામાં આવ્યું હતું.પવિત્ર અગ્નિની સાક્ષીએ શંખનાદ, ડમરુના નાદ અને ઋષિ કુમારો દ્વારા સતત ઉચ્ચારાયેલા પવિત્ર ઓમકારના નાદથી સમગ્ર વાતાવરણ આધ્યાત્મભર્યું બન્યું હતું.

### યુથ પાર્લામેન્ટ યુવાનોને દેશની લોકશાહી વ્યવસ્થાની સમજ આપવા...

# રાજપીપલાની બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી ખાતે યુથ પાર્લામેન્ટ યોજાઈ

| ભરત શાહ| નર્મદા : તા.9



વિશ્વના અનેક દેશોએ ભારતની લોકશાહી વ્યવસ્થામાંથી પ્રેરણા લીધી છે. ભૂતકાળની ઘટનાઓમાંથી બોધપાઠ લઈ ભવિષ્યના ભારતના નિર્માણમાં યુવાનોની ભૂમિકા મહત્વની રહેલી છે. યુથ પાર્લામેન્ટ જેવા મંચ દ્વારા યુવાનોને લોકશાહી પ્રક્રિયામાં સક્રિય રીતે જોડવાની દિશામાં આ કાર્યક્રમ મહત્વપૂર્ણ સાબિત થાય છે.

નાંદોદના ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખે જણાવ્યું હતું કે, ભારતીય બંધારણના શિલ્પકાર ડૉ. બાબાસાહેબ આંબેડકરે સર્વ નાગરિકોને કેન્દ્રમાં રાખીને બંધારણનું નિર્માણ કર્યું હતું. સંસદ આપણા દેશનું સર્વોચ્ચ મંચ છે, જ્યાંથી રાષ્ટ્રહિતના મહત્વના નિર્ણયો લેવાય છે. સ્વદેશી ભાવના, આત્મનિર્ભર ભારત અને વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા યુવાનોએ આગેવાની લેવી પડશે. યુથ પાર્લામેન્ટ થકી યુવાનો રાષ્ટ્ર વિકાસ માટે પોતાના વિચારો વ્યક્ત કરે છે, જેના કારણે તેમનો આત્મવિશ્વાસ વધે છે અને રાષ્ટ્રહિતની ભાવના વિકસે છે.

યુથ પાર્લામેન્ટમાં વિદ્યાર્થીઓ-યુવાનોએ 50 વર્ષ પૂર્વેના ભારત, તે સમયગાળાની રાજકીય અને લોકશાહી પરિસ્થિતિ, કટોકટીના સમયની અસરો તેમજ આગામી 50 વર્ષમાં ભારતની લોકશાહી અને વિકાસ કેવી રીતે આગળ વધશે તે અંગે ચર્ચા સાથે પોતાના મંતવ્યો પ્રસ્તુત કર્યા હતા.વડાપ્રધાનશ્રીના વિકસિત ભારત, આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાકાર કરવા યુવાનોની ભૂમિકા વિષયક વિચારોએ કાર્યક્રમને વિશેષ પ્રેરણાદાયી બનાવ્યો હતો.આ યુથ પાર્લામેન્ટ યુવાનોને દેશની લોકશાહી વ્યવસ્થાની સમજ આપવા તથા ભવિષ્યના ભારતના વિકાસમાં સક્રિય ભાગીદાર બનાવવા દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ તરીકે નોંધપાત્ર બની રહેશે.આ કાર્યક્રમમાં જનજાતિ કલ્યાણ આશ્રમના ડૉ. પ્રેમપ્યારી તડવી, નર્મદા જિલ્લા વકીલ મંડળના પ્રમુખ અને સરકારી વકીલ વંદનાબેન ભટ્ટ, એમ.આર.કોલેજ રાજપીપલાના અધ્યાપકશ્રીએ નિર્ણાયક તરીકેની ભૂમિકા અદા કરી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ લોકશાહીની જાણવણી અંગેના શપથ લીધા હતા. આ વેળાંએ સ્થાનિક અગ્રણી અજીતભાઈ પરીખ, બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીની વિજ્ઞાન પ્રવાહ વિભાગના આચાર્ય, યુનિવર્સિટીની રાષ્ટ્રીય સેવા યોજનાના કો-ઓર્ડિનેટર, વિવિધ કોલેજના આચાર્યો, માય યુવા ભારતના પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર ચંદ્રકાન્ત બક્ષી અને કોલેજના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## સર ટી.હોસ્પિટલમાં છેલ્લા 5 વર્ષમાં દર્દીઓની સંખ્યામાં 56 ટકાનો વધારો

ભાવનગર : ભાવનગરની સર ટી.હોસ્પિટલમાં સારવાર લેનારા દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે. છેલ્લા પાંચ વર્ષના આંકડાઓ પ્રમાણે હોસ્પિટલની ઓપીડીમાં ૫૬ ટકાનો વધારો થયો છે. ઉપરાંત છેલ્લા પાંચ વર્ષમાં હોસ્પિટલની આઈપીડી, મેજર ઓપરેશન અને માઈનોર ઓપરેશનમાં પણ નોંધપાત્ર વધારો થયો છે. જ્યારે વર્ષ ૨૦૨૫માં પાંચ લાખથી વધારેની ઓપીડી, ૯૦ હજારથી વધારે આઈપીડી થઈ છે. તેમજ હોસ્પિટલમાં એક વર્ષમાં ૯૭૬૯ મેજર ઓપરેશન અને ૩૨૮૩૯ માઈનોર ઓપરેશન થયાં છે.ભાવનગરની સર ટી.હોસ્પિટલમાં સરવાર લેનારા દર્દીઓની સંખ્યામાં વધારો નોંધાયો છે. છેલ્લા પાંચ વર્ષના આંકડાઓ પ્રમાણે વર્ષ-૨૦૨૧ની સરખામણીએ હોસ્પિટલીમાં સારવાર મેળવવા આવતા દર્દીઓ (ઓપીડી)ની સંખ્યામાં ૫૬.૫૧ ટકાનો વધારો થયો છે. જ્યારે હોસ્પિટલમાં એડમિટ થઈને સારવાર લેતા દર્દીઓ (આઈપીડી)ની સંખ્યામાં ૪૧.૧૫ ટકાનો વધારો થયો છે. તેમજ મેજર ઓપરેશનમાં ૪૧.૨૯ ટકા અને માઈનોર ઓપરેશનની સંખ્યા ૭૬.૯૯ ટકા વધી છે. છેલ્લા પાંચ વર્ષમાં સૌથી વધારે ગત વર્ષ-૨૦૨૫માં હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યા વધી છે. ગત વર્ષે હોસ્પિટલમાં ઓપીડી ૫૭૦૫૩૮, આઈપીડી ૫૦૩૨૬ રહી હતી. તેમજ ગત વર્ષે ૯૭૬૯ મેજર ઓપરેશન અને ૩૨૮૩૬ માઈનોર ઓપરેશન થયાં હતા. વર્ષ ૨૦૨૫માં સૌથી વધારે ઓપીડી જુલાઈમાં ૫૬૬૫૯ દર્દી અને સૌથી ઓછી ઓક્ટોબરમાં ૨૬૪૪૩ દર્દીઓની ઓપીડી થઈ હતી. તેમજ હોસ્પિટલમાં ઓગસ્ટ-૨૦૨૫માં સૌથી વધારે ૪૫૦૯ દર્દીઓ એડમિટ થયાં હતા અને સૌથી ઓછા ફેબુરઆરી-૨૦૨૫માં ૩૮૫૨ દર્દીઓ એડમિટ થયાં હતા.

# સેન્સેક્સ 780 પોઈન્ટ ઘટીને 84,181 પર બંધ : નિફ્ટી 25,877 પર બંધ થયો



નવી દિલ્હી | 8 જાન્યુઆરીએ શેરબજારમાં ઘટાડો થયો હતો. સેન્સેક્સ 780 પોઈન્ટ ઘટીને 84,181 પર બંધ થયો હતો. નિફ્ટી પણ 264 પોઈન્ટ ઘટીને 25,877 પર બંધ થયો હતો.સવારે બજારની શરૂઆત નેગેટિવ રહી હતી. શરૂઆતના કેટલાક કલાકોમાં બજારે રિકવર થવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ અંતિમ કલાકોમાં મેટલ, ઓઈલ એન્ડ ગેસ અને બેંકિંગ શેરોમાં વેચવાલી વધુ તેજ બની હતી.કોલ ઈન્ડિયાની પેટાકંપની ભારત કોકિંગ કોલ લિમિટેડ (BCCL)નો IPO આવતીકાલે એટલે કે 9 જાન્યુઆરીથી ખુલશે. આ ઈશ્યુ 13 જાન્યુઆરી સુધી ખુલ્લો રહેશે. કંપની આ દ્વારા 1,071.11 કરોડ રૂપિયા એકત્ર કરવા માંગે છે. એશિયન બજારોમાં કોરિયાનો કોસ્પી 0.75% ઉપર 4,585 પર અને જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ 0.58% નીચે 51,660 પર કારોબાર કરી રહ્યો છે.હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 1.12% નીચે 26,161 પર અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.04% વધીને 4,087 પર કારોબાર કરી રહ્યો છે.7 જાન્યુઆરીએ અમેરિકાનો ડાઉ જોન્સ 0.94% ઘટીને 48,996 પર બંધ થયો. જ્યારે, નાસ્ડેક કમ્પોઝિટમાં 0.16% નો વધારો અને S&P 500માં 0.34% નો ઘટાડો રહ્યો.7 જાન્યુઆરીએ FIIs એ 1,669 કરોડના શેર વેચ્યા હતા. જ્યારે DIIs એ 2,992 કરોડના શેર ખરીદ્યા હતા.ડિસેમ્બર 2025માં FIIsએ કુલ 34,350 કરોડના શેર વેચ્યા. આ દરમિયાન બજારને સંભાળી રહેલા DIIs એ 79,620 કરોડના શેર ખરીદ્યા.

## ભારતીય શેરબજાર વેલ્યુએશન વૈશ્વિક સ્તરે સૌથી મોંઘા સાબિત

# નિફ્ટી 50 રિટર્ન અંદાજ આગામી વર્ષે રોકાણકારો માટે નિરાશાજનક

નવી દિલ્હી:ભારતીય શેરબજારમાં છેલ્લા કેટલાક સમયથી જોવા મળી રહેલી તેજીના ઘોડાપૂર પર હવે બ્રેક લાગે તેવા સંકેતો મળી રહ્યા છે. વર્ષ ૨૦૨૬ ના અંત સુધીમાં નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ માત્ર ૭.૬ ટકા જેટલું સાધારણ વળતર આપે તેવી શક્યતા છે. વૈશ્વિક બ્રોકરેજ ફર્મ બર્નસ્ટાઈનના તાજેતરના અહેવાલ મુજબ, ભારત અત્યારે વિશ્વના સૌથી મોંઘા ઈક્વિટી માર્કેટમાંનું એક છે. ઊંચા વેલ્યુએશનને કારણે બજારમાં હવે મોટો ઉછાળો આવવાની શક્યતા મર્યાદિત દેખાઈ રહી છે, જેને પગલે રોકાણકારોએ હવે સાવધ રહેવાની જરૂર છે.

બર્નસ્ટાઈનના રિપોર્ટમાં જણાવ્યા અનુસાર, કંપનીઓની કમાણીમાં સતત વૃદ્ધિ ધારી લેવામાં આવે તો પણ શેરબજારનું વર્તમાન વેલ્યુએશન એટલું ઊંચું છે કે તે વધુ વળતર આપવાની ક્ષમતા ધરાવતું નથી. વર્ષ ૨૦૨૬ ના અંત સુધીમાં નિફ્ટી ૨૮,૧૦૦ ના સ્તર સુધી પહોંચી શકે છે, જે હાલના સ્તરથી માત્ર ૭.૬ ટકાનો વધારો સૂચવે છે. આ વળતર વર્ષ ૨૦૨૫ માં જોવા મળેલા ૧૧ ટકાના વળતર કરતા ઘણું ઓછું છે. મીડિયા અહેવાલ મુજબ, બ્રોકરેજ ફર્મે હવે ભારત માટેના પોતાના વલણને 'ન્યુટ્રલ' કેટેગરીમાં મૂક્યું છે.બજારના વિશ્લેષકોએ વર્ષ ૨૦૨૮ સુધીમાં કંપનીઓની



કમાણીમાં ૧૩.૫ ટકાનો ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિ દર (CAGR) ધાર્યો છે. જો બે વર્ષ પછીની ફોરવર્ડ કમાણી પર ૧૯ ગણો મલ્ટિપલ લાગુ કરવામાં આવે, તો નિફ્ટીનું લક્ષ્ય ૨૮,૧૦૦ આવે છે. વર્ષ ૨૦૨૫ ના અંતે નિફ્ટી ૨૬,૧૫૦ ના સ્તરે હતો ત્યારે તે તેની અંદાજિત કમાણી કરતા ૨૦.૪ ગણા ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, આગામી વર્ષોમાં જો કમાણીમાં ધાર્યા મુજબનો વધારો નહીં થાય, તો બજારમાં ઘટાડાનું જોખમ પણ એટલું જ રહેલું છે.ભારત અત્યારે વિશ્વના ૧૫ મુખ્ય અર્થતંત્રોમાં સૌથી મોંઘા ભાવે ટ્રેડ થતું બજાર છે. વૈશ્વિક સ્તરે સરેરાશ પી/ઈ (P/E) રેશિયો ૧૫.૧ ની આસપાસ છે, જ્યારે ભારત ૨૦ થી વધુના રેશિયો પર છે. ઈતિહાસ સાક્ષી છે કે જ્યારે પણ બજાર અતિશય મોંઘા વેલ્યુએશન પર પહોંચે છે, ત્યારે રોકાણકારો સસ્તા બજારો તરફ વળે છે. આ જ કારણ છે કે હવે ભારતીય બજારમાં વિદેશી રોકાણકારોનો ઉત્સાહ ઓછો થઈ શકે છે. રિપોર્ટમાં ચેતવણી પણ આપવામાં આવી છે કે જો કંપનીઓની કમાણીની વૃદ્ધિ ઘટીને ૮ ટકા પર આવી જશે અને વેલ્યુએશન મલ્ટિપલ ૧૮.૫ પર સરકી જશે, તો નિફ્ટી ૨૪,૮૦૦ સુધી નીચે પણ જઈ શકે છે. આ સ્થિતિમાં વર્તમાન સ્તરથી ૫ ટકાનો ઘટાડો જોવા મળી શકે છે. આમ, અત્યારે બજારમાં જોખમ અને વળતરનું સંતુલન જોતા રોકાણકારોએ ખૂબ જ પસંદગીના શેરોમાં જ રોકાણ કરવું હિતાવહ રહેશે તેવું બજારના નિષ્ણાતો માની રહ્યા છે.

# કેન્દ્રીય બજેટ 2026 અપેક્ષા વિકાસ અને કર નિશ્ચિતતા પર ભાર

નવી દિલ્હી: વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતાના માહોલ વચ્ચે આગામી કેન્દ્રીય બજેટ 2026 ભારતની વિકાસયાત્રા માટે અત્યંત નિર્ણાયક સાબિત થવા જઈ રહ્યું છે. પ્રતિષ્ઠિત કન્સલ્ટન્સી ફર્મ ઈવાય ઈન્ડિયા (EY India) એ બજેટ પૂર્વે રજૂ કરેલી પોતાની નોંધમાં જણાવ્યું છે કે, સરકારે આ વખતે વિકાસલક્ષી નીતિઓ, કરવેરામાં પારદર્શિતા અને ચોક્કસ ક્ષેત્રોમાં લક્ષિત રોકાણ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. ભારતની લાંબા ગાળાની સ્પર્ધાત્મકતા જાળવી રાખવા માટે નાણાકીય શિસ્ત અને રોકાણકારોના આત્મવિશ્વાસમાં વધારો કરવો અનિવાર્ય છે.

ઈવાય ઈન્ડિયાના નેશનલ ટેક્સ લીડર સમીર ગુપ્તાએ જણાવ્યું હતું કે, ખાનગી રોકાણને પ્રોત્સાહન આપવા માટે હાલની પીએલઆઈ (પ્રોડક્શન-લિંક્ડ ઈન્સેન્ટિવ) યોજનાનો વિસ્તાર કરવો જરૂરી છે. આ યોજનામાં હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI), અવકાશ વિજ્ઞાન (Space Technology) અને રોબોટિક્સ જેવા અત્યાધુનિક ક્ષેત્રોનો સમાવેશ કરવો જોઈએ. જો સરકાર આ ઉભરતા ઉદ્યોગોને પ્રોત્સાહન આપશે, તો ભારત આગામી પેઢીના વૈશ્વિક ઉત્પાદન કેન્દ્ર તરીકે ઉભરી શકશે. આ ક્ષેત્રોમાં જાહેર રોકાણ વધારવાથી ખાનગી રોકાણકારો માટે પણ આકર્ષક વાતાવરણ ઉભું થશે.

પરોક્ષ કરવેરાના મોરચે, ઈવાય ઈન્ડિયાએ કસ્ટમ્સ કાયદા હેઠળ લાંબા સમયથી લંબિત વિવાદોના ઉકેલ માટે વન-ટાઈમ ડિસ્પ્યુટ રિઝોલ્યુશન સ્કીમ લાવવા સૂચન કર્યું છે. આ ઉપરાંત, વેપારમાં સરળતા રહે તે માટે કસ્ટમ એડવાન્સ રૂલિંગની માન્યતા ત્રણ વર્ષથી વધારીને પાંચ વર્ષ કરવાની ભલામણ કરવામાં આવી છે. આ પગલાથી કાયદાકીય ગૂંચવણો ઘટશે અને આંતરરાષ્ટ્રીય વેપારમાં ભારતની સ્થિતિ વધુ મજબૂત બનશે. ટેરિફ સ્ટ્રક્ચરને વૈશ્વિક ધોરણો સાથે સુસંગત બનાવવાની પણ માગ કરવામાં આવી છે. સીધા કરવેરાના ક્ષેત્રમાં, સૌથી મોટી અપેક્ષા 'નવા આવકવેરા કાયદા 2025' ના અમલીકરણ અંગે છે. જૂના 1961 ના કાયદામાંથી નવા માળખામાં પરિવર્તન કરતી વખતે કોઈ મૂંઝવણ ન થાય તે માટે સરકારે સ્પષ્ટ માર્ગદર્શિકા અને વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs) જાહેર કરવા જોઈએ. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, ઉદ્યોગ જગત સ્થિર અને અનુમાનિત કર વ્યવસ્થા ઈચ્છે છે, જેમાં ટેક્સના દરોમાં વારંવાર ફેરફાર ન થાય. ટીડીએસ (TDS) માળખાને પણ સરળ બનાવવાની જરૂર છે જેથી વ્યવસાયો માટે રોકડ પ્રવાહની સમસ્યા ન સર્જાય.

## મોર્ગન સ્ટેન્લી માર્કેટ રિપોર્ટમાં તેજીના સંકેતોથી હલચલ

# ભારતીય શેરબજાર તેજી અંદાજ મોર્ગન સ્ટેન્લીએ વ્યક્ત કર્યો વિશ્વાસ

નવી દિલ્હી: વૈશ્વિક આર્થિક પડકારો અને અનિશ્ચિતતા વચ્ચે ભારતીય શેરબજાર માટે વર્ષ ૨૦૨૬ અત્યંત આશાસ્પદ રહેવાના સંકેતો મળી રહ્યા છે. વિશ્વની અગ્રણી બ્રોકરેજ ફર્મ મોર્ગન સ્ટેન્લીના તાજેતરના અહેવાલ મુજબ, ભારતીય ઈક્વિટી બજાર આગામી મહિનાઓમાં નવી ઊંચાઈઓ સર કરવા માટે તૈયાર છે. આ તેજી પાછળ મજબૂત આર્થિક વૃદ્ધિ, કંપનીઓની સુધરતી કમાણી અને સરકારની પ્રોત્સાહક આર્થિક નીતિઓ મુખ્ય પરિબળો તરીકે ઉભરી આવ્યા છે. મોર્ગન સ્ટેન્લીના 'ઈન્ડિયા ઈક્વિટી સ્ટ્રેટેજી પ્લેબુક'માં સ્પષ્ટપણે જણાવાયું છે કે ભારતીય બજાર આગામી સમયમાં આશ્ચર્યજનક ઉછાળો નોંધાવી શકે છે.અહેવાલ મુજબ, આગામી મહિનાઓમાં ભારતીય કંપનીઓની કમાણીમાં તીવ્ર સુધારો જોવા મળશે. અત્યાર સુધી માત્ર લાર્જ-કેપ શેરો પૂરતી મર્યાદિત રહેલી નફાકારકતા હવે વ્યાપક સ્તરે ફેલાશે. બેલેન્સ શીટમાં સુધારો, ઈનપુટ ખર્ચમાં ઘટાડો અને ઓપરેટિંગ લીવરેજને કારણે કોર્પોરેટ નફામાં મોટો ઉછાળો આવવાની અપેક્ષા છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, ખાનગી ક્ષેત્રમાં રોકાણનું પુનરાગમન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાછળ સરકારનો સતત વધતો ખર્ચ વિવિધ ક્ષેત્રોમાં કમાણીની ગતિને વેગ આપશે.

જ્યારે વિશ્વના મોટાભાગના બજારો મંદ વૃદ્ધિ અને કડક નાણાકીય સ્થિતિનો સામનો કરી રહ્યા છે, ત્યારે ભારતની મેક્રો સ્થિરતા અલગ તરી આવે છે. મજબૂત સ્થાનિક માંગ અને માળખાકીય સુધારાએ ભારતીય અર્થતંત્રને બાહ્ય આંચકાઓ સામે સુરક્ષિત રાખ્યું છે. મીડિયા અહેવાલ અનુસાર, ભારતનું ઈક્વિટી માર્કેટ હવે વૈશ્વિક જોખમોને બદલે આંતરિક મૂળભૂત પરિબળોથી વધુ સંચાલિત થઈ રહ્યું છે. ભલે ભારતીય બજારના વેલ્યુએશન હવે સસ્તા રહ્યા નથી, પરંતુ દેશની વૃદ્ધિની સંભાવનાઓને જોતા તે હજુ પણ વ્યાજબી જણાતા હોવાનું મોર્ગન સ્ટેન્લીનું માનવું છે.

બજારને સ્થિરતા પૂરી પાડવામાં સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (DIIs) ની ભૂમિકા પણ મહત્વની રહેશે. ખાસ કરીને મ્યુચ્યુઅલ ફંડમાં એસઆઈપી (SIP) અને નિવૃત્તિ બચત દ્વારા ઘરગથ્થુ રોકાણકારોની વધતી જતી ભાગીદારીએ બજારની વોલેટિલિટી ઘટાડવામાં મદદ કરી છે.

## News Brief

### અવિવા લાઈફ ઈન્સ્યુરન્સ રજૂ કરે છે, સ્માર્ટ વાઈટલ્સ

મુંબઈ | અવિવા ઈન્ડિયા, એક અગ્રણી પ્રાઈવેટ લાઈફ ઈન્સ્યુરન્સ કંપની, રજૂ કરે છે, અવિવા સ્માર્ટ વાઈટલ્સ પ્લાન. આ ઈન્ડિવિજ્યુઅલ નોન- લિંક્ડ, નોન-પાર્ટિસિપેટિંગ પ્યોર રિસ્ક હેલ્થ ઈન્શ્યોરન્સ બેનિફિટ પ્લાન છે. તેમાં ક્રિટિકલ બિમારીઓની સ્થિતિમાં પ્રોટેક્શન મળે છે. તેમાં બેઝ સમ એશ્યોર્ડ રૂ.10 લાખથી શરૂ થાય છે. વેલનેસ- લિંક્ડ સ્ટેપ-બેઝ્ડ રિવોર્ડ્સના માધ્યમથી પોલિસીધારક કવરેજને એશ્યોર્ડથી બે ગણા વધારે સુધી વધારી શકાય છે. સરેરાશ ડેલી સ્ટેપના આધારે ગ્રાહક દરેક ક્વાર્ટરમાં 2.5 ટકા, 5 ટકા કે 7.5 ટકા સુધીની વેલનેસ એડિશન મેળવી શકે છે.સ્માર્ટ વાઈટલ પ્લાનમાં 49 ટકા ક્રિટિકલ બિમારીઓમાં તથા પ્રોસીઝરમાં કોઈપણ એક પહેલી ડાયગ્નોસિસ પર લમ્પ-સમ બેનિફિટ આપવામાં આવે છે.

### ગ્રો મ્યુચ્યુઅલ ફંડે ગ્રો સ્મોલ કેપ ફંડ રજૂ કર્યું

નવી દિલ્હી | ગ્રો મ્યુચ્યુઅલ ફંડે ગ્રો સ્મોલ કેપ ફંડ લોન્ચ કરવાની જાહેરાત કરી છે જે મુખ્યત્વે સ્મોલ કેપ શેર્સમાં રોકાણ કરતી ઓપન-એન્ડેડ ઈક્વિટી સ્કીમ છે. ન્યૂ ફંડ ઓફર (એનએફઓ) 08 જાન્યુઆરીથી 22 જાન્યુઆરી, 2026 સુધી ખુલ્લો રહેશે. આ સ્કીમ ગ્રો મ્યુચ્યુઅલ ફંડના QGaRP ફ્રેમવર્ક - Quality and Growth at a Reasonable Price દ્વારા સંચાલિત શિસ્તબદ્ધ બોટમ-અપ રોકાણ અભિગમ દ્વારા ઉચ્ચ-ગુણવત્તાવાળી, સ્કેલેબલ સ્મોલ કેપ કંપનીઓમાં રોકાણ કરીને લાંબા ગાળાની મૂડી વૃદ્ધિ મેળવવાનો પ્રયાસ કરે છે.ભારતનું અર્થતંત્ર વ્યાપક પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યું છે, જેમાં ફિઝિકલ, ફાઈનાન્શિયલ અને ટેક્નોલોજીકલ ક્ષમતા મજબૂત થઈ રહી છે.

## ગ્રાહક સુરક્ષા નવા નિયમોથી છેતરાતા અટકી શકશે

# ચાંદી હોલમાર્કિંગ ફરજિયાત કરવાની દિશામાં સરકારનો મોટો નિર્ણય

મુંબઈ: દેશના આભૂષણ બજારમાં સોના બાદ હવે ચાંદીની શુદ્ધતા બાબતે સરકાર અત્યંત કડક વલણ અપનાવવા જઈ રહી છે. ચાંદીના ભાવમાં જે રીતે સતત ઉછાળો આવી રહ્યો છે, તેને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર હવે ચાંદીની જ્વેલરી અને કલાકૃતિઓ પર હોલમાર્કિંગને ફરજિયાત બનાવવાની ગંભીર વિચારણા કરી રહી છે. અત્યાર સુધી સોનાના દાગીના માટે હોલમાર્કિંગ અનિવાર્ય હતું, જ્યારે ચાંદી માટે તે મરજિયાત રાખવામાં આવ્યું હતું. જોકે, વધતા ભાવ વચ્ચે ગ્રાહકો સાથે થતી છેતરપિંડી અટકાવવા માટે 'બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ' (બીઆઈએસ) દ્વારા હવે નવા માળખાકીય ફેરફારોની તૈયારી શરૂ કરી દેવામાં આવી છે.

તાજેતરના વર્ષોમાં ચાંદી માત્ર રોકાણ માટે જ નહીં પરંતુ જ્વેલરી અને ભેટ-સોગાદો માટે પણ પ્રથમ પસંદગી બની છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, ચાંદીના આસમાને પહોંચેલા ભાવને કારણે વપરાશકારોમાં શુદ્ધતા અંગેની ચિંતા વધી છે. જ્વેલરી ઉદ્યોગના સંગઠનોએ પણ સરકાર સમક્ષ રજૂઆત કરી છે કે બજારમાં વિશ્વાસ



જાળવી રાખવા માટે ચાંદીમાં પણ હોલમાર્કિંગ અનિવાર્ય હોવું જોઈએ. આ વ્યવસ્થા અમલી બનવાથી દરેક ચાંદીની વસ્તુ પર 'હોલમાર્ક યુનિક આઈડેન્ટિફિકેશન' (HUID) નંબર અંકિત કરવામાં આવશે, જેનાથી ગ્રાહક ગમે ત્યારે મોબાઈલ એપ દ્વારા તેની ગુણવત્તા તપાસી શકશે. કોઈપણ કાયદો લાદતા પહેલા સરકાર તેની વ્યવહારિકતા તપાસી રહી છે. બીઆઈએસના અધિકારીઓના જણાવ્યા મુજબ, ચાંદીની શુદ્ધતા ચકાસવા માટે દેશમાં પર્યાપ્ત લેબોરેટરી અને ટેસ્ટિંગ સેન્ટરોની ક્ષમતા વધારવી પડશે. સોનાના હોલમાર્કિંગ દરમિયાન જે અનુભવો થયા અને જે મુશ્કેલીઓ પડી હતી, તેનો હાલમાં ઝીણવટભર્યો અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. આ અભ્યાસ બાદ તમામ ક્ષતિઓ દૂર કરીને જ ચાંદી માટેના નિયમો જાહેર કરવામાં આવશે. માળખાકીય સુવિધાઓ સજ્જ થયા બાદ જ આ નિયમનો કડક અમલ શરૂ કરાશે તેવું મીડિયા અહેવાલ દ્વારા જાણવા મળ્યું છે.ભારત વિશ્વમાં ચાંદીના સૌથી મોટા ગ્રાહકોમાં સ્થાન ધરાવે છે. આંકડાકીય વિગતો મુજબ, ભારતમાં સોનાની વાર્ષિક માગ 750 થી 800 ટન છે, તેની સામે ચાંદીની માગ અનેકગણી વધારે એટલે કે 6000 થી 7000 ટનની વચ્ચે રહે છે. આ વિશાળ માગને પૂરી કરવા માટે દેશે મોટા પાયે આયાત પર નિર્ભર રહેવું પડે છે. જ્યારે આટલી મોટી માત્રામાં વિદેશી હૂંડિયામણ ખર્ચાતું હોય, ત્યારે સ્થાનિક બજારમાં ગ્રાહકોને ગુણવત્તાયુક્ત માલ મળે તે જોવાની જવાબદારી સરકારની બની રહે છે.હાલમાં આ દરખાસ્ત પ્રાથમિક તબક્કામાં છે.ચાંદીના નામે થતી ભેળસેળ પર કાયમી બ્રેક લાગશે. હોલમાર્કિંગ ફરજિયાત થવાથી માત્ર મોટા શોરૂમ જ નહીં પરંતુ નાના વેપારીઓએ પણ શુદ્ધતાના ધોરણો જાળવવા પડશે, જે અંતે તો સામાન્ય માનવીના હિતમાં જ રહેશે.

## ઈન્ડિયા એનર્જી વીક 2026 ગોવામાં 27-30 જાન્યુઆરી દરમિયાન યોજાશે

પણજી | ઈન્ડિયા એનર્જી વીક (IEW) 2026 આગામી 27-30 જાન્યુઆરી 2026 દરમિયાન ગોવામાં પરત ફરી રહ્યું છે, જે વૈશ્વિક ઊર્જા ક્ષેત્ર માટે એક નિર્ણાયક તબક્કે વિશ્વભરના મંત્રીઓ, વૈશ્વિક CEOs, નીતિ નિર્ધારકો, નાણાકીય સંસ્થાઓ, શિક્ષણવિદો અને ટેકનોલોજી પ્રદાતાઓને એકસાથે લાવશે. વર્ષના પ્રથમ મોટા આંતરરાષ્ટ્રીય ઊર્જા સંમેલન તરીકે, IEW 2026 ઊર્જા સુરક્ષાને મજબૂત કરવા, રોકાણને વેગ આપવા અને ડીકાર્બોનાઈઝેશન માટે વ્યવહારુ અને માપી શકાય તેવા માર્ગોને આગળ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

જેમ-જેમ વૈશ્વિક ઊર્જા પ્રણાલીઓ વધતી માંગ, ભૌગોલિક રાજકીય અનિશ્ચિતતા અને વધતી જતી આબોહવા પ્રતિબદ્ધતાઓ વચ્ચે આગળ વધી રહી છે, તેમ IEW 2026 સંવાદ અને સહકાર માટે એક મુખ્ય મંચ તરીકે કામ કરશે.

## અમાગી મીડિયા લેબ્સ લિમિટેડનો આઈપીઓ મંગળવાર, 13 જાન્યુઆરી, 2026ના રોજ ખુલશે

નવી દિલ્હી : અમાગી મીડિયા લેબ્સ લિમિટેડ (the "Company") મંગળવાર, 13 જાન્યુઆરી, 2026ના રોજ પ્રત્યેક રૂ. 5ની ફેસ વેલ્યુના તેના ઈક્વિટી શેર્સના આઈપીઓ ("Offer") ખોલવાની દરખાસ્ત કરે છે. એન્કર ઈન્વેસ્ટર બિડીંગ તારીખ બિડ/ઓફર ખુલવાની તારીખના કામકાજના એક દિવસ પહેલા એટલે કે સોમવાર, 12 જાન્યુઆરી, 2026ના રોજ રહેશે. બિડ/ઓફર બંધ થવાની તારીખ શુક્રવાર, 16 જાન્યુઆરી, 2026 છે. ઓફરનો પ્રાઈઝ બેન્ડ પ્રત્યેક રૂ. 5ની ફેસ વેલ્યુના ઈક્વિટી શેર દીઠ રૂ. 343થી રૂ. 361 નક્કી કરવામાં આવી છે. બિડ્સ લઘુતમ 41 ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ 41 ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાય છે. આઈપીઓમાં રૂ. 8,169.00 મિલિયન સુધીના મૂલ્યના ઈક્વિટી શેર્સના ફ્રેશ ઈશ્યૂ અને વેચાણકર્તા શેરધારકો દ્વારા 2,69,42,343 સુધીના ઈક્વિટી શેર્સના વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે.

## રિયલમી 16 પ્રો સિરીઝ લોન્ચ: માસ્ટર ડિઝાઈન અને શક્તિશાળી પરફોર્મન્સ સાથે 200MP લ્યુમાકલર પોર્ટ્રેટ માસ્ટર

નવી દિલ્હી | ભારતીય યુવાનોમાં સૌથી લોકપ્રિય સ્માર્ટફોન બ્રાન્ડ, રિયલમીએ આજે બહુપ્રતિક્ષિત રિયલમી 16 પ્રો સિરીઝ લોન્ચ કરી, જે પ્રીમિયમ મિડ-રેન્જ સેગમેન્ટમાં બેન્ચમાર્ક તરીકે તેની સ્થિતિને વધુ મજબૂત બનાવે છે. ફ્લેગશિપ-ટિયર રિયલમી 16 પ્રો+ અને એક્સેસિબલ ઓલ-રાઉન્ડર રિયલમી 16 પ્રો સાથે, આ સિરીઝ પરફોર્મન્સ અને ડિઝાઈનમાં શ્રેષ્ઠ ગુણવત્તા પ્રદાન કરે છે, જેમાં પોર્ટ્રેટ ઈમેજિંગ સ્ટાન્ડર્ડ્સને ફરીથી વ્યાખ્યાયિત કરવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. રિયલમી 16 પ્રો સિરીઝ પ્રીમિયમ મિડ-રેન્જ સેગમેન્ટમાં 200MP પોર્ટ્રેટ માસ્ટર તરીકે પોતાને સ્થાપિત કરે છે, પોર્ટ્રેટ ફોટોગ્રાફીને ફરીથી વ્યાખ્યાયિત કરવા માટે ફ્લેગશિપ-લેવલ ઈમેજિંગ હાર્ડવેરને બુદ્ધિશાળી સોફ્ટવેર સાથે જોડે છે. બંને મોડેલો દરેક મૂડ અને ક્ષણને ચોકસાઈથી કેપ્ચર કરવા માટે પ્રોફેશનલ ટૂલ્સ ઓફર કરે છે, જેમાં ફ્લેગશિપ-ટિયર રિયલમી 16 પ્રો+ વિશિષ્ટ અપગ્રેડ દ્વારા સર્જનાત્મક અભિવ્યક્તિને વધુ વધારે છે.રિયલમી 16 પ્રો+ સેગમેન્ટના માત્ર 200MP લ્યુમાકલર કેમેરા અને 3.5+ પેરિસ્કોપ ટેલિફોટો લેન્સ સાથે એક નવું બેન્ચમાર્ક સેટ કરે છે, જે વપરાશકર્તાઓને 'દરેક ઝૂમ પર તમારી વાઈબ સ્નેપ' કરવા માટે સશક્ત બનાવે છે. TV Rheinland-પ્રમાણિત, કેમેરા કુદરતી સ્કીન ટોન, ઉત્તમ ઊંડાઈ અને વાતાવરણીય પ્રકાશ પ્રદાન કરે છે.

## અનન્ય બિઝનેસીસ અને નવી શોધનું પ્રતિબિંબ કરતા ફ્લિપકાર્ટ પશ્ચિમ ભારતના ઉદ્યોગસાહસિક જુસ્સાને સમર્થન આપે છે

નવી દિલ્હી | સમગ્ર પશ્ચિમ ભારતમાં, ગુજરાતના કાપડ ક્લસ્ટરથી લઈને મહારાષ્ટ્રના ગ્રુમિંગ અને ફેશન હબ સુધી, આંત્રપ્રિન્યોરશીપની આ લહેર શાંતિથી પ્રાંતના આર્થિક લેન્ડસ્કેપને ફરીથી આકાર આપી રહી છે. ફ્લિપકાર્ટ, ભારતનું સ્વદેશી ઈ-કોમર્સ માર્કેટપ્લેસ, આ પરિવર્તનમાં કેન્દ્ર સ્થાને રહ્યું છે, જે સ્થાનિક વ્યવસાયોની કામગીરીને ડિજિટલાઈઝ્ડ કરવા, તેમના ગ્રાહક આધારને વિસ્તૃત કરવા અને આત્મવિશ્વાસ સાથે સ્કેલ કરવા માટે નિર્માણ કરવા સમર્થ બનાવે છે. ગુજરાત, ફ્લિપકાર્ટના 19%થી વધુ વિક્રેતાઓ ધરાવે છે, આ પરિવર્તન ખાસ દ્રશ્યમાન છે. વિક્રેતાઓની ભાગીદારી મોટા શહેરોથી આગળ વધીને સુરત, રાજકોટ, વડોદરા અને અમદાવાદ જેવા હાઈ- પોટેન્શિયલ બિઝનેસ હબમાં વિસ્તરી છે, જ્યાં ઉદ્યોગસાહસિકો નવી ડિજિટલ તકોનો લાભ લઈ રહ્યા છે. રાજ્યમાં 120થી વધુ સ્થળોએ ફ્લિપકાર્ટનું 14 લાખ ચોરસ ફૂટ સપ્લાય ચેઈન ઈન્ફ્રાસ્ટ્રક્ચર આ વિકાસને ટેકો આપવામાં મુખ્ય ભૂમિકા ભજવી રહ્યું છે. પરિણામે, બજારમાં ફક્ત ગુજરાતમાં જ 5 લાખથી વધુ પ્રત્યક્ષ અને પરોક્ષ આજીવિકાની તકોમાં ફાળો આપ્યો છે. રાજ્યના વિક્રેતાઓ જેમ્સ અને જ્વેલરી, મેન્સ ફૂટવેર, વુમન્સ એથનિક વેર, ગ્રુમિંગ તથા હોમ ઈમ્પ્રુવમેન્ટ ટૂલ્સ જેવી શ્રેણીઓમાં સમૃદ્ધ થઈ રહ્યા છે, જે રાષ્ટ્રિય માંગને પહોંચી વળવા માટે પરંપરા તથા નવીનતાનું સંયોજન કરી રહ્યા છે.

## ટ્રાન્સફોર્મર્સ એન્ડ રેક્ટિફાયર્સ (ઈન્ડિયા) લિમિટેડની નાણાંકીય વર્ષ 2026ના ત્રીજા ત્રિમાસિક ગાળામાં આવકો વાર્ષિક ધોરણે 32 ટકા વધી

નવી દિલ્હી: પાવર અને સ્પેશિયલ્ટી ટ્રાન્સફોર્મર્સની અગ્રણી ઉત્પાદક ટ્રાન્સફોર્મર્સ એન્ડ રેક્ટિફાયર્સ (ઈન્ડિયા) લિમિટેડે (TARIL) 31 ડિસેમ્બર, 2025ના રોજ પૂરા થતા ત્રીજા ત્રિમાસિક ગાળા માટે મજબૂત નાણાંકીય અને ઓપરેશનલ કામગીરી દર્શાવી છે. ત્રિમાસિક ગાળા દરમિયાન કંપનીએ કામગીરીમાંથી રૂ. 736.76 કરોડની કન્સોલિડેટેડ આવક મેળવી હતી જે વાર્ષિક ધોરણે 32 ટકા વધુ હતી. ત્રિમાસિક ગાળા માટે EBITDA રૂ. 129 કરોડ રહી હતી જે વાર્ષિક ધોરણે 38 ટકાનો વધારો દર્શાવે છે જ્યારે ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે 37 ટકા વધીને રૂ. 76 કરોડ થયો હતો. વધુ સારા ઓપરેટિંગ લીવરેજ, વધુ સારું અમલીકરણ અને સતત ચાલી રહેલી પ્રોસેસ ઓપ્ટિમાઈઝેશન પહેલની મદદથી નફાકારકતામાં સુધારો થયો હતો, જેણે માર્જિનમાં હકારાત્મક અસર દર્શાવવાનું શરૂ કર્યું છે.ત્રિમાસિક ગાળા દરમિયાન બિઝનેસ મોમેન્ટમ તંદુરસ્ત રહ્યું હતું, જેમાં રૂ. 665 કરોડના નવા ઓર્ડર્સ મળ્યા હતા. કંપનીને યુટિલિટીઝ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપર્સ અને ઔદ્યોગિક ગ્રાહકો તરફથી સતત માંગના પગલે તેની ઓર્ડર પાઈપલાઈનમાં સતત વૃદ્ધિ જોવા મળી છે, જે ભવિષ્યની આવકની દ્રશ્યતાનો પુનરોચ્ચાર કરે છે.

ઉત્પાદન અને પ્રોજેક્ટના અમલીકરણની પ્રક્રિયાઓમાં અમલમાં મૂકાયેલા ઓપરેશનલ સુધારાથી ડિલિવરી ટાઈમલાઈન અને નફાકારકતામાં સતત મજબૂતાઈ જોવા મળી છે. કંપનીએ નોંધ્યું છે કે કાર્યક્ષમતા વધારવા અને પ્રોસેસને ઓપ્ટિમાઈઝ કરવાના પગલાંથી વધુ સારા નાણાંકીય પરિણામો મળી રહ્યા છે.

## ગુજરાતી ક્લાસિક 'દેશ રે જોયા દાદા પરદેશ જોયા'નું 9 જાન્યુઆરી, 2026થી પુનઃપ્રદર્શન — 4K રિસ્ટોર કરાયેલ આવૃત્તિ સાથે

મુંબઈ: એક યુગને પરિભાષિત કરનારી વાર્તા હવે ફરી ત્યાં પરત ફરી રહી છે, જ્યાં તેનો સાચો વસવાટ છે – મોટા પડદા પર. આઈકોનિક ગુજરાતી ફિલ્મ 'દેશ રે જોયા દાદા પરદેશ જોયા' 9 જાન્યુઆરી, 2026થી સિનેમાઘરોમાં ફરી રજૂ થશે, અને દર્શકોને તે ભાવનાઓ, સંગીત અને સાંસ્કૃતિક ગુંજનને ફરી અનુભવાની તક આપશે, જેને કારણે આ ફિલ્મ ગુજરાતી સિનેમાની સૌથી ઉજવાતી મીલોસ્ટોન બની. આ થિયેટ્રિકલ રી-રિલીઝ અલ્ટ્રા રીવાઈન્ડનો ભાગ છે – અલ્ટ્રા મીડિયા એન્ડ એન્ટરટેઈનમેન્ટની એક પહેલ, જેના અંતર્ગત તેની વિશાળ લાઈબ્રેરીમાંથી ઐતિહાસિક અને સાંસ્કૃતિક રીતે મહત્વપૂર્ણ પ્રાદેશિક ફિલ્મોને ફરી સિનેમાઘરો સુધી લાવવામાં આવે છે. પુનઃપ્રદર્શન માટે ફિલ્મનું સુક્ષ્મ 4K રિસ્ટોરેશન કરવામાં આવ્યું છે, જેમાં તેની મૂળ સિનેમેટિક આત્માને જાળવી રાખતાં ચિત્ર અને અવાજની ગુણવત્તામાં સુધારો કરવામાં આવ્યો છે.

1998માં મૂળ રિલીઝ થયેલી 'દેશ રે જોયા દાદા પરદેશ જોયા' એ બોક્સ ઓફિસ પર ઈતિહાસ રચ્યો હતો. મૂળ થિયેટ્રિકલ રનમાં આશરે 22 કરોડની કમાણી કરીને તે સમયની ગુજરાતી સિનેમામાં એક અસાધારણ સિદ્ધિ સાબિત થઈ હતી. આ ફિલ્મ તેના યુગની સૌથી વધુ ટિકિટ વેચાણ કરનારી ગુજરાતી ફિલ્મોમાંથી એક બની, પ્રાદેશિક ફિલ્મ ઉદ્યોગના પડકારજનક સમયમાં દર્શકોનો વિશ્વાસ ફરી સ્થાપિત કર્યો અને ભાવનાત્મક રીતે મૂળભૂત વાર્તાકથનની શક્તિને પુનઃસ્થાપિત કરી. હિતેન કુમાર અને રોમા માણેક અભિનિત આ ફિલ્મ આજે પણ પ્રદર્શન આધારિત વાર્તાકથન માટે એક બેન્ચમાર્ક તરીકે ઓળખાય છે.

## ક્રિપ્ટો બજાર | માદુરો સરકાર ક્રિપ્ટો સંપત્તિ પર અમેરિકાની કડક નજર | વૈશ્વિક ક્રિપ્ટો બજાર અસરોથી રોકાણકારોમાં ભારે ફફડાટ

# વેનેઝુએલા બિટકોઈન ખજાનો પાંચ લાખ કરોડનો ડિજિટલ ધડાકો

કારાકાસ: વેનેઝુએલામાં ચાલી રહેલી રાજકીય ઉથલપાથલ અને ડોનાલ્ડ ટ્રમ્પના આક્રમક વલણ બાદ હવે આ દક્ષિણ અમેરિકી દેશના ગુપ્ત આર્થિક સામ્રાજ્ય પરથી પડદો ઊંચકાઈ રહ્યો છે. અત્યાર સુધી દુનિયા માત્ર વેનેઝુએલાના અફાટ તેલ ભંડારો પર નજર રાખી રહી હતી, પરંતુ તાજેતરના અહેવાલોએ ચોંકાવનારી વિગતો બહાર આણી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, વેનેઝુએલાની માદુરો સરકાર પાસે અંદાજે 5.40 લાખ કરોડ રૂપિયા (60 અબજ ડોલર) ના મૂલ્યનો 'બિટકોઈન ખજાનો' હોવાની પ્રબળ શક્યતા છે. આ ઘટસ્ફોટ થતાની સાથે જ વૈશ્વિક નાણાકીય બજારોમાં દોડધામ મચી ગઈ છે અને આ ડિજિટલ સંપત્તિ પર કબજો મેળવવા માટે પડદા પાછળની રમતો શરૂ થઈ ગઈ છે.વેનેઝુએલા પાસે આશરે 303 અબજ બેરલનો વિશાળ તેલ ભંડાર હોવા છતાં, અમેરિકી



પ્રતિબંધોને કારણે આંતરરાષ્ટ્રીય બેન્કિંગ વ્યવહારોમાં તેને ભારે મુશ્કેલી પડી રહી છે. નિષ્ણાતોનું માનવું છે કે આ આર્થિક નાકેબંધીમાંથી બચવા માટે માદુરો સરકારે બિટકોઈન જેવી વિકેન્દ્રિત ક્રિપ્ટોકરન્સીનો આશરો લીધો હતો. આ ડિજિટલ સંપત્તિ દ્વારા તેઓ વૈશ્વિક બજારમાં નાણાંની હેરફેર કરતા રહ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. જો આ 60 અબજ ડોલરની સંપત્તિ જપ્ત કરવામાં આવે અથવા બજારમાં ઠાલવવામાં આવે, તો વૈશ્વિક સ્તરે ક્રિપ્ટોના ભાવમાં મોટું ગાબડું પડી શકે છે.બ્લોકચેન ટેકનોલોજી પારદર્શક હોવા છતાં, આટલા મોટા પાયે ફેલાયેલા બિટકોઈન કોના અંકુશમાં છે તે શોધવું લોઢાના ચણા ચાવવા જેવું કામ છે. મીડિયા અહેવાલ મુજબ, આ ખજાનો કોઈ એક સર્વર કે વૉલેટમાં નથી, પરંતુ હજારો અલગ-અલગ ગુપ્ત ખાતાઓમાં વિભાજિત છે. આ ખાતાઓનું સંચાલન દેશના ટોચના લશ્કરી અધિકારીઓ અને પ્રભાવશાળી રાજકીય નેતાઓ પાસે હોવાનું મનાય છે. અમેરિકન તપાસ એજન્સીઓ માટે પણ આ વિખરાયેલી ડિજિટલ માયાજાળને ટ્રેક કરવી એક ટેકનોલોજીકલ યુદ્ધ સમાન બની રહેશે.વેનેઝુએલા માટે ક્રિપ્ટોકરન્સી કોઈ નવો વિષય નથી. વર્ષ 2018માં જ સરકારે 'પેટ્રો' નામના પોતાના ડિજિટલ સિક્કાની શરૂઆત કરી હતી, જોકે તે પ્રયોગ નિષ્ફળ રહ્યો હતો અને 2024માં તેને સત્તાવાર રીતે બંધ કરી દેવામાં આવ્યો હતો. ત્યારબાદ માદુરો સરકારે ખાનગી માઈનર્સ પર તવાઈ બોલાવી તેમની મશીનરી જપ્ત કરી હતી. હવે એવું માનવામાં આવે છે કે આ જપ્ત કરેલી મશીનરી અને સરકારી સંસાધનોનો ઉપયોગ કરીને મોટા પાયે બિટકોઈનનું ખાણકામ કરવામાં આવ્યું હતું, જે આજે અબજો ડોલરના મૂલ્ય સુધી પહોંચી ગયું છે.જો અમેરિકા આ સંપત્તિને જપ્ત કરવામાં સફળ રહે છે, તો આ નાણાં અમેરિકી તિજોરીમાં જઈ શકે છે. આર્થિક વિશ્લેષકોના મતે, જો વેનેઝુએલા સાથે જોડાયેલા આટલા મોટા પ્રમાણમાં બિટકોઈન એક્સચેન્જ પર વેચવામાં આવશે, તો તે બજારમાં ભારે વેચવાલીનું દબાણ ઉભું કરશે. આ ઘટનાક્રમની સીધી અસર ભારતીય ક્રિપ્ટો રોકાણકારો પર પણ પડી શકે છે. તેલની રાજનીતિથી શરૂ થયેલો આ વિવાદ હવે ડિજિટલ યુગના સૌથી મોટા આર્થિક જંગમાં પરિવર્તિત થઈ રહ્યો છે. પ્રાઈમરી કીવર્ડ: ચાંદી

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, પોષ વદ-07

# ડિજિટલ ડ્રગ્સના રવાડે ચઢેલું બાળપણ: શું સ્માર્ટફોન આપણા સંતાનોના જીવ લઈ રહ્યો છે?

કોરોના કાળમાં જ્યારે શાળાઓના દરવાજા બંધ થયા, ત્યારે ઓનલાઈન શિક્ષણ એક અનિવાર્ય વિકલ્પ તરીકે ઉભરી આવ્યું હતું. પરંતુ આજે, બે વર્ષ પછીની વાસ્તવિકતા અત્યંત ભયાનક છે. જે સ્માર્ટફોન બાળકોના હાથમાં કલમ અને પુસ્તક બનીને આવ્યા હતા, તે હવે 'ડિજિટલ ડ્રગ્સ' સાબિત થઈ રહ્યા છે. માતા-પિતાને છાતી ઠોકીને ગર્વ થતો હતો કે તેમનું બાળક ટેકનોલોજીમાં આગળ વધી રહ્યું છે, પણ હકીકતે તે બાળક ઓનલાઈન ગેમ્સ અને સોશિયલ મીડિયાના એવા ચક્રવ્યૂહમાં ફસાઈ ગયું હતું, જેમાંથી બહાર નીકળવાનો રસ્તો તે પોતે પણ જાણતું નથી.

દક્ષિણ ભારતના કેરળ રાજ્યના પલક્કડ જિલ્લામાંથી જે સમાચાર આવ્યા છે, તે વાંચીને કોઈપણ પથ્થર દિલના માણસની આંખો ભીની થઈ જાય. છેલ્લા ચાર વર્ષમાં ૪૧ બાળકોએ આત્મહત્યા કરી છે. આ આંકડો માત્ર સંખ્યા નથી, પણ ૪૧ હસતા-રમતા પરિવારોનો સર્વનાશ છે. તપાસમાં બહાર આવ્યું છે કે જ્યારે વાલીઓએ બાળકો પાસેથી મોબાઈલ છીનવી લીધો અથવા ગેમ રમવા બાબતે ઠપકો આપ્યો, ત્યારે આ બાળકોએ આક્રમક થઈને મોતને વહાલું કરી લીધું. આ સ્થિતિ સાબિત કરે છે કે ડિજિટલ લત હવે માનસિક બીમારીનું સ્વરૂપ ધારણ કરી ચૂકી છે. બાળકોને 'સ્ક્રીન' વગરની દુનિયા હવે જેલ જેવી લાગવા માંડી છે.

આ ભયાનક સંકટને પહોંચી વળવા કેરળ સરકારે યુદ્ધના ધોરણે છ 'ડિ-એડિક્શન સેન્ટર' (વ્યસન મુક્તિ કેન્દ્રો) શરૂ કર્યા છે. અહીં મનોવૈજ્ઞાનિકોની એક વિશેષ ટીમ ૨૪ કલાક કાર્યરત છે. જ્યારે કોઈ બાળક અહીં લાવવામાં આવે છે, ત્યારે સૌ પ્રથમ તેનું 'ઈન્ટરનેટ એડિક્શન ટેસ્ટ' કરવામાં આવે છે. આ ટેસ્ટ દ્વારા જાણી શકાય છે કે બાળકના મગજ પર આ લતની કેટલી ઊંડી અસર થઈ છે. અહીં તેને રૂમમાં પૂરી રાખવાને બદલે, ચિત્રકામ, સંગીત, યોગ અને મેદાનની રમતો જેવી રચનાત્મક પ્રવૃત્તિઓ સાથે જોડવામાં આવે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ સેન્ટરોમાં ૧૦ થી ૧૫ કાઉન્સેલિંગ સત્રો પછી બાળકોના સ્વભાવમાં ધરખમ ફેરફાર જોવા મળ્યો છે.

અત્યાર સુધીમાં ૧૨૫૦ થી વધુ બાળકોને આ માયાજાળમાંથી સફળતાપૂર્વક બહાર કાઢવામાં આવ્યા છે. પરંતુ મોટો પ્રશ્ન એ છે કે શું આપણે આપણા બાળકોને આ સેન્ટરો સુધી પહોંચવા દેવા જોઈએ? હકીકતમાં, ડિજિટલ લતના શિકાર બાળકોને એ વાત માનવી જ મંજૂર નથી હોતી કે તેઓ કઈ ખોટું કરી રહ્યા છે. તેમના માટે વર્ચ્યુઅલ દુનિયા જ સાચી દુનિયા બની જાય છે. જ્યારે વાલીઓ ટોકાટોકી કરે છે, ત્યારે તેઓ તેને પોતાના 'સ્વાતંત્ર્ય' પર તરાપ સમજે છે અને હિંસક બની જાય છે. ઘણીવાર આ હિંસા આત્મહત્યા અથવા ઘરેથી ભાગી જવા જેવી ઘટનાઓમાં પરિણમે છે.

આ સમસ્યા માત્ર કેરળ કે દિલ્હીની નથી, પણ ભારતના દરેક ઘરની છે જ્યાં એક નાનું બાળક જમતી વખતે પણ મોબાઈલ માંગે છે. જાણકારોનું કહેવું છે કે કેન્દ્ર સરકારે હવે 'ડિજિટલ સ્વાસ્થ્ય' પર ધ્યાન આપવાની અને શાળાઓમાં ઈન્ટરનેટના મર્યાદિત ઉપયોગ અંગે કડક ગાઈડલાઈન્સ જાહેર કરવાની જરૂર છે. શાળાઓમાં માત્ર વિષયોનું જ્ઞાન નહીં, પણ ડિજિટલ સંતુલન શીખવવું પણ અનિવાર્ય છે. વાલીઓએ પણ સમજવું પડશે કે બાળકને શાંત રાખવા માટે તેના હાથમાં મોબાઈલ આપવો એ તેને 'ધીમું ઝેર' આપવા સમાન છે. જો આપણે આજે આ બાબતે જાગૃત નહીં થઈએ, તો આવનારી પેઢી શારીરિક રીતે સક્ષમ હશે પણ માનસિક રીતે મોબાઈલની ગુલામ હશે.

## બે વર્ષો જુના અનુભવી ડોક્ટરોને પ્રમોશન આવી જતા તે જગ્યા ખાલી

# સિંહો માટે ગૌરવ લેતા વન વિભાગ પાસે વન્ય જીવોના કાયમી તબીબ જ નથી

### કોન્ટ્રાક્ટ બેઝ તબીબને પગાર પણ સરકાર નથી ચૂકવતી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ તા.08



સિંહોના નામે સમગ્ર દેશમાં ગૌરવ લેવામાં આવી રહ્યું છે ત્યારે સિંહો માટે આરોગ્યને લગતા જોખમની કામગીરી સંભાળતા વન વિભાગ પાસે પોતાના એકપણ કાયમી વેટરનરી તબીબ નથી. અત્યાર સુધી પશુપાલન વિભાગના વેટરનરી તબીબોને લોન પર લઈ સિંહ-દીપડાના આરોગ્યને લગતી કામગીરી થતી હતી. હવે તેમાંથી બે વર્ષો જુના અનુભવી ડોક્ટરોને પ્રમોશન આવી જતા તે જગ્યા ખાલી થઈ ગઈ છે. ખુદ વનતંત્રએ સરકાર પાસે અનુભવી તબીબોને પરત માંગ્યા પણ સરકારે આ અંગે હજુ સુધી કંઈ નિર્ણય કર્યો નથી.પશુપાલન વિભાગ પાસેથી લોન પર લીધેલા વર્ષો જૂના બે તબીબ પણ પ્રમોશન આવતાં પરત, વન તંત્રને પાછા સોંપવા સરકાર અનિર્ણિત વન વિભાગે ઠેકઠેકાણે સિંહ-દીપડા, સહિતના વન્યપ્રાણીઓ માટે એનિમલ કેર હોસ્પિટલો બનાવી નાખી છે. આ હોસ્પિટલો માં કોન્ટ્રાક્ટ બેઈઝ વેટરનરી તબીબો રાખવામાં આવ્યા છે જેને પગાર પણ લાયન કન્ઝર્વેશન સોસાયટી દ્વારા ચુકવવામાં આવે છે. પશુપાલન વિભાગ પાસેથી વર્ષો પહેલા સરકારે ચાર વેટરનરી તબીબોને લોન પર લીધા હતા. જેમાંથી એક તબીબ સાસણ, એક સક્કરબાગ, એક શેત્રુંજી ડીવીઝન અને એક ગીર પૂર્વમાં ફરજ બજાવતા હતા. આ ચાર તબીબો ઘણા વર્ષોથી ગીરમાં કામગીરી કરતા સિંહ-દીપડા વન્યપ્રાણીઓની અનેક પ્રકારની સારવાર કરી હોવાથી તેઓ સારા એવા જાણકાર થઈ ગયા હતા. આ ચારમાંથી સાસણ ફરજ બજાવતા ડો. પરેશ વાઢેર અને સક્કરબાગમાં ફરજ બજાવતા ડો. કડીવારને પ્રમોશન આવતા તેમને તેમની મુળ જગ્યા એટલે કે પશુપાલન વિભાગમાં લઈ લેવામાં આવ્યા છે. જ્યારે ગીર પૂર્વમાં ફરજ બજાવતા ડો. વામજા અને શેત્રુંજી ડીવીઝનમાં ફરજ બજાવતા વતા ડો. દેસાઈને આવતા વર્ષે પ્રમોશન આવે તેમ છે જેથી આબંને તબીબો પણ તેના મુળ વિભાગમાં ચાલ્યા જશે. જો આવી સ્થિતિ નિર્માણ થાય તો સિંહ-દિપડા માટેના અનુભવી વેટરનરી તબીબો વગરનું વનતંત્ર થઈ જાય તેમ છે. હાલ અલગ-અલગ જગ્યાએ ૧૦ જેટલા વેટરનરી તબીબોને કોન્ટ્રાક્ટ બેઈઝ પર રાખવામાં આવ્યા છે. સક્કરબાગ અને સાસણના અનુભવી વેટરનરી તબીબને આસી. ડાયરેક્ટર તરીકે પ્રમોશન આવ્યા બાદ તેને મુળ સ્થાને પરત બોલાવી લેવાય તેવી શક્યતા હતી જેના લીધે વન વિભાગે સરકારમાં જાણ કરી આ બંને તબીબને ફરી તે જ સ્થળે રાખવા માટે સક્કરબાગ અને સાસણના વેટરનરી તબીબની પોસ્ટ વી.ઓ.માંથી અપગ્રેડ કરી આસી. ડાયરેક્ટર કરવામાં આવે તો તેને પરત રાખી શકીએ અથવા તેને ડેપ્યુટેશન પર રાખવા માંગ કરી હતી.

## નાના ભુલકાઓના કે રાહદારીઓના પગ ભાગે તેવી સ્થિતિ

# જાફરાબાદ પાલિકાની ભૂગર્ભ ગટરનું ઢાંકણું વિધાર્થીઓ માટે ઝળુબતું મોત



કિશોર આર. સોલંકી | જાફરાબાદ તા.08

જાફરાબાદની સરકારી પ્રાથમિક સાગર શાળા ની મેન ગેટ પાસે ભૂગર્ભ ગટર નું ઢાંકણું કે જે વિધાર્થીઓ ના હાથ પગ ભાગે તેવી સ્થિતિ માં હોય પરંતુ જવાબદાર લોકો ના ધ્યાન ઉપર ક્યારે આવશે અહીં થી હજારો ની સંખ્યા વહેલી સવારે નાગરિકો ની આજ રોડ ઉપર થી પસાર થતા હોય છે. તેજ રસ્તા પર ભૂગર્ભ ગટર નું ઢાંકણું સાવ જર્જરિત અને તુટેલી હાલતમાં હોય તેની સાવ નજીક જ સ્કુલ ના ગેટ પાસે હોય અને બાળકો મોટીસંખ્યામાં દોડાદોડી કરતા હોય ન કરે નારાયણ ને આ ભૂગર્ભ ગટર નું ઢાંકણું કોઈ દુર્ઘટના સર્જાઈ તો જવાબદારી કોની..?? આ ભૂગર્ભ ગટર નું ઢાંકણા ના લોખંડના સળિયા પર દેખાતા હોય તે ઢાંકણા માં કોઈ વિધાર્થી કે કોઈ રાહદારીઓ નો પગ ખુશી જાય તો ફેક્ચર તથા અન્ય ઈજાઓ થઈ શકે તેવી હાલતમાં હોય પરંતુ નિંદ્રાધીન પાલિકા ધ્યાન ઉપર ક્યારે આવશે..? કે અહીં સ્કુલ ના મેન ગેટ પાસે હોય સાંજના સમયે બાળકો સ્કૂલમાંથી છુટતા દોડાદોડી કરતા જતા હોય પરંતુ આ ભૂગર્ભ ગટર નું ઢાંકણું કોઈ વિધાર્થીઓ નો ભોગ લે તે પહેલા અને નાગરિકો ની સલામતી માટે પાલિકા તાત્કાલિક ધોરણે આ દેખાતું ઝળુબતુ મોત સમાન ભૂગર્ભ ગટરનું ઢાંકણું હટાવવાની કામગીરી કરવામાં આવશે કે પછી હોતા હૈ ચાલતા હૈં તેવું અપનાવવામાં આવશે..??

## ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. દ્વારા

# 21મી સદીમાં સામાજિક સંશોધનના ક્ષેત્રો વિષયે યોજાયું તજજ્ઞ વ્યાખ્યાન

નરેન્દ્ર દવે જૂનાગઢ | તા.08



ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં સોશ્યલ સાયન્સ એન્ડ સોશ્યલ સ્ટીઝ ડિપાર્ટમેન્ટ દ્વારા તજજ્ઞ વ્યાખ્યાનમાળા અંતર્ગત ૨૧મી સદીમાં સામાજીક સંશોધનનાં ક્ષેત્રો વિષયે મધ્યપ્રદેશ સ્થિત ડો.હરિશંકર ગૌર કેન્દ્રીય યુનિવર્સીટીનાં સમાજશાસ્ત્ર વિભાગનાં વડા પ્રો. દિવાકરસિંહ રાજપૂતે વાત કરતા જણાવ્યુ હતુ કે બદલાતા સોશ્યલમીડિયા અને ડીઝીટલ ટેક્નલોજીનાં આવિશ્કારનાં સમયમાં સતત બદલાતા સામાજીક સમિકરણો સાંપ્રત સમયે સામાજીક સંશોધનોનાં ક્ષેત્રે અનેક તકોનું નિર્માણ કરે છે. ભારતિય સમાજ વ્યવસ્થામાં શાસ્ત્રીય અવલોકન મુજબ શહેરી અને ગ્રામ્ય ક્ષેત્રે ફેરફાર જોઈએ તો શહેરી ક્ષેત્રમાં વ્યવસાય, વાતાવરણ, કોમનું કદ, ખેતીની ઘનતા, વસ્તીની વિષમરૂપતા અથવા સમરૂપતા, સામાજિક વિભેદન અને સ્તરીકરણ ગતિશીલતા, આંતરકાર્યની પદ્ધતિ જ્યારે ગ્રામ્ય કોમોમાં મુખ્યત્વે ખેતી અને પશુપાલન આધારીત વ્યવસાય જોવા મળે છે. શહેરોમાં મોટાભાગના લોકો ખેતી સિવાયના વ્યવસાયો કરતા હોવાથી તેમાં ખુબ વિવિધતા હોય છે અને બંને પ્રકારની જીવન પદ્ધતિઓ જુદી જુદી જોવા મળે છે.



# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. જૂનાગઢની એકેડેમિક કાઉન્સીલની બેઠક યોજાઇ

નરેન્દ્ર દવે જૂનાગઢ | તા.08

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટીની એકેડેમિક કાઉન્સીલની બેઠક સમિતીનાં સભ્યોની ઉપસ્થિતીમાં કૂલપતિ પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણની અધ્યક્ષતામાં યુનિ.નાં મધ્યસ્થખંડમાં મળી હતી. આ બેઠકમાં યુનિ.નાં કાર્યક્ષેત્રીય જિલ્લાઓ ગિરસોમનાથ, પોરબંદર, દેવભુમિદ્વારકાનાં ઉચ્ચઅભ્યાસોત્સુક વિદ્યાર્થીઓને પોતાનાં જિલ્લામાં અનુસ્નાતક કક્ષાનાં અભ્યાસની તકો મળી રહે તે માટે અનુસ્નાતક કેન્દ્રોને મૂજુરી આપવા સમીક્ષા કરવામાં આવી હતી.

## ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા

# જૂનાગઢ ઘોડાસરા મહિલા કોલેજમાં સાયબર સિક્યુરીટી માર્ગદર્શન સેમિનાર

નરેન્દ્ર દવે જૂનાગઢ | તા.08



ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. દ્વારા સાંપ્રત સમયમાં વધતા જતાં સાયબર ગૂન્હાઓ સામે જનજાગૃતિ કેળવાય અને લોકો સાયબર ફ્રોડથી સાવધ બની આર્થિક ફ્રોડનાં બનતા કીસ્સાઓ સામે સાવધાની વર્તે એ માટે જૂનાગઢ શહેરની એમ.એમ.ઘોડાસરા મહિલા આર્ટસ, કોમર્સ એન્ડ બી.બી.એ કોલેજની વિદ્યાર્થીનીઓ અને કોલેજનાં વ્યાખ્યાતાઓની ઉપસ્થિતીમાં માર્ગદર્શક સેમિનાર યોજાયો હતો. કાર્યક્રમમાં વિષય તજજ્ઞ હૈદ્રાબાદ સ્થિત બહુરાષ્ટ્રીય કંપનીનાં ડાયરેક્ટરશ્રી વિરલ કગથરાએ જણાવ્યુ હતુ કે આજના ટેક્નોલોજીના યુગમાં આંગળીના ટેરવે બનતા અપરાધ એટલે સાયબર ક્રાઈમ. વિરલ કગથરાએ સાયબર ક્ષેત્ર થતાં ફ્રોડ અને તેની સાવધાની બાબતે વિદ્યાર્થીનીઓ અને અધ્યાપકગણને સમજુત કરી નવા નવા મિત્રો બનાવવા માટે WhatsApp, Facebook, Instagram, Twitter, YouTube, જેવી એપ્લીકેશન વડે સતત એકબીજાના સંપર્કમાં રહેતા લોકો કેવી રીતે છેતરપીંડી થાય અને ઘણા અસામાજીક સાયબર તત્વો કેવી રીતે મુશ્કેલીમાં મૂકી શકે છે.



# KGBV સંખેડા ખાતે દ્વિતિય વાર્ષિક ઉત્સવની ઉજવણી

કમલેશ પટેલ | સંખેડા તા.08

સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત ચાલતી KGBV સંખેડા ખાતે દ્વિતિય વાર્ષિક ઉત્સવ ની ઉજવણી કરવામાં આવી હતી.વાર્ષિક ઉત્સવની ઉજવણી પાછળ નો મુખ્ય હેતુ દીકરીઓનો સન્માન સમારોહ હતો. જેમાં વિવિધ કક્ષાએ વિજેતા થયેલ દીકરીઓ નું KGBV સંખેડા પરિવાર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. સાંસ્કૃતિક કાર્યક્રમમાં વિવિધ પ્રકારની 20 કૃતિ ઓ પણ રજુ કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ અદભુત પર્ફોર્મન્સ રજૂ કર્યું હતું, અને કાર્યક્રમ ના અંતમાં રાષ્ટ્રગીતનું સમૂહગાન કરી ભવ્યતાથી પુર્ણાહુતી કરવામાં આવી હતી.

# રાજુલામાં કુભનાથ મહાદેવ મંદિર ખાતે સ્વાભિમાન પર્વ 2026 ભવ્ય શિવ આરાધના, મહા આરતીનું આયોજન

કિશોર આર. સોલંકી | જાફરાબાદ તા.08

રાજુલા શહેરમાં આવેલ શ્રી કુભનાથ મહાદેવ મંદિર ખાતે સોમનાથ સ્વાભિમાન પર્વ-૨૦૨૬ની ભવ્ય ઉજવણી થવાની છે. આ પર્વ અંતર્ગત શિવ આરાધના, ભવ્ય શિવધૂન કાર્યક્રમ તથા મહા આરતીનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાશે સોમનાથ મંદિર ભારતની



સાંસ્કૃતિક અને ધાર્મિક ધરોહરનું પ્રતીક છે. હજારો વર્ષોથી વિદેશી આક્રમણો છતાં આ મંદિરએ પોતાની અસ્મિતા અને આસ્થા જાળવી રાખી છે. સ્વતંત્રતા બાદ લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના સંકલ્પથી મંદિરનું પુનઃનિર્માણ કરવામાં આવ્યું હતું અને વર્ષ ૧૯૫૧માં તત્કાલીન રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્ર પ્રસાદના હસ્તે મંદિર રાષ્ટ્રને સમર્પિત થયું હતું. મંદિરના પુનઃનિર્માણને ૭૫ વર્ષ પૂર્ણ થવાના પાવન અવસરે સમગ્ર ગુજરાતમાં શિવ ભક્તિનો મહોલ સર્જાયો છે. તેના ભાગરૂપે રાજુલા ખાતે કુંભનાથ મહાદેવ મંદિરના સાનિધ્યમાં સામૂહિક શિવ આરાધના, શિવધૂન અને મહા આરતી જેવા ધાર્મિક કાર્યક્રમો યોજાશે.

## સોમનાથ સ્વાભિમાન પર્વના પાવન અવસરે

# જૂનાગઢના શિવાલયોમાં 72 કલાકના અખંડ ઓમકાર જાપનો ભવ્ય પ્રારંભ

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.08



સમગ્ર ભારતના સ્વાભિમાન એવા દ્વાદશ જ્યોતિર્લિંગમાંના પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના અધ્યક્ષ સ્થાને સોમનાથ સ્વાભિમાન પર્વ ઉજવાઈ રહ્યું છે. જે અંતર્ગત આજ રોજ જૂનાગઢના ભવનાથ મહાદેવ મંદિર, સિદ્ધેશ્વર મહાદેવ મંદિર, ભૂતનાથ મહાદેવ મંદિર અને શાંતેશ્વર મહાદેવ મંદિરમાં ૭૨ કલાકના અખંડ ઓમકાર જાપ મંત્રોચ્ચારનો પ્રારંભ થયો હતો. સોમનાથ સ્વાભિમાન પર્વ અતૂટ આસ્થાના ૧૦૦૦ વર્ષ નિમિત્તે જૂનાગઢ શહેરના શિવાલયો જેમાં ગિરનાર તળેટી સ્થિત ભવનાથ મહાદેવ મંદિરમાં સવારે અખંડ ઓમકાર જાપ મંત્રોચ્ચારનો પ્રારંભ થયો હતો. મેયરશ્રી ધર્મેશભાઈ પોશિયા, ધારાસભ્યશ્રી સંજયભાઈ કોરડીયા,જૂનાગઢ શહેર ભાજપ પ્રમુખશ્રી ગૌરવભાઈ રૂપારેલીયા,શ્રી હરેશભાઈ પરસાણા વિગેરે પદાધિકારીઓ, કાર્યકરોની ઉપસ્થિતિમા ૭૨ કલાકના અખંડ ઓમકાર જાપ મંત્રોચ્ચારનો પ્રારંભ થયો હતો. ઉપરાંત કોલેજ રોડ પર સ્થિત ભુતનાથ મહાદેવ મંદિર અને દોલતપરામાં શાંતેશ્વર મહાદેવ મંદિરમાં પણ ઓમકાર જાપ મંત્રોચ્ચારનો પ્રારંભ થયો હતો. આ પ્રસંગે સોમનાથ મંદિરની ૧૦૦૦ વર્ષની ગૌરવપૂર્ણ યાત્રાનુ પણ સ્મરણ કરવામાં આવ્યું હતું. આમ, આજથી શરૂ થઈને તા. ૧૧ જાન્યુઆરી સુધી એટલે કે ૭૨ કલાક સુધી અખંડ ઓમકારના ગુંજન સાથે મહાદેવની વિશેષ આરાધના અને ભક્તિ ભાવપૂર્વક પૂજા અર્ચના યોજાશે.સાથે જ જૂનાગઢના તમામ શિવાલયોમાં પણ સાંજે સમૂહ આરતીઓનું આયોજન થનાર છે.

# જૂનાગઢના યોગબોર્ડ સહિત સંસ્થાઓની મહિલાઓ દ્વારા અખંડ શિવધૂનનો પ્રારંભ




નરેન્દ્ર દવે જૂનાગઢ | તા.08

સોમનાથ સ્વાભિમાન પર્વ સોમનાથમાં શિવ ભક્તિનું અનોખું પર્વ બન્યું છે. અતુટ આસ્થાના ૧૦૦૦ વર્ષ અંતર્ગત સોમનાથમાં ત્રિ દિવસીય કાર્યક્રમોમાં ભાવિકો શ્રદ્ધાભેર જોડાયા છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં યોજાનાર સ્વાભિમાન પર્વ શૌર્ય સભા-શોર્ય યાત્રા અને ઓમકાર મંત્ર સહિતના કાર્યક્રમોને લઈને સોમનાથ પરિસરમાં અખંડ ઓમકાર જાપ અને અખંડ શિવ ભજન ના કાર્યક્રમોનો આજે પ્રારંભ થયો હતો. જેમાં જૂનાગઢ થી યોગ બોર્ડના મહિલા સભ્યો તેમજ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના મહિલા પ્રતિનિધિઓ યોગ, વ્યાયામ શિક્ષકો, મહિલા કાર્યકર્તાઓ સહિત ૫૦૦ બહેનોએ અખંડ શિવધૂનમાં ભાગ લીધો હતો. કરતાલ, લોક કંઠના શિવ ભક્તિ ગીતો ભાવમય રીતે ગવાતા હતા ત્યારે સોમનાથ મંદિરે આવતા દર્શનાર્થીઓએ પણ અખંડ શિવ ધૂન સાંભળી શ્રદ્ધાની લાગણી વ્યક્ત કરી હતી.

## અસરગ્રસ્ત વિસ્તારોની પગપાળા મુલાકાત લીધી

# બાલાસિનોરમાં કમળાના રોગચાળાને નાબૂદ કરવા મહીસાગર કલેક્ટર એક્શન મોડમાં

જગદીશ ત્રિવેદી | મહીસાગર તા.08



બાલાસિનોર તાલુકામાં છેલ્લા કેટલાક સમયથી વકરેલા કમળાના ઉપદ્રવને જડમૂળથી ઉખેડી નાખવા માટે જિલ્લા વહીવટી તંત્ર સજ્જ બન્યું છે. તંત્રના સતત પ્રયાસોને પરિણામે રોગચાળાના ફેલાવામાં ઘટાડો તો નોંધાયો છે, પરંતુ તેને સંપૂર્ણપણે નાબૂદ કરવાના મક્કમ નિર્ધાર સાથે મહીસાગર કલેક્ટર શ્રી અર્પિત સાગર દ્વારા બાલાસિનોરના અસરગ્રસ્ત વિસ્તારોની વ્યક્તિગત મુલાકાત લઈ સ્થિતિનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. કમળાના ફેલાવા પાછળના વાસ્તવિક કારણો જાણવા અને તકેદારીના પગલાંની સમીક્ષા કરવા કલેક્ટર શ્રી અર્પિત સાગરે બાલાસિનોર અર્બન વિસ્તારની રૂબરૂ મુલાકાત લીધી હતી. આ દરમિયાન કલેક્ટરશ્રીએ હિપેટાઈટીસ-એ ના વધુ કેસ ધરાવતા ટીંબા મહોલ્લા અને કાજીવાડ જેવા સંવેદનશીલ વિસ્તારોમાં સિટી સર્વે કાર્યાલયથી પગપાળા વિઝિટ કરી હતી. વહીવટી તંત્રના વડાને પોતાની વચ્ચે જોઈ સ્થાનિકોમાં પણ વહીવટી તંત્ર પ્રત્યે વિશ્વાસ જોવા મળ્યો હતો. મુલાકાત દરમિયાન કલેક્ટરશ્રીએ અસરગ્રસ્ત પરિવારો સાથે સીધો સંવાદ સાધ્યો હતો. તેમણે દર્દીઓને મળી રહેલી સારવાર અંગે પૃચ્છા કરી ખાતરી કરી હતી કે તંત્ર દ્વારા યોગ્ય સેવાઓ પહોંચાડવામાં આવી રહી છે કે કેમ તે જાણ્યુ હતું. કલેક્ટરશ્રીએ પરિવારોને આશ્વાસન આપતા જણાવ્યું હતું કે, જિલ્લા વહીવટી તંત્ર નાગરિકોની સ્વાસ્થ્ય સુરક્ષા માટે હરહંમેશ તત્પર છે અને તમામ જરૂરી મદદ પૂરી પાડવામાં આવશે. સ્થાનિકો દ્વારા રજૂ કરવામાં આવેલા ગંદકી અને દૂષિત પાણીના પ્રશ્નોને કલેક્ટરશ્રીએ અત્યંત ગંભીરતાથી લીધા હતા. તેમણે પ્રત્યક્ષ રીતે ગંદકીવાળા સ્થળોની મુલાકાત લઈ નગરપાલિકાના અધિકારીઓને સ્થળ પર જ કડક સૂચના આપી હતી કે, સફાઈ અભિયાન તેજ કરી તાત્કાલિક ધોરણે ગંદકી દૂર કરવામાં આવે અને નાગરિકોને શુદ્ધ પીવાનું પાણી પૂરું પાડવામાં કોઈપણ પ્રકારની કચાસ રાખવામાં ન આવે. ત્યારબાદ, કલેક્ટરશ્રીએ બાલાસિનોર રેફરલ હોસ્પિટલ અને સામુહિક આરોગ્ય કેન્દ્રના કમળા વોર્ડની મુલાકાત લીધી હતી. તેમણે ઈન્ચાર્જ ડોક્ટરો સાથે ટેકનિકલ ચર્ચા કરી દર્દીઓની ઝડપી રિકવરી માટે જરૂરી તબીબી પગલાં લેવા અનુરોધ કર્યો હતો. આ ઉપરાંત, તેમણે ખાનગી હોસ્પિટલના તબીબો સાથે પણ મુલાકાત યોજી, આ જાહેર આરોગ્યની લડતમાં વહીવટી તંત્રના સહભાગી બની બાલાસિનોરને કમળામુક્ત કરવા અપીલ કરી હતી.

# શ્રી નૂતન હાઈસ્કુલ ખેરોલી વીરપુરમાં જીલ્લા કક્ષાની રમતગમત સ્પર્ધા યોજાઇ



જગદીશ ત્રિવેદી | મહિસાગર તા.08

ભારત સરકાર દ્વારા યુવા કાર્ય અને ખેલકૂદ મંત્રાલય અંતર્ગત મેરા યુવા ભારત ગોધરા દ્વારા જીલ્લા સ્તરીય સ્પોર્ટ્સ કાર્યક્મ શ્રી નૂતન હાઈસ્કુલ ખેરોલી વીરપુર (મહીસાગર) ખાતે યોજવામાં આવી. જેમાં બાલાસિનોર જોરાપુરા લુણાવાડા તાલુકાના કીડીયાઅને વીરપુર ખેરોલી ગામના લગભગ 120થી વધારે યુવા.ભાઈ. બહેનો ભાગ લીધો હતો ભાઈઓ માટે કબડ્ડી, ગોડાફેક.ચક્રફેક.તેમજબહેનો માટે ખો.ખો.100 મીટર દૌડ તથા લાંબી કૂદનું આયોજન કર્યું હતુ વિજેતા ટીમોને ટ્રોફી,પ્રમાણપત્રો રેફરીને ગીફ્ટ આપીને સમ્માનિત કર્યો હતા.

## નિલકંઠ વોરીઅર્સ ટીમ ચેમ્પિયન | શ્રી મારૂ કંસારા સોની સમાજ યુવક મંડળ તેમજ સ્પોર્ટ્સ સમિતિ દ્વારા

# નખત્રાણામાં બોક્સ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ સિઝન-6નું આયોજન

મહેશ એલ.સોની | નખત્રાણા તા.08



શ્રી નખત્રાણા શ્રી મારૂ કંસારા સોની યુવક મંડળ તેમજ સ્પોર્ટ્સ સમિતિ દ્વારા બોક્સ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ સીઝન ૬ નું તારીખ ૫/૧/૨૬ થી તારીખ ૭/૧/૨૦૨૬ સુધી આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિલકંઠ વોરીઅર્સ (નીલેશભાઈ બારમેડા - કોટડા જ) ની ટીમ ચેમ્પિયન બની હતી જ્યારે જીયા ફાઈટર્સ (ભાવિકભાઈ કટ્ટા) ની ટીમ રનર્સઅપ રહી હતી.

મહિલાઓની ટીમ : નિવા & હર્ષિવ XI (અંજલીબેન વિશાલભાઈ કટ્ટા) ની ટીમ વિજેતા થયેલ વિરાંશ વોરિયર્સ (અવનીબેન ઉત્તમભાઈ બગ્ગા) ની ટીમ રનર્સઅપ રહી હતી. જ્યારે મેન ઓફ ધી સિરીઝ - નિક્ષિતિ સુમનભાઈ બુધ્ધભટ્ટી, બેસ્ટ બેટ્સમેન - અભિષેક દિપકભાઈ કટ્ટા, બેસ્ટ બોલર - નિલેશભાઈ રમેશભાઈ બારમેડા તરીકે રહ્યા હતા .ટુર્નામેન્ટમાં ભાગ લેનાર નાના બાળકોને મહિલા મંડળ દ્વારા ગિફ્ટ આપી પ્રોત્સાહિત કરાયા હતા. તા.૫ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સાંજે શ્રી નખત્રાણા સોની સમાજ પ્રમુખ શ્રી મહેશભાઈ બુદ્ધભટ્ટી, મહામંત્રી જયેશભાઈ સોલંકી, ભરતભાઈ એલ. કટ્ટા, ભરતભાઈ કોટડીયા, કિશોરભાઈ કોટડીયા, કિશોરભાઈ સાકરીયા, હીરાલાલભાઈ બગ્ગા, હેમેન્દ્રભાઈ કંસારા, સંજયભાઈ બગ્ગા, તુલસીભાઈ ચૌહાણ સહિત આગેવાનોના હસ્તે દિપ પ્રાગટ્ય કરી ટૂર્નામેન્ટનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે શ્રી મારૂ કંસારા સોની સમાજની નવનિર્મિત ટીમના પ્રમુખશ્રી વિજયાબેન બુધ્ધભટ્ટી, લીલાબેન પોમલ, દક્ષાબેન બુધ્ધભટ્ટી, વર્ષાબેન કટ્ટા, વીણાબેન પરમાર, ભાવનાબેન સાકરીયા, રિટાબેન સાકરિયા, જયશ્રીબેન બગ્ગા , ડિમ્પલ બેન, સોનલબેન બુધ્ધભટ્ટી તેમજ મહિલામંડળ ના સભ્યો, યુવકમંડળ પ્રમુખ શ્રી રાજન બુધ્ધભટ્ટી, મેબ્રિન બગ્ગા, વરુણ બારમેડા, સુનિલ બુદ્ધભટ્ટી, નિકુંજ બુદ્ધભટ્ટી, આનંદ કોટડીયા,નિલેશ કટ્ટા, આનંદ બુધ્ધભટ્ટી, જીગરભાઈ બારમેડા, કિશોરભાઈ ચૌહાણ, હાર્દિકભાઈ સોલંકી, સ્પોર્ટ્સ સમિતિ કન્વીનર પૂજન કટ્ટા, ભૌતિક બગ્ગા, સેફરીન કટ્ટા તેમજ સ્પોર્ટ્સ સમિતિના સભ્યો અને યુવકમંડળ તેમજ સમાજના જ્ઞાતિજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ચેમ્પિયન ટીમ તેમજ રનર્સઅપ ટીમને શ્રી નખત્રાણા મારૂ કંસારા સોની સમાજ તેમજ મહિલા મંડળ / યુવક મંડળ તેમજ સ્પોર્ટ્સ સમિતિ તરફથી અભિનંદન આપવામાં આવ્યા. હતા. એવું યુવક મંડળ પ્રમુખ રાજનભાઈ બુધ્ધભટ્ટી મહામંત્રી વરુણભાઈ બારમેડાની એક યાદી દ્વારા જણાવવામાં આવ્યું હતું.

## ઘાતક દોરી માનવ જીવન અને પશુ-પક્ષીઓ માટે જોખમી

# ઉતરાયણ પર્વે પશુ-પક્ષીઓના સંરક્ષણ માટે મહિસાગર વહીવટીતંત્રની જાહેર અપીલ

જગદીશ ત્રિવેદી | મહીસાગર તા.08

આગામી ૧૪ જાન્યુઆરીના રોજ ઉજવાતા ઉતરાયણ પર્વ નિમિત્તે મહીસાગર જિલ્લાના નાયબ પશુપાલન નિયામક દ્વારા જાહેર જનતાને પતંગોત્સવ દરમિયાન સાવચેતી રાખવા અનુરોધ કરાયો છે. પતંગ ચગાવવા માટે વપરાતી પ્લાસ્ટિક દોરી કે વધુ કાચ પીવડાવેલી દોરી માનવ જીવન અને અબોલ પશુ-પક્ષીઓ માટે અત્યંત જોખમી હોવાથી સરકાર દ્વારા તેના ઉત્પાદન, વેચાણ અને વપરાશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. પક્ષીઓની અવર-જવરના મુખ્ય સમયગાળા એટલે કે સવારે ૮:૦૦ વાગ્યા પહેલા અને સાંજે ૫:૦૦ વાગ્યા પછી પતંગ ન ચગાવવા વહીવટીતંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે જેથી પક્ષીઓને જીવલેણ ઈજાઓથી બચાવી શકાય. આથી, નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે રાંધેલું અનાજ અલગ-અલગ વિસ્તારોમાં વહેંચીને ખૂબ જ ઓછી માત્રામાં પશુઓને આપવું, જેથી પુણ્ય કમાવવાની ભાવના પશુઓ માટે જીવલેણ ન બને. આ પર્વ દરમિયાન જો કોઈ ઘાયલ અથવા બીમાર પશુ કે પક્ષી નજરે પડે, તો તેને તાત્કાલિક નજીકની પશુ સારવાર સંસ્થામાં લઈ જવા અથવા બિનવારસી પશુઓ માટેની હેલ્પલાઈન નંબર ૧૯૬૨ પર સંપર્ક કરી ત્વરિત સારવાર કરાવવા જનતાને અનુરોધ છે. 'જીવ રક્ષા અને જીવ સેવા એ જ સર્વોત્તમ પુણ્ય કાર્ય છે' તે ભાવના સાથે દરેક નાગરિક જવાબદારીપૂર્વક ઉતરાયણની ઉજવણી કરે તેવી અપીલ મહીસાગર જિલ્લા પંચાયત દ્વારા કરવામાં આવી છે.

### SVIM સંસ્થાની પ્રિન્સિપાલ રાજલ પટેલે સ્વાગત કર્યું

# માઉન્ટ આબુ ખાતે યોજાયેલ RCTC કેમ્પનું નિરીક્ષણ કરાયું

મહેશ સોલંકી | પાલનપુર તા.08

મેજર જનરલ બિમલ મોંગા, એસ.એમ., વી.એસ.એમ., મહાનિર્દેશક, એનસીસી નિર્દેશાલય, ગુજરાતે એસવીઆઈએમ સંસ્થા, માઉન્ટ આબુની મુલાકાત લીધી હતી. સંસ્થામાં ૧૦ દિવસીય આર.સી.ટી.સી. કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે, જેનું સંકલન ૩૫ ગુજરાત બટાલિયન એનસીસી, પાલનપુર દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ અવસરે લેફ્ટનન્ટ કર્નલ પ્રીતિ તિવારી, ઓફિસિયેટિંગ કમાન્ડિંગ ઓફિસર, ૩૫ ગુજરાત બટાલિયન એનસીસી, પાલનપુર, બટાલિયનના સુબેદાર મેજર, એએનઓ તેમજ કુલ ૧૨૦ કેડેટ્સ ઉપસ્થિત રહ્યા હતા. મુલાકાત દરમિયાન વધારાના મહાનિર્દેશકશ્રીએ કેડેટ્સ સાથે સંવાદ સાધ્યો હતો. કેમ્પ દરમિયાન યોજાયેલી રૅપેલિંગ તથા રોક



ક્લાઈમ્બિંગ જેવી સાહસિક તાલીમ પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે કેડેટ્સના ઉત્કૃષ્ટ પ્રદર્શનની પ્રશંસા કરી અને પોતાના પ્રેરણાદાયક શબ્દો દ્વારા કેડેટ્સને વધુ ઉત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે એસવીઆઈએમ સંસ્થાની પ્રિન્સિપાલ શ્રીમતી રાજલ પટેલે વધારાના મહાનિર્દેશકશ્રીનું સ્વાગત કર્યું હતું તેમજ સંસ્થામાં ઉપલબ્ધ તાલીમ સુવિધાઓ અને સંચાલિત અભ્યાસક્રમોની વિગતવાર માહિતી આપી હતી. આ મુલાકાત કેડેટ્સ માટે અત્યંત પ્રેરણાદાયક સાબિત થઈ હતી, જેના પરિણામે કેડેટ્સના મનોબળ અને આત્મવિશ્વાસમાં નોંધપાત્ર વધારો નોંધાયો હતો.

### મોટર સાયકલ અને ઘરફોડ ચોરી કરતા 2 તસ્કરોને બગસરા પોલીસે ઝડપી પાડ્યા

# અમરેલી સહિત 5 જિલ્લામાં ચોરીને અંજામ આપનાર 2 આરોપીઓનું રી-કન્સ્ટ્રશન કર્યું

અશોક મણવર | અમરેલી તા.08

અમરેલી સહિત પાંચ જિલ્લામાંથી વાહનચોરીને અંજામ આપનારા અને ખૂનના ગુનામાં પોલીસ જાપ્તામાંથી ફરાર થયેલા બે કેદીઓને બગસરા પોલીસે ઝડપી પાડ્યા હતા. આરોપીઓએ પાંચ જિલ્લામાંથી કુલ ૧૪ વાહનોની ચોરી કરી હોવાનુ કબુલ્યું હતું. અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાતે અણઉકેલ ગુનાનો ભેદ ઉકેલવા માટે બગસરા પોલીસને સૂચના આપી હતી જેથી બગસરાના પી.આઈ આઈ.જે. ગીડા મેડમ સહિત સર્વેલન્સની ટીમ દ્વારા ખાનગી રાહે તપાસ તેમજ ટેકનિકલ સોર્સનો ઉપયોગ કરી બે ઈસમોને કોડીનાર પાસેથી પકડી ચોરીનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે આરોપીઓની પુછપરછ કરતા તેમણે પોતાના નામ



હરસુખ કાળુ વાઘેલા રહે.સનાળી તા.વડીયા અને રોહિત કવુ જખાણીયા રહે.સોમલપર તા.જસદણવાળો હોવાનું જણાવ્યું હતું. આરોપીઓ પાસેથી ત્રણ બાઈક અને બે મોબાઈલ મળી કુલ રૂ.૪૦ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસની વધુ પુછપરછમાં જાણવા મળ્યુ હતું કે હરસુખ વાઘેલા મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં ખૂનના ગુનામાં પેરોલ પરથી ફરાર હોય અને પોલીસ જાપ્તામાંથી નાસી ગયેલ હોય જે આજદિન સુધી નાસતો ફરતો હતો. બે મહિના પહેલા હરસુખ, રોહિત અને એક બાળકિશોર અને સંજય સુરેશ વાઘેલાએ અલગ-અલગ સ્થળોએ બાઈક લઈને બગસરા માવજીંજવા ગામે રહેણાંક મકાનમાંથી ઘરફોડ ચોરી કરેલ, દોઢ મહિના પહેલા જામકા ગામે મકાનના તાળા તોડી રોકડ રકમ, સોનાના દાગીનાની ચોરી, હાલરીયા ગામે બંધ મકાનમાંથી રોકડ અને દાગીનાની ચોરી, જેતપુરના ખીરસરા ગામે દૂધ-મંડળીના તાળા તોડી રોકડ રકમ અને ડીવીઆરની ચોરી, બાજુમાં આવેલ સ્વામિનારાયણ મંદિરમાંથી દાનપેટી તોડી રોકડ રકમની ચોરી, વડીયાના તાલાળી ગામે ઘરફોડ ચોરી કરી હતી તેમજ ગઢડાના સખપર, પોરબંદરના ગરેજ, હામાપુર, જામજાધપુર, જેતપુરના થાણાગાળોલમાં બાઈક અને દૂધ ઉત્પાદક મંડળીમાંથી ચોરી, દેરડી, બગસરાના હુલરીયા ગામેથી બાઈકની ચોરી કરી હોવાની કબુલાત આપી હતી. આમ વિવિધ જિલ્લાઓમાંથી બાઈક ચોરીને અંજામ આપ્યો હતો. ઘરફોડ અને બાઈક ચોરી સાથે સંડોવાયેલા આરોપીઓ બળદોના વેચાણ અર્થે જે તે ગામડાઓમાં બળદગાડા તથા બકરા લઈ પડાવ નાખતા હતા અને ત્યાં રોકાઈને આજુ-બાજુના ગામોની રેકી કરી મોટરસાયકલની ચોરી કરતા હતા. ઘરફોડ ચોરીમાં આ મોટરસાયકલનો ઉપયોગ કરી અને મોટરસાયકલને રેઢુ મૂકી ફરાર થઈ જતા હતા. વડીયા તાલુકાના સનાળી ગામે રહેતા હરસુખ ઉર્ફે ચૂવી કાળુ વાઘેલા સામે મોરબી અને વંથલી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયેલ હોવાનું જાણવા મળ્યું.

### અરજી કરવાની છેલ્લી તા.13 જાન્યુઆરી 2026 રહેશે

# વાવ-થરાદ જિલ્લાના વિદ્યાર્થીઓ માટે UPSC લક્ષ્યવેધ, માર્ગદર્શક યોજના અમલમાં મુકાઇ

મહેશ સોલંકી | પાલનપુર તા.08

વાવ-થરાદ જિલ્લાના તેજસ્વી વિદ્યાર્થીઓને યુનિયન પબ્લિક સર્વિસ કમિશનની સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે પ્રોત્સાહન મળે તે હેતુસર વર્ષ ૨૦૨૫- ૨૬ અંતર્ગત યુ.પી.એસ.સી. લક્ષ્યવેધ યોજના અને વાવ - થરાદ માર્ગદર્શક યોજના અમલમાં મુકવામાં આવી છે.યુ.પી.એસ.સી. લક્ષ્યવેધ યોજના અંતર્ગત જિલ્લાના તેજસ્વી ૬૫ વિદ્યાર્થીઓ પૈકી પ્રથમ ૧૫ વિદ્યાર્થીઓને વાર્ષિક રૂ.૧૫,૦૦૦/- તથા ત્યારબાદના ૫૦ વિદ્યાર્થીઓને વાર્ષિક રૂ.૫,૦૦૦/- ની નાણાકીય સહાય યુ.પી.એસ.સી. પરીક્ષાની તૈયારી માટે એક વાર પૂરી પાડવામાં આવશે. વાવ - થરાદ માર્ગદર્શક યોજના અંતર્ગત જિલ્લાના તેજસ્વી વિદ્યાર્થીઓને યુ.પી.એસ.સી. દ્વારા આયોજિત પરીક્ષા માટે માર્ગદર્શન અને કોચિંગ સુવિધા પણ આપવામાં આવશે. આ યોજનામાં અરજી તા.




૮થી તા. ૧૩/૦૧/૨૦૨૬ સુધી કરી શકાશે. આ યોજના માટે લાયકાત યુ.પી.એસ.સી. લક્ષ્યવેધ યોજના માટે ધોરણ-૧૨ પાસ, વર્ષ ૨૦૨૫માં પૂર્ણ કરેલ હોય તેવા તમામ પ્રવાહના માત્ર વાવ - થરાદ જિલ્લાના વતની હોય તેવા વિધાર્થી.

વાવ - થરાદ માર્ગદર્શક યોજના માટે ધોરણ-૧૧/૧૨ માં અભ્યાસ ચાલુ હોય કે તેથી વધુ અભ્યાસ કરેલ હોય તેવા તમામ પ્રવાહના માત્ર વાવ - થરાદ જિલ્લાના વતની હોય તેવા વિધાર્થી. અરજી કરવા માટે માગ્યા મુજબની માહિતી https://forms.gle/htGB9WU6ZYw5gbtq7 ગૂગલ ફોર્મમાં ભરી સબમિટ કરવાની રહેશે.

# ભાવનગરના આંગણે કેન્સર સામે લડવા આવશે રથ: CMએ કરી ભેટ અર્પણ

વિજયવીર યાદવ | ગાંધીનગર તા.08

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેન્સરની વહેલી પ્રાથમિક તપાસ માટે મહત્વપૂર્ણ એવી કેન્સર સ્ક્રિનિંગ વાન - આશા વાનનું ગાંધીનગરમાં લોકાર્પણ કર્યું હતું. ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીની ભાવનગર બ્રાન્ચને જેનબર્ક ફાર્માસ્યુટિકલ દ્વારા ડોનેશન તરીકે આ આશા વાન ભેટ આપવામાં આવી છે. આ વાન EVA-Pro ડાયગ્નોસ્ટિક્સ ,મેમોગ્રાફી યુનિટ અને નિષ્ણાંત ટેલી કન્સલટેશનથી સજ્જ છે. એટલું જ નહીં, ખાસ કરીને લંગ કેન્સર, ઓરલ કેન્સર, બ્લડ કેન્સર, સર્વાઈકલ કેન્સર, પેન્ક્રિયાટિક કેન્સર તેમજ લીવર કેન્સર, બ્રેસ્ટ એન્ડ પ્રોસ્ટેટ કેન્સર જેવા રોગોના નિદાન માટેનું સ્ક્રિનિંગ અલ્ટ્રા મોડર્ન ઈન્સ્ટ્રુમેન્શનથી આ વાન મારફતે જે તે સ્થળ પર થઈ શકશે.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે તા.12 જાન્યુઆરીએ અમદાવાદ ખાતે પતંગ મહોત્સવનું ઉદ્ઘાટન

# અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-26માં 50 દેશોના 135 પતંગબાજો સહભાગી થશે

વિજયવીર યાદવ | ગાંધીનગર તા.08

ગુજરાતમાં ઉત્તરાયણ એટલે કે મકરસંક્રાંતિના તહેવારનું આગવું મહત્વ છે. સમગ્ર રાજ્યના પતંગ રસિયાઓ રંગબેરંગી પતંગો હવામાં ઉડાડીને ઉત્તરાયણનો તહેવાર ઉજવે છે. આ વર્ષે 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૬'નો ઉદ્ઘાટન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે તા.૧૨ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સવારે સાબરમતી રિવરફ્રન્ટ, અમદાવાદ ખાતે કરવામાં આવશે. આ ઉદ્ઘાટન સમારોહમાં જર્મનીના ચાન્સેલર ફ્રેડરીક મર્ઝની પ્રેરક ઉપસ્થિત રહેશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ



સંઘવીના માર્ગદર્શનમાં 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૬'નું આયોજન પુરજોશમાં કરવામાં આવી રહ્યું છે.

અમદાવાદ ખાતે તા.૧૨ થી ૧૪ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન યોજાનાર 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૬'ના મુખ્ય આકર્ષણના કેન્દ્રોમાં આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય પતંગબાજો વિવિધ પ્રકારના શ્રેષ્ઠ મોટા પતંગોની ઉડાન કરશે. આ ઉપરાંત તા. ૧૩ જાન્યુઆરીના રોજ રાત્રિ પતંગ ઉડાન કરવામાં આવશે. અમદાવાદની વારસાગત સ્થાપત્ય પરંપરાને દર્શાવતી હેરિટેજ હવેલી અને પૌરાણિક પોળ, રંગબેરંગી હસ્તકલા બજાર, હેરિટેજ વોક-વે પર રચાયેલ પતંગ મ્યુઝિયમ, આકર્ષક આઈકોનિક ફોટો વોલ ઈન્સ્ટોલેશન્સની સાથોસાથ સાંજે ૦૭:૦૦ વાગ્યાથી વિશેષ સાંસ્કૃતિક કાર્યક્રમો નગરજનોને આકર્ષિત કરશે. જેમાં સુપ્રસિદ્ધ લોક ગાયિકા કિંજલબેન દવે પ્રસ્તુતિ કરશે.

### ધર્મેશ્વર મહાદેવ મંદિરના સ્વ.મહંતના રૂમમાંથી

# રાજપીપળામાં શંકાસ્પદ વાઘનું ચામડું અને નખ મળી આવ્યા

ભરત શાહ | નર્મદા તા. 08

એક તરફ ગુજરાતમાં વાઘની પ્રજાતિ લુપ્ત થતી જાય છે ત્યારે બીજી બાજુ નર્મદા જિલ્લાના રાજપીપળા નજીક ધર્મેશ્વર મહાદેવ મંદિરના એક રૂમ માંથી મોટી સંખ્યામાં શંકાસ્પદ વાઘનું ચામડું મળી આવતા રાજપીપળા વન વિભાગે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.આ ચામડું વાઘનું છે કે નકલી છે એની તપાસ માટે રાજપીપળા વન વિભાગે સેમ્પલ એફ.એસ.એલ માટે મોકલવાની કાર્યવાહી હાથ ધરી છે. રાજપીપળા રેન્જ વન વિભાગના આર.એફ.ઓ જીગ્નેશ સોનીના જણાવ્યા મુજબ રાજપીપળા નજીક ધર્મેશ્વરમહાદેવમંદિરનું રિનોવેશનનું કામ ચાલી રહ્યું હતું.એ દરમિયાન



ત્યાંના સ્વર્ગસ્થ મહંતના રૂમ માંથી ખરાબ વાસ આવતી હોવાનું એમના ધ્યાને આવ્યું હતું.એ દરમિયાન વર્ષો જૂની એક પતરાની પેટીમાં કોઈ વન્ય પ્રાણીનું ચામડું હોવાનું જાણતા જ એ મંદિરના ટ્રસ્ટીઓએ રાજપીપળા વન વિભાગના આર.એફ.ઓ જા જીગ્નેશ સોનીને જાણ કરી હતી.જે બાદ અમે અમારી ટીમ સાથે ત્યાં પહોંચી તપાસ હાથ ધરતા પેટીમાં શંકાસ્પદ વાઘનું ચામડું તથા નખ હોવાનું અમને જાણવા મળ્યું હતું.

# જૂનાગઢમાં ઉત્તરાયણ પર કલેક્ટરની સૂચના: ઝેરીલા માંજા પર કડક પ્રતિબંધ!

નરેન્દ્ર દવે | જૂનાગઢ તા.08

જૂનાગઢ જિલ્લા વિસ્તારમાં આગામી ઉત્તરાયણ પર્વ દરમિયાન જાહેર જનતાને વિદ્યુત એકમો પ્રત્યેની અવગણનાને લીધે અકસ્માત થવાની સંભવના હોય, જેથી માનવ અને પશુ-પક્ષી ઓના જીવનને અકસ્માત ન થાય તે માટે નિવારક પગલાં લેવા જરૂરી છે. ત્યારે ભારતીય દંડ સંહિતા ૨૦૨૩ની કલમ ૧૬૩ હેઠળ જૂનાગઢ જિલ્લા વિસ્તારમાં પતંગ ઉડાડવા માટે ધાતુ આધારીત માંજા, મેટાલિક દોરાઓ, પ્લાસ્ટિક એર બલૂન અને ઓડીયો મેગ્નેટીક ટેપનાં વેચાણ અને ઉપયોગ પર પ્રતિબંધ મુકવામાં આવે છે. આ જાહેરનામુ તાત્કાલિક અસરથી તા.૧૬/૦૧/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.

### સોમનાથ: વિનાશ સામે આસ્થાના વિજયની અમર ગાથા

# ગઝનવીના આક્રમણથી લઈ PM મોદીના આધુનિક વિઝન સુધીની વિકાસયાત્રા

વિજયવીર યાદવ | ગાંધીનગર તા.08

ભારતીય સંસ્કૃતિ અને આધ્યાત્મિકતાના કેન્દ્રસમાન સોમનાથ મંદિરનો ઈતિહાસ અડગ શ્રદ્ધા અને અવિરત પુનર્નિર્માણની અપ્રતિમ કહાની છે. દ્વાદશ જ્યોતિર્લિંગોમાં પ્રથમ સ્થાન ધરાવતું આ પવિત્ર ધામ સદીઓથી ભારતીય અસ્મિતાનું રક્ષક રહ્યું છે. સોમનાથ મંદિરની ભવ્યતા અને સમૃદ્ધિ જ પ્રાચીન સમયમાં આક્રમણખોરો માટે આકર્ષણનું કારણ બની હતી. ઈ.સ. 1025-26માં અફઘાનિસ્તાનના ગઝની પ્રાંતના



સુલતાન મહમદ ગઝનવીએ સોમનાથ પર તેનું સૌથી વિનાશક આક્રમણ કર્યું હતું. તે સમયે સોમનાથ અતિ સમૃદ્ધ ધાર્મિક કેન્દ્ર હતું, જેને લૂંટવા માટે ગઝનવીએ રણપ્રદેશના કઠિન માર્ગો પાર કર્યા હતા. સ્થાનિક શાસકો અને પ્રજાએ વીરતાપૂર્વક પ્રતિકાર કર્યો, પરંતુ ગઝનીએ મંદિરને ભારે નુકસાન પહોંચાડી સંપત્તિની લૂંટ ચલાવી. તેમ છતાં, ગઝની આસ્થાને ખતમ કરવામાં નિષ્ફળ રહ્યો. તેના ગયા બાદ તુરંત જ ચૌલુક્ય (સોલંકી) શાસકોએ મંદિરનું પુનઃનિર્માણ કરી સંસ્કૃતિને જીવંત રાખી હતી. ભારતની આઝાદી બાદ સોમનાથ મંદિરનું નવસર્જન એ રાષ્ટ્રીય આત્મગૌરવનો વિષય બન્યો હતો. લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલે 1947માં મંદિરને તેના મૂળ ગૌરવ સાથે પુનઃનિર્મિત કરવાનો સંકલ્પ કર્યો.

### રાજ્યપાલની અધ્યક્ષતામાં સોલૈયા ગામે રાત્રી સભા યોજાઇ

# માત્ર સંપત્તિ નહીં, પરંતુ સંસ્કાર સૌથી મોટો વારસો : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી

વિજયવીર યાદવ | ગાંધીનગર તા.08

સોલૈયા ગામમાં આયોજિત રાત્રી સભામાં રાજ્યપાલ દેવવ્રતજીએ ગ્રામજનોને પ્રાકૃતિક ખેતી, પશુપાલન, સ્વચ્છતા, વ્યસનમુક્તિ, બાળકોમાં સંસ્કારોનું સિંચન જેવા વિષયો પર માર્ગદર્શન આપ્યું હતું. રાજ્યપાલશ્રીએ ગ્રામજનોને પોતાના સંતાનોના સર્વાંગી વિકાસ માટે સારા સંસ્કાર, આદર્શ વિચારો, ઉત્તમ શિક્ષણ અને વ્યસનમુક્ત જીવન પર ખાસ ધ્યાન આપવા અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે, માત્ર સંપત્તિ નહીં, પરંતુ સંસ્કાર સૌથી મોટો વારસો છે. સંયુક્ત પરિવાર અને પરસ્પર ભાઈચારા જેવી ભારતીય સાંસ્કૃતિક પરંપરા જ સાચી



શક્તિ છે. માણસા તાલુકાના સોલૈયા ગામની મુલાકાતના પ્રથમ દિવસે રાજ્યપાલએ સોલૈયા પ્રાથમિક શાળામાં રાત્રિ રોકાણ કર્યું હતું. રાજ્યપાલ ગામમાં રહેતા અનુસૂચિત જાતિ પરિવારના શ્રીમતી હીરાબેન રમણભાઈ પરમારના ઘરે સાદું અને સાત્વિક ભોજન કર્યા બાદ અંબાજી મંદિરના પ્રાંગણમાં રાત્રીસભા-ખાટલા પરિષદમાં સહભાગી થયા હતા.

### નવું વર્ષ, નવી આદતો: 10માંથી 7 ભારતીયોનું માનવું છે કે

# કેલિફોર્નિયા બદામ વજન નિયંત્રણમાં મદદ કરે છે – યુગોવ સર્વે તપાસે દર્શાવ્યું

(એજન્સી) નવી દિલ્હી તા.08

નવા વર્ષની શરૂઆત સાથે આરોગ્ય સંબંધિત લક્ષ્યો કેન્દ્રસ્થાને આવી રહ્યા છે, જેમાં વજન નિયંત્રણ ઘણીવાર સંકલ્પ યાદીમાં સર્વોચ્ચ સ્થાન ધરાવે છે. લોકો પોતાની દૈનિક રૂટીનમાં નવી ગોઠવણી કરી વધુ તંદુરસ્ત અને ઊર્જાવાન અનુભવ માટે ટકાઉ માર્ગોની શોધ કરી રહ્યા છે, ત્યારે સચેત આહાર અને સંતુલિત પોષણનું મહત્વ ફરી એકવાર વધ્યું છે. આ પરિવર્તનને પ્રતિબિંબિત કરતાં, આલ્મન્ડ બોર્ડ ઑફ કેલિફોર્નિયાની સહભાગીતામાં કરવામાં આવેલા નવા યુગોવ સર્વેમાં ખુલાસો થયો છે કે ભારતીય ગ્રાહકો નિયમિત કસરતથી લઈને રોજિંદા સ્વાસ્થ્યને સહારો આપતા પોષક તત્વોથી ભરપૂર ખોરાક પસંદ કરવા જેવી વધુ આરોગ્યદાયક જીવનશૈલી અપનાવી રહ્યા છે. આમાં, કેલિફોર્નિયા બદામ સવારના દિનચર્યાઓ અને નાસ્તાની આદતોમાં મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે, જ્યાં ઘણા લોકો તેને વધુ તૃપ્તિ, ખોરાકની તૃષ્ણાઓ પર વધુ સારી નિયંત્રણ અને દિવસભર સતત ઉર્જા સાથે સાંકળે છે. ભારતના 16 શહેરોમાં કરવામાં આવેલા આ સર્વેમાં આરોગ્યકેન્દ્રિત અને સર્વાંગી જીવનશૈલી તરફ વધતા વલણને પણ ઉજાગર કરવામાં આવ્યું છે. મોટાભાગના પ્રતિભાવદાતાઓ (92%) આરોગ્ય અને પોષણ પ્રત્યે મજબૂત રસ દર્શાવે છે, જેમાંથી 51% લોકો દૈનિક કસરત સાથે સક્રિય જીવનશૈલી અપનાવી રહ્યા હોવાનું જણાવે છે. આ ઉપરાંત, 63% પ્રતિભાવદાતાઓ વજન સંચાલન કરવાનો પ્રયાસ કરી રહ્યા હોવાનું કહે છે–જેમાં રોજિંદી કસરત, વધુ પાણી પીવું અને ખાંડના સેવનમાં ઘટાડા જેવી નિયમિત આદતો સામેલ છે.

# લેખકોની અલગારી રખડપટ્ટી અને ટ્રોફી માર્કેટનો હિસાબ: ઇસ દુનિયા મેં કુછ મુફ્ત નહીં!

નારાયણ..નારાયણ..નારાયણ..

શિયાળાની અસહ્ય ઠંડીના લીધે બાલ્કની ના ઝૂલા પર બેસી ને નિયમિત આકાશ મા વિહરતા નારદજી સાથે મુલાકાત ઓછી થઈ ગઈ છે. નિત્ય રાતે ચમકતા ગ્રહ, નક્ષત્રો,તારાઓ સાથે વાતચીત પણ ઠંડી ના લીધે થતી નથી. કાલે રાતે કાચ માંથી ડોકયું કરીને એ પૂર્ણ કળા એ ખીલેલ ગેલેક્સી એ મને પૂછ્યું કે એલી ક્યાં ગાયબ થઈ ગઈ છો? ધરતીપુત્રીની પંચાત ની વાતો અધૂરો મૂકી ને ક્યાં ગુમ છો? પંચાત કરીને ભૂલી જાય એનું નામ વિદૂષક એટલે પૂછ્યું ગેલેક્સી ને કે કોણ ધરતી પુત્રી? એ લોકો ખડખડાટ હસતા હસતા બોલ્યા કે "ધરતી પુત્રી" એ કે જેનો કિસ્સો લેખકે રહસ્મય બનાવી દીધો છે. આમ અધૂરી પંચાત મૂકી ને અદશ્ય થઇ જાવ એવું ન ચાલે મતલબ ન જ ચાલે. પંચાત રસનો આનંદ કોને ન આવે? હવા માં "પેલી ઘરબાર છોડી નીકળી ગઈ કે પેલો એની બૈરી ને પાછળ કાલિદાસ બની ગયો" વગેરે વગેરે વાત વહેતી થયા ત્યારે તો મેઘ ને પણ બારે માસ ખાંગા થવાનું મન થઈ જાય છે. કાલ " હેન્ડસમ મજનુ ભમરા" સાથે ધરતી પુત્રીના રહસ્યમય પંચાત ની વાતો થતા જ પંચાત ની અસર માં હેન્ડસમ મજનુ ભમરો રસ તરબોળ બની ને ભૂલી ગયો કે એ એની લૈલા સાથે રોમેન્ટિક વાતો કરવા માટે પ્રગટ થયો હતો.આમપણ પ્રેમમાં પાગલ ને પંચાત કરતા પંચાત કરતી લૈલામા રસ હતો એટલે તો ધરતી પુત્રીની રહસ્યમય પંચાત નો આનંદ માણતા માણતા એની લૈલા સાથે એ ટીપી મતલબ ટાઈમ પાસ ની મજા લેતો હતો.

મારા મતે ત્રણ ઋતુ ઓમાં સૌથી આકરી ઋતુ શિયાળો છે, કેમ? વિદેશ માં વસ્તા ભારતીયો ને પૂછશો તો ઠંડી ની ઋતુ નો આતંક શું? સમજાશે. સવારના ઉઠતાવેંત થી લઈને રાત સુધી કડકડતી ઠંડીમાં ઘર આંગણે થી બરફ હટાવવાનું કામ ત્યાંના લોકોની શિયાળા ની ઋતુમાં મુખ્ય દિનચર્યા બની જતી હોય છે. મારા તમારા જેવા ગુજરાતીઓને વીસ ડિગ્રી ઠંડી પણ હાડ ગાળી નાખે એવી લાગે છે તો બરફ વર્ષા ક્યાંથી સહન થાય. આપણે ગુજરાતીઓ બધા થી અલગ એટલે શિયાળાની ઋતુમાં વીસ ડિગ્રી ઠંડી વધારે લાગે ને ઉનાળા માં પિસ્તાલીસ ડિગ્રી ગરમી સહન ન થાય એટલે વીસ ડિગ્રી એસી માં આનંદ કરીએ.આપણે લાગણીશીલ સ્વભાવ ના એટલે તો ગુજરાત ના ખૂણે ખૂણે કવિઓ અને લેખકોની વસ્તી વધારે છે. લેખકો અને કવિઓનું એવું છે ને કે લાગણીઓમાં મહેનતાણું ના મળ્યું તો પણ ચાલે નહી દોડે છે બિચારો નિયમિત કલ્પના ના ઘોડા ને છાપે છે એજ આપણા માટે ખૂબ મોટી વાત છે.ફેસબુક ઓપન કરતા જ કવિઓને શિલ્ડ,ટ્રોફી,સર્ટિફિકેટ લેતા નિહાળી ને થાય છે કે કદાચ એકલા અમદાવાદ માં નિત્ય વીસ પચ્ચીસ કવિ સંમેલનો તો થતા જ હશે. બીજું તો ઠીક પાણી પૂરી વાળા ની માફક "ટ્રોફી માર્કેટ" પણ ધૂમ કમાણી કરતું હશે. સાચું કહું ફેસબુક ઓપન કરતા જ "અભિનંદન.. અભિનંદન" લખતા લખતા હાથ થાકી જાય છે.આપણે હોંશીલા એટલે થોડા મહિનાઓ પહેલા ગિરનાર વિષય પર લખેલ કાવ્ય ગ્રંથ માં ગાંઠ ના રૂપિયા ખર્ચી ને સર્ટિફિકેટ,મેડલ અને ટ્રોફી ઘરે લાવ્યા ત્યારે તો ખૂબ આનંદ માં હતા પણ




પંચાત રસ

- રુપાલી દવે

કડક ગૃહિણી બની ને આવવા જવાનો,રહેવાનો અને જમવાનો વગેરે સાથે ટ્રોફી નો હિસાબ કર્યો ત્યારે દર્દ માં અમિતાભ બચ્ચનની ફિલ્મ નો ડાયલોગ યાદ આવ્યો "ઈસ દુનિયા મેં કુછ મુફ્ત કા નહી મિલતા..”..

મારું તો માનવું છે કે લેખકો એ વધારે ને વધારે પ્રવાસ કરવા જોઈએ વર્ષ માં વધારે ન જવાય તો એક દ બે પ્રવાસ તો એકલા "અલગારી રખડપટ્ટી" ની માફક કરવા જોઈએ.ટ્રેન,રેલ્વે સ્ટેશન, પ્રવાસન સ્થળ વગેરે જગ્યા એ ભ્રમણ કરતા કરતા વિચાર ભૂખ્યું મન નવા વિચારો ના ખોરાક થી તંદુરસ્ત બની જશે. લેખકો એ ખૂબ બુદ્ધિશાળી હોય છે એટલે એના મગજ માં તર્ક વિતર્કો ના ઘોડા દોડતા રહેતા હોય છે.લેખકો નું વહેતા પાણી જેવું હોય છે વહેતું પાણી એક જગ્યા એ અટકી પડે તો એ ગંધાઈ જતું હોય છે. આ પરથી એટલું સમજો કે એક ની એક જગ્યા પર વર્ષ થી વધારે ટકી જતા લેખકો ના મગજ ના ઘોડા વધારે દોડ્યા તો પાર્ટનર નું કામ તો સમજો.આ કારણોસર જ મારા ઘરના વર્ષ માં ચાર પાંચ યાત્રાઓ અરેન્જ કરતા હોય છે. મારો ખુદ નો પર્સનલ અનુભવ એ છે કે સમારંભો કે સંમેલનો કરતા પ્રવાસ માં વધારે મને આનંદ મળે છે. મુંબઈ સેન્ટ્રલ પર ટ્રેન ની રાહ જોતા બેઠા હતા ત્યારે મારી સામેની સીટ પર બેઠેલ પ્રવાસ માંથી વતન માં પરત ફરી રહેલ પ્રવાસીઓના મુખ પરનો થાક જોતા લાગ્યું કે એના મુખ પર થાક પ્રવાસ નો ઓછો ને એની સાથેના તોફાની બારકસ ટેણિયો ઓનાં તોફાનો નો વધારે દેખાતો હતો.બાંકડા પર પ્રવાસ માં થાકી કંટાળી ને બેઠેલ પરિવારના બુઝુર્ગો, પ્રૌઢો અને યુવાનિયાં ઓના થાક સામે ટાબરિયા ઓની ચુસ્તી કુર્તી એવી હતીને કે ટ્રોલી બેગ ની છુક છુક ગાડી બનાવી ને મસ્ત રમતા હતા. મને મનોમન બાળકો ની સ્ફૂર્તિ પરથી લાગતું હતું કે થોડીવારમાં નક્કી બાપા ના મેથીપાક નો શિકાર બનશે..

કોઈ આપણા ને કહે કે અમે ખૂબ દુ:ખી છીએ ત્યારે વ્યક્તિ ને બદલે "દુ:ખી" શબ્દ પકડી લેતા એમાં જ ગોથા ખાઈએ છીએ.જ્યારે બે વ્યક્તિની નજર એક ઘટના પર પડે છે ત્યારે બન્ને નું એના વિશે અવલોકન અલગ અલગ હોય છે,કેટલું વિચિત્ર છે? મારા દિકરા એ મને સમજાવ્યું કે દરેક ઘટના પર નિર્ણય ઝડપ થી લેવો જોઈએ નહી, નજર સામે દેખાતી વસ્તુ ને ભ્રમ અને પડછાયા વચ્ચેની પાતળી રેખા સમજ. મુંબઈ સેન્ટ્રલ સ્ટેશન પર અચાનક મારી નજર આંધળી સ્ત્રી અને એની સાથેના આઠ દસ વર્ષ ના લઘરવઘર સ્માર્ટ ફોન ને ચાર્જિંગ કરી રહેલ છોકરા પર પડી. પ્રથમ દૃષ્ટિ એ મને એવું લાગ્યું કે નક્કી આંધળી સ્ત્રીને અને છોકરા નું



ભીખ માંગવા હેતુ અપહરણ થયું હશે અથવા તો કોઈ સ્ટેશન પર મૂકીને ચાલ્યું ગયું હશે. આપણે લેખક એટલે લાગણીઓથી વધારે વિચારતા હોઈએ છીએ.દીકરા ના કહેવાથી "દર્દ" શબ્દ પર ફોક્સ કરતા સમજાયું કે આંધળી સ્ત્રી અને છોકરો બન્ને ના ચહેરા ખુશખુશાલ છે,કેમ? મોબાઈલ મળ્યો એટલે કે પછી અન્ય..શું? મુંબઈ સેન્ટ્રલ ના ખૂણા માં ખિસ્સા કાતરુ થી સાવધાન વાક્ય મરાઠી ભાષા માં લખ્યું છે.. પંચાત કરવા બેસો તો યુગ નીકળી જાય ને સમય ઓછો પડે ચાલો ત્યારે "નવી પંચાત" ની શોધ માં નીકળીએ.. નારાયણ..નારાયણ..

# ધ રાજા સાબ ફિલ્મ રિલીઝ પહેલા પ્રભાસનો નવો અવતાર જોઈ ચાહકો થઇ ગયા ફિદા



મુંબઈ: ભારતીય સિનેમાના સુપરસ્ટાર અને બાહુબલી તરીકે જગવિખ્યાત અભિનેતા પ્રભાસની આવતીકાલે એટલે કે ૯ જાન્યુઆરીના રોજ વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી કલાકો પૂર્વે જ નિર્માતાઓ દ્વારા પ્રભાસનો એક અત્યંત આવ્યો છે, જેને જોઈને પ્રેક્ષકો આશ્ચર્યચકિત થઈ જોવાઈ રહી હતી તેવા આ પ્રોજેક્ટને લઈને મળી રહ્યો છે અને ઈન્ટરનેટ પર માત્ર આ અંગારા અને આક્રમક અંદાજ તાજેતરમાં જે લુક દેખાઈ રહ્યો છે તે ખરેખર રૂંવાડા હાથમાં સળગતી મશાલ છે અને તેની છે. પ્રભાસનો આ આક્રમક અંદાજ ધમાકેદાર લઈને આવી રહ્યો છે. વાયરલ થતા જ ચાહકો તેને શ્રેષ્ઠ અને નવો અવતાર ઉત્સુકતામાં અનેકગણો એન્ટરટેનરનો નવો તડકો સૂત્રો સાબ' એક હોરર-કોમેડી અને અનોખા પાત્રમાં જોવા ફિલ્મની વાર્તા દર્શકોને સિનેમાઘરો સુધી ખેંચી લાવવામાં સો ટકા સફળ રહેશે. ટિકિટ બારી પર પ્રચંડ પ્રતિસાદ ફિલ્મની રિલીઝ પહેલા જ એડવાન્સ બુકિંગમાં ધૂમ જોવા મળી રહી છે.

મોસ્ટ અવેટેડ ફિલ્મ 'ધ રાજા સાબ' છે. ફિલ્મની રજૂઆતના ગણતરીના શક્તિશાળી ફર્સ્ટ લુક જાહેર કરવામાં ગયા છે. લાંબા સમયથી જેની રાહ ચાહકોમાં જબરદસ્ત ઉત્સાહ જોવા ફિલ્મની જ ચર્ચા થઈ રહી છે. આંખમાં જારી કરાયેલા ફિલ્મના પોસ્ટરમાં પ્રભાસનો ઉભા કરી દે તેવો છે. પોસ્ટરમાં અભિનેતાના આંખોમાં અંગારા જેવી તીવ્રતા જોવા મળી રહી દર્શાવે છે કે આ વખતે તે કંઈક અલગ અને સોશિયલ મીડિયા પર આ તસવીરો પ્રભાસનો અત્યાર સુધીનો સૌથી ગણાવી રહ્યા છે. આ લુકે ફિલ્મ પ્રત્યેની વધારો કરી દીધો છે.હોરર- દ્વારા મળતી માહિતી મુજબ, 'ધ રાજા એન્ટરટેનર ફિલ્મ છે, જેમાં પ્રભાસ એક મળશે.જાણકારોનું માનવું છે કે પ્રભાસનો નવો અવતાર અને

**ચાહકો દ્વારા ઉજવણીની તૈયારીઓ**...માત્ર સિનેમાઘરોમાં જ નહીં, પણ રસ્તાઓ પર પણ પ્રભાસના મોટા કટ-આઉટ્સ અને પોસ્ટર્સ લગાવવામાં આવ્યા છે. ચાહકો પોતાના મનપસંદ સ્ટારની ફિલ્મને આવકારવા માટે ઢોલ-નગારા અને દૂધ અભિષેક જેવી તૈયારીઓ કરી રહ્યા છે. સોશિયલ મીડિયા પર હેશટેગ 'ધ રાજા સાબ' સતત ટ્રેન્ડ કરી રહ્યું છે. જે રીતે પ્રભાસનો નવો અવતાર લોન્ચ થયો છે, તેણે વિરોધીઓના મોઢા પણ બંધ કરી દીધા છે. હવે સૌની નજર આવતીકાલના ભવ્ય ઉદઘાટન પર ટકેલી છે.

# ટૉક્સિક ફિલ્મ ટીઝર રિલીઝ એનિમલ કરતા પણ વધુ ખતરનાક અંદાજમાં ત્રાટક્યો રોકી



બેંગલુરુ: કન્નડ સિનેમાના સુપરસ્ટાર અને સમગ્ર ભારતમાં 'રોકી ભાઈ' તરીકે ખ્યાતિ મેળવનાર અભિનેતા યશ આજે પોતાનો ૪૦મો જન્મદિવસ ઉજવી રહ્યા છે. આ ખાસ અને યાદગાર પ્રસંગે યશે તેના કરોડો ચાહકોને આતુરતાનો અંત આણતા એક એવી ભેટ આપી છે જેની કલ્પના પણ કોઈએ કરી ન હતી. યશની આગામી મોસ્ટ અવેટેડ ફિલ્મ 'ટૉક્સિક' નું ધમાકેદાર ટીઝર આજે સત્તાવાર રીતે રિલીઝ કરવામાં આવ્યું છે. આ ટીઝર સામે આવતાની સાથે જ સિનેમા જગતમાં ખળભળાટ મચી ગયો છે અને લોકો કહી રહ્યા છે કે આ ફિલ્મ બોક્સ ઓફિસ પરના તમામ જૂના રેકોર્ડ તોડી પાડશે. રાયાના રૌદ્ર અવતારમાં યશની એન્ટ્રી ટૉક્સિક ફિલ્મ ટીઝર રિલીઝ થતાની સાથે જ જે બાબતે સૌથી વધુ ધ્યાન ખેંચ્યું છે તે છે યશનો અદભુત નવો લુક. ટીઝરમાં યશ 'રાયા' નામના પાત્રમાં જોવા મળી રહ્યો છે. અંધકાર, આગ અને ધુમાડાના વાતાવરણ વચ્ચે હાથમાં અત્યાધુનિક બંદૂક અને મોઢામાં સિગાર સાથેનો તેનો અંદાજ 'કેજીએફ' ના રોકી ભાઈ કરતા પણ વધુ આક્રમક અને ખતરનાક લાગી રહ્યો છે. ચાહકો આ લુકને જોઈને મંત્રમુગ્ધ થઈ ગયા છે.

ટીઝરનું બેકગ્રાઉન્ડ મ્યુઝિક અને યશની સ્વેગ વાળી એન્ટ્રીએ રૂંવાડા ઉભા કરી દીધા છે. એનિમલ કરતા પણ વધુ ખતરનાક હોવાનો દાવો સોશિયલ મીડિયા પર આ ટીઝર વાયરલ થતા જ વિવેચકો અને પ્રેક્ષકો તેની સરખામણી તાજેતરની બ્લોકબસ્ટર ફિલ્મો સાથે કરી રહ્યા છે. સૂત્રો દ્વારા એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે ટૉક્સિક ફિલ્મ ટીઝર રિલીઝમાં જે હિંસા અને એક્શનની ઝલક જોવા મળી છે, તે રણબીર કપૂરની 'એનિમલ' કરતા પણ વધુ સ્ફોટક હશે. આ એક એક્શન ડ્રામા ફિલ્મ છે જે ડ્રગ માફિયા અથવા આંતરરાષ્ટ્રીય ગેંગસ્ટરની પૃષ્ઠભૂમિ પર આધારિત હોવાની શક્યતા છે. યશનો આ ડાર્ક અને શેડી રોલ તેના કરિયરનો સૌથી મોટો વળાંક સાબિત થઈ શકે છે. જન્મદિવસની ભવ્ય ભેટ અને પ્રશંસકોનો ઉત્સાહ અભિનેતા યશનો જન્મ ૮ જાન્યુઆરી, ૧૯૮૬ ના રોજ થયો હતો અને આજે તેઓ ૪૦ વર્ષના થયા છે. ગઈકાલે જ તેમણે સોશિયલ મીડિયા પર જાહેરાત કરી હતી કે તેઓ પોતાના જન્મદિવસ પર કંઈક ખાસ સરપ્રાઈઝ આપશે. ટીઝર રિલીઝ થતાની સાથે જ યુટ્યુબ પર વ્યુઝનો પૂર આવ્યો છે. મીડિયા અહેવાલ અનુસાર, માત્ર થોડી જ મિનિટોમાં લાખો લોકોએ આ ટીઝર નિહાળ્યું છે

# બાલિકા વધૂથી ફેમ મેળવનારી અવિકા ગોર પ્રેગ્નન્ટ હોવાની ચર્ચા..



ટેલિવિઝન જગતની લોકપ્રિય ધારાવાહિક 'બાલિકા વધૂ' માં નાની 'આનંદી' નું પાત્ર ભજવીને ઘરે-ઘરે જાણીતી બનેલી અભિનેત્રી અવિકા ગોર હાલમાં પોતાની અંગત જિંદગીને લઈને સમાચારમાં છવાયેલી છે. છેલ્લા કેટલાક કલાકોથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર એવી અફવાઓ જોર પકડ્યું છે કે અવિકા ગોર પ્રેગ્નન્ટ છે. આ અટકળો ત્યારે તેજ બની જ્યારે તેના પતિ મિલિંદ ચંદવાનીએ ઈન્ટરનેટ પર એક સૂચક પોસ્ટ શેર કરી. આ સમાચાર સામે આવતાની સાથે જ અવિકાના લાખો ચાહકોમાં ખુશીની લહેર દોડી ગઈ છે અને સોશિયલ મીડિયા પર અભિનંદનની વર્ષા શરૂ થઈ ગઈ છે. પતિની એક પોસ્ટે જગાવી જિજ્ઞાસા મિલિંદ ચંદવાની દ્વારા સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલી પોસ્ટમાં કેટલીક એવી બાબતોનો ઉલ્લેખ છે જે સીધો ઈશારો કરે છે કે આ ક્યૂટ દંપતીના જીવનમાં કોઈ નવા મહેમાનનું આગમન થવાનું છે. જોકે, આ પોસ્ટમાં સ્પષ્ટપણે કોઈ જાહેરાત કરવામાં આવી નથી, પરંતુ જે રીતે કેપ્શન લખવામાં આવ્યું છે તેનાથી પ્રશંસકો માની રહ્યા છે કે અવિકા ગોર પ્રેગ્નન્ટ છે. મીડિયા અહેવાલ મુજબ, આ પોસ્ટ વાયરલ થયા બાદ અભિનેત્રીના પ્રેગ્નન્સી ન્યૂઝ ટોક ઓફ ધ ટાઉન બન્યા છે. ચાહકોમાં ખુશી અને અટકળોનું બજાર ગરમ અવિકા ગોર જેણે બાળ કલાકાર તરીકે કારકિર્દીની શરૂઆત કરી હતી અને આજે તે દક્ષિણ ભારતીય ફિલ્મોની પણ જાણીતી અભિનેત્રી છે, તેની ગર્ભાવસ્થાના સમાચાર સાંભળીને ફેન્સ ભાવુક થયા છે. સોશિયલ મીડિયા પર ઘણા લોકો લખી રહ્યા છે કે 'બાલિકા વધૂ' હવે પોતે મા બનવાની છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, દંપતીના નજીકના મિત્રો પણ આ બાબતે મૌન સેવી રહ્યા છે, જેના કારણે સસ્પેન્સ વધુ ઘેરાયું છે.

## દિશા વાકાણી શોમાં પરત ફરશે? તે અંગે શરદ સંકલાએ કર્યો મોટો ધડાકો



મુંબઈ: ભારતીય ટેલિવિઝન ઈતિહાસના સૌથી લોકપ્રિય અને લાંબા સમયથી ચાલતા કોમેડી શો 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' ના દરેક ચાહકોના મનમાં અત્યારે એક જ સવાલ ઘૂમરાઈ રહ્યો છે કે, શું દિશા વાકાણી શોમાં પરત ફરશે? છેલ્લા ઘણા વર્ષોથી 'દયાબેન' ના પાત્રની ગેરહાજરી શોમાં વર્તાઈ રહી છે. ગોકુલધામ સોસાયટીના સભ્યોથી લઈને શોના દર્શકો સુધી દરેક વ્યક્તિ પોતાની લાડલી દયાબેનની રાહ જોઈ રહ્યા છે. આ દરમિયાન શોના એક મહત્વના કલાકાર દ્વારા કરવામાં આવેલા ખુલાસાએ ચાહકોમાં ફરી એકવાર ચર્ચા જગાડી છે. અબ્દુલે તોડ્યું મૌન અને કહી દીધી મનની વાત શોમાં સોડા શોપ ચલાવતા અને દરેકના માનીતા 'અબ્દુલ' નું પાત્ર ભજવતા અભિનેતા શરદ સંકલાએ તાજેતરમાં એક ઈન્ટરવ્યુ દરમિયાન દયાબેનની વાપસી અંગે મહત્વની વાત કરી છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું દિશા વાકાણી શોમાં પરત ફરશે, ત્યારે તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે હાલમાં આ શક્ય જણાતું નથી.

# ધ બ્લફ ફિલ્મ લુક વાયરલ પ્રિયંકા વિખરાયેલા વાળ સાથે ખતરનાક અંદાજ



લોસ એન્જલસ: ગ્લોબલ આઈકોન અને બોલીવુડથી લઈને હોલીવુડ સુધી પોતાની એક્ટિંગનો ડંકો વગાડનાર અભિનેત્રી પ્રિયંકા ચોપરા ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં છે. તેની આગામી હોલીવુડ ફિલ્મ 'ધ બ્લફ' અત્યારે હેડલાઈન્સમાં છે. તાજેતરમાં અભિનેત્રીએ તેના સોશિયલ મીડિયા હેન્ડલ પરથી ફિલ્મના કેટલાક ઓફ-સ્ક્રીન અને ઓન-સ્ક્રીન ફોટા શેર કર્યા છે, જેને જોતા જ ધ બ્લફ ફિલ્મ લુક વાયરલ થઈ ગયો છે. આ ફોટામાં પ્રિયંકાનો જે અંદાજ જોવા મળી રહ્યો છે, તેણે તેના ચાહકોના હૃદયના ધબકારા વધારી દીધા છે. હાથમાં તલવાર, વિખરાયેલા વાળ અને ચહેરા પર લોહીના ડાઘા સાથે પ્રિયંકા સંપૂર્ણપણે એક્શન મોડમાં નજર આવી રહી છે. ૧૮૦૦ ના દાયકાની પૃષ્ઠભૂમિ અને ઐતિહાસિક સેટ આ ફિલ્મની સૌથી મોટી વિશેષતા તેની વાર્તા અને પૃષ્ઠભૂમિ છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ફિલ્મનો સેટ ૧૮૦૦ ના દાયકામાં સેટ કરવામાં આવ્યો છે. પ્રિયંકા ચોપરા આમાં એક એવી મહિલાનું પાત્ર ભજવી રહી છે જે પોતાના પરિવારની રક્ષા માટે ચાંચિયાઓ અને દુશ્મનો સામે લડે છે. ઈન્સ્ટાગ્રામ પર શેર કરવામાં આવેલા ફોટામાં તે સમયના વાતાવરણને ખૂબ જ સચોટ રીતે કંડારવામાં આવ્યું હોય તેવું લાગે છે. ૧૮૦૦ ના દાયકાનો સેટ હોવાને કારણે કોસ્ચ્યુમ અને મેકઅપ પર પણ વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે, જે પ્રિયંકા ચોપરા એક્શન અવતારને વધુ પ્રભાવશાળી બનાવે છે. કાર્લ અર્બન સાથેની જોડી અને ધમાકેદાર એક્શન 'ધ બ્લફ' માં પ્રિયંકા ચોપરા હોલીવુડના જાણીતા અભિનેતા કાર્લ અર્બન સાથે સ્ક્રીન શેર કરતી જોવા મળશે. આ બંને કલાકારો આ ફિલ્મમાં ભરપૂર એક્શન કરતા નજર આવશે. મીડિયા અહેવાલ અનુસાર, પ્રિયંકાએ આ રોલ માટે વિશેષ તાલીમ પણ લીધી છે. તેના વિખરાયેલા વાળ અને તીક્ષ્ણ નજર દર્શાવે છે કે આ વખતે તે માત્ર ગ્લેમરસ જ નહીં પણ અત્યંત ખૂંખાર પાત્રમાં જોવા મળશે. સોશિયલ મીડિયા પર આ તસવીરો સામે આવ્યા બાદ ફેન્સમાં ફિલ્મ જોવાની આતુરતા બમણી થઈ ગઈ છે. ગ્લોબલ સ્ટારનો સોશિયલ મીડિયા પર દબદબો પ્રિયંકા ચોપરાએ ઈન્સ્ટાગ્રામ પર આ તસવીરો શેર કરી કે તરત જ લાઈક્સ અને કોમેન્ટ્સનો પૂર આવ્યો હતો. ધ બ્લફ ફિલ્મ લુક વાયરલ થતાની સાથે જ હોલીવુડના દિગ્ગજ કલાકારોએ પણ તેની પ્રશંસા કરી છે. ભારતીય ચાહકોમાં પણ આ હોલીવુડ પ્રોજેક્ટને લઈને ભારે ઉત્સાહ છે. સૂત્રો દ્વારા એવું પણ જાણવા મળ્યું છે કે આ ફિલ્મમાં પ્રિયંકાના કેટલાક એવા એક્શન સીન્સ છે જે અગાઉ ક્યારેય જોવા મળ્યા નથી.

# વાયરલ ગર્લ મોનાલિસાના રોમેન્ટિક વીડિયોએ સોશિયલ મીડિયા પર લગાવી આગ



પ્રયાગરાજ: કહેવાય છે કે નસીબ ક્યારે પલટાય તે કહી શકાતું નથી, અને તેનું જીવંત ઉદાહરણ છે પ્રયાગરાજ મહાકુંભથી ચર્ચામાં આવેલી યુવતી મોનાલિસા. મહાકુંભના મેળામાં માળા વેચીને ગુજરાન ચલાવતી સાધારણ યુવતીમાંથી રાતોરાત ઈન્ટરનેટ સેન્સેશન બનેલી વાયરલ ગર્લ મોનાલિસા હવે ફિલ્મી દુનિયામાં કદમ રાખવા જઈ રહી છે. હાલમાં જ સોશિયલ મીડિયા પર તેનો એક અત્યંત રોમેન્ટિક વીડિયો વાયરલ થયો છે, જેમાં તેનો ગ્લેમરસ અવતાર જોઈને તેના લાખો ચાહકો આશ્ચર્યચકિત થઈ ગયા છે. મોનાલિસાના આ બદલાયેલા અંદાજ પર ફેન્સ મન મૂકીને વખાણ કરી રહ્યા છે. સામાન્ય યુવતીથી ફિલ્મી સિતારા સુધીની સફર મહાકુંભના પવિત્ર તટ પર માળા વેચતી વખતે કોઈ અજાણ્યા શખ્સે મોનાલિસાનો વીડિયો બનાવ્યો હતો, જે જોતજોતામાં સમગ્ર દેશમાં વાયરલ થઈ ગયો હતો. તેની સાદગી અને નખરાળી અદાઓએ લોકોના દિલ જીતી લીધા હતા. આજે પરિસ્થિતિ એ છે કે વાયરલ ગર્લ

**વૈશ્વિક સ્તરે અને સ્થાનિક સ્તરે ચર્ચામાં..** રાજકીય અને સામાજિક વિષયો પર આધારિત હોવાની ચર્ચાઓ વચ્ચે 'ધ ડાયરી ઓફ મણિપુર' ની વાર્તા પણ ઘણી ચર્ચામાં છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, મોનાલિસા આ ફિલ્મમાં એક મજબૂત સ્ત્રી પાત્ર ભજવી રહી છે જે મણિપુરની ઘટનાક્રમ સાથે જોડાયેલું હોઈ શકે છે. જોકે, નિર્માતાઓ દ્વારા હજુ વાર્તા વિશે વધુ ખુલાસો કરવામાં આવ્યો નથી. વાયરલ ગર્લ મોનાલિસા માટે આ જીવનનો સૌથી મોટો વળાંક છે. તેના ચાહકો હવે તેને સિલ્વર સ્ક્રીન પર જોવા માટે આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

મોનાલિસા પાસે મોટા પ્રોજેક્ટ્સની લાઈન લાગી છે. તે હવે ટૂંક સમયમાં આગામી ફિલ્મ 'ધ ડાયરી ઓફ મણિપુર' દ્વારા સિનેમા જગતમાં પદાર્પણ કરવા જઈ રહી છે. આ ફિલ્મમાં તે માત્ર કેમિયો નથી કરી રહી, પરંતુ મુખ્ય અભિનેત્રી તરીકે પડદા પર દેખાશે. અભિષેક ત્રિપાઠી સાથે જોવા મળશે રોમેન્ટિક કેમેસ્ટ્રી મીડિયા અહેવાલ મુજબ, 'ધ ડાયરી ઓફ મણિપુર' માં મોનાલિસા જાણીતા અભિનેતા અભિષેક ત્રિપાઠીની સામે મુખ્ય ભૂમિકા ભજવી રહી છે. હાલમાં આ ફિલ્મનું શૂટિંગ પૂરજોશમાં ચાલી રહ્યું છે. શૂટિંગ લોકેશન પરથી મોનાલિસા સતત ફોટા અને વીડિયો શેર કરી રહી છે, જે તેના ચાહકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. વાયરલ થયેલા તાજેતરના વીડિયોમાં તે અભિષેક સાથે ફિલ્મી અંદાજમાં રોમેન્ટિક પળો માણતી જોવા મળે છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ જોડીની ઓન-સ્ક્રીન કેમેસ્ટ્રી પ્રેક્ષકોને ખૂબ જ પસંદ આવવાની છે.

# હમરાઝ ૨ ફિલ્મની જાહેરાત અક્ષય ખન્ના અને બોબી દેઓલની જોડી મચાવશે ધૂમ



મુંબઈ: વર્ષ ૨૦૦૨માં આવેલી સુપરહિટ સસ્પેન્સ થ્રિલર ફિલ્મ 'હમરાઝ' એ બોક્સ ઓફિસ પર ઈતિહાસ રચ્યો હતો. હવે લગભગ ૨૪ વર્ષ બાદ આ ફિલ્મના ચાહકો માટે સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. ફિલ્મ નિર્માતા રતન જૈને સત્તાવાર રીતે હમરાઝ ૨ ફિલ્મની જાહેરાત કરી દીધી છે. આ સમાચાર વાયુવેગે ફેલાઈ રહ્યા છે કારણ કે આ ફિલ્મમાં ફરી એકવાર અક્ષય ખન્ના અને બોબી દેઓલની જોડી જોવા મળશે. 'એનિમલ' માં બોબી દેઓલના વિલન અવતાર અને તાજેતરમાં રિલીઝ થયેલી 'ધુરંધર' માં અક્ષય ખન્નાના દમદાર અભિનય બાદ પ્રેક્ષકો આ જોડીને ફરી સાથે જોવા માટે આતુર હતા, જે આતુરતાનો હવે અંત આવ્યો છે. રતન જૈને સીકવલ માટે વ્યક્ત કરી ઈચ્છા નિર્માતા રતન જૈને તાજેતરમાં આપેલા એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે તેઓ 'હમરાઝ' ની સીકવલ બનાવવા માટે ખૂબ જ ઉત્સાહિત છે. તેમણે સ્પષ્ટ કર્યું કે તેઓ આ ફિલ્મમાં મૂળ કલાકારો અક્ષય ખન્ના અને બોબી દેઓલને જ રિપીટ કરવા માંગે છે.

# દીપિકા પાદુકોણનું નસીબ ચમકાવનાર આ ડાયરેક્ટર હવે બની યુટ્યુબ ક્વીન



મુંબઈ: મનોરંજન જગતમાં ક્યારેક પડદા પાછળના કલાકારો પડદા પરના સ્ટાર્સ કરતા પણ વધુ લોકપ્રિય થઈ જતા હોય છે. આવી જ એક હસ્તી છે ફરાહ ખાન. જેણે પોતાની કોરિયોગ્રાફી અને દિગ્દર્શનથી દાયકાઓ સુધી બોલીવુડ પર રાજ કર્યું છે. આવતીકાલે એટલે કે ૯ જાન્યુઆરીએ ફરાહ ખાન પોતાનો ૬૦મો જન્મદિવસ ઉજવી રહી છે. પરંતુ રસપ્રદ વાત એ છે કે, આ ઉંમરે પણ ફરાહ ખાન બનીને નવી પેઢીના કન્ટેન્ટ ક્રિએટર્સને જોરદાર ટક્કર આપી રહી છે. ફિલ્મોના સેટ પર મોટા મોટા સ્ટાર્સને પોતાના ઈશારે નચાવનાર ફરાહ હવે ડિજિટલ પ્લેટફોર્મ પર પોતાની અનોખી સ્ટાઈલથી અધધ કમાણી કરી રહી છે. દીપિકા પાદુકોણને મળી હતી ફરાહના કારણે ઓળખ ફરાહ ખાનને ઈન્ડસ્ટ્રીમાં 'દીપિકા પાદુકોણનું નસીબ ચમકાવનાર' દિગ્દર્શક તરીકે ઓળખવામાં આવે છે. વર્ષ ૨૦૦૭માં આવેલી ફિલ્મ 'ઓમ શાંતિ ઓમ' દ્વારા ફરાહ ખાને એક નવો ચહેરો રજૂ કર્યો હતો, જે આજે ગ્લોબલ સ્ટાર બની ચૂકી છે. દીપિકા પાદુકોણને પોતાની પહેલી જ ફિલ્મમાં શાહરૂખ ખાન જેવા સુપરસ્ટાર સાથે તક આપીને ફરાહ ખાને રાતોરાત તેને સુપરસ્ટાર બનાવી દીધી હતી. આજે પણ દીપિકા અને ફરાહ વચ્ચેના સંબંધો ખૂબ જ મધુર છે અને દીપિકા ઘણીવાર ફરાહનો આભાર માનતા થાકતી નથી. કોરિયોગ્રાફરથી ડાયરેક્ટર અને હવે ડિજિટલ સ્ટાર ફરાહ ખાને પોતાની કારકિર્દીની શરૂઆત એક કોરિયોગ્રાફર તરીકે કરી હતી. તેણે માધુરી દીક્ષિતથી લઈને કેટરિના કૈફ સુધીના તમામ ટોચના કલાકારોને શાનદાર સ્ટેપ્સ શીખવ્યા છે. ત્યારબાદ ૨૦૦૪માં 'મૈં હૂં ના' થી દિગ્દર્શક તરીકે ડેબ્યૂ કરીને તેણે બોક્સ ઓફિસ પર ઈતિહાસ રચ્યો હતો



## 121

રન સુધીમાં ઓસ્ટ્રેલિયાએ 5 વિકેટ ગુમાવી દીધી હતી ટાર્ગેટને ચેઝ કરતા ઓસ્ટ્રેલિયાની શરૂઆત ખરાબ રહી. ટીમે 121 રન સુધી પહોંચતા-પહોંચતા 5 વિકેટ ગુમાવી દીધી. માર્નસ લાબુશેન 37 રન બનાવીને રનઆઉટ થયો. જેક વેદરાલ્ડે 40 બોલમાં 34 રન બનાવ્યા. ખ્વાજા 6 રન બનાવીને આઉટ આ ટેસ્ટ મેચ ઓસ્ટ્રેલિયન ઓપનર ઉસ્માન ખ્વાજાના કરિયરની છેલ્લી ટેસ્ટ હતી. તે બીજી ઈનિંગ્સમાં માત્ર 6 રન બનાવીને આઉટ થયો અને ટીમે 119 રન પર ચોથી વિકેટ ગુમાવી. ખ્વાજાના આઉટ થતા જ સિડની ક્રિકેટ ગ્રાઉન્ડમાં હાજર દર્શકો ઉભા થઈને તાળીઓ પાડવા લાગ્યા. સ્ટેન્ડમાં હાજર તેનો પરિવાર ભાવુક દેખાયો.

# સિડનીમાં ઓસ્ટ્રેલિયાએ ઈંગ્લેન્ડને 5 વિકેટે હરાવ્યું

### એશિઝ સિરીઝ 4-1થી જીતી; ઉસ્માન ખ્વાજાએ છેલ્લી ઈન્ટરનેશનલ મેચ રમી...

એશિઝ સિરીઝ 2025-26ના સિડનીમાં રમાયેલી પાંચમી અને છેલ્લી ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાએ ઈંગ્લેન્ડને 5 વિકેટે હરાવીને સિરીઝ 4-1થી પોતાના નામે કરી લીધી. ઈંગ્લેન્ડે બીજી ઈનિંગ્સમાં ઓસ્ટ્રેલિયા સામે 160 રનનો ટાર્ગેટ રાખ્યો હતો, જેને યજમાન ટીમે પાંચમા દિવસે ટી બ્રેક પહેલા જ ચેઝ કરી લીધો. જ્યારે ઉસ્માન ખ્વાજાએ પોતાની કારકિર્દીની છેલ્લી ટેસ્ટ રમી. ખ્વાજાએ સિડની ટેસ્ટ પહેલા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી. મેચના અંતિમ દિવસે ઈંગ્લેન્ડે 8 વિકેટે 302 રનથી આગળ રમવાનું શરૂ કર્યું, પરંતુ આખી ટીમ 342 રન પર ઓલઆઉટ થઈ ગઈ. આ સાથે જ ઓસ્ટ્રેલિયાને જીત માટે 160 રનનો ટાર્ગેટ મળ્યો. આ પહેલા ઈંગ્લેન્ડે પ્રથમ ઈનિંગ્સમાં 384 રન બનાવ્યા હતા, જેના જવાબમાં ઓસ્ટ્રેલિયાએ 567 રનનો વિશાળ સ્કોર બનાવ્યો અને 183 રનની લીડ મેળવી. ઓસ્ટ્રેલિયાની આ ઈનિંગ્સમાં સ્ટીવ સ્મિથ અને ટ્રેવિસ હેડે સદી ફટકારી. હેડ પ્લેયર ઓફ ધ મેચ, સ્મિથ પ્લેયર ઓફ ધ સિરીઝ ટ્રેવિસ હેડ પ્લેયર ઓફ ધ મેચ રહ્યો. તેણે 163 રનની ઈનિંગ રમી હતી. જ્યારે, મિચેલ સ્ટાર્ક પ્લેયર ઓફ ધ સિરીઝ રહ્યો. તેણે આ સિરીઝમાં સૌથી વધુ 31 વિકેટ લીધી. ઉપરાંત તેણે 2 ફિફ્ટી પણ ફટકારી હતી. તેના સિવાય કોઈ પણ બોલર 25 વિકેટ સુધી પહોંચી શક્યો નહીં.

## શ્રેયસ અય્યર સેન્ટર ઓફ એક્સેલન્સમાંથી ડિસ્ચાર્જ

### ન્યુઝીલેન્ડ સામે વનડે સીરિઝ રમવા માટે ફિટ, પહેલી મેચ વડોદરામાં 11 જાન્યુઆરીએ રમાશે

ટીમ ઈન્ડિયાના ઉપકપ્તાન શ્રેયસ અય્યર ન્યુઝીલેન્ડ સામે વનડે શ્રેણી રમવા માટે સંપૂર્ણપણે ફિટ થઈ ગયા છે. બુધવારે તેમનું રિહેબ પૂરું થયું અને તેમને BCCIના સેન્ટર ઓફ એક્સેલન્સમાંથી ડિસ્ચાર્જ કરવામાં આવ્યા.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર BCCIના સેન્ટ્રલ એક્સેલન્સના પ્રમુખ VVS લક્ષ્મણે ચીફ સિલેક્ટર અજીત અગરકરને ઈમેઈલ કરીને જણાવ્યું કે અય્યરનું રિહેબ પૂરું થઈ ગયું છે અને તેમને રિલીઝ કરવામાં આવ્યા છે.

31 વર્ષીય અય્યરને ન્યુઝીલેન્ડ સામેની વનડે શ્રેણી માટે ટીમમાં સામેલ કરવામાં આવ્યા હતા. પરંતુ, તેમને પોતાની મેચ ફિટનેસ સાબિત કરવાની હતી. અય્યરે એક દિવસ પહેલા વિજય હઝારે ટ્રોફીમાં મુંબઈ તરફથી હિમાચલ પ્રદેશ સામે 82 રનની ઈનિંગ રમીને પોતાની ફિટનેસ સાબિત કરી હતી. અય્યરને 3 જાન્યુઆરીએ ન્યુઝીલેન્ડ સામેની વનડે ટીમ માં સામેલ કરવામાં આવ્યા હતા. તેમણે ગયા મહિનાના છેલ્લા અઠવાડિયામાં નિયમિત જિમ અને ફિટનેસ રૂટિન શરૂ કર્યું હતું. ત્યારે તેમના તમામ રિપોર્ટ નોર્મલ આવ્યા હતા.

### ન્યુઝીલેન્ડ સામે પહેલી વનડે રમી શકે છે અય્યર

શ્રેયસ અય્યર ન્યુઝીલેન્ડ સામે પહેલી વનડે મેચ રમી શકે છે. આ મેચ વડોદરામાં 11 જાન્યુઆરીએ રમાવાની છે. તે પછી 14મીએ રાજકોટ અને 18મીએ ઈન્દોરમાં વનડે મેચ રમાશે. અય્યર ટી-20 સિરીઝ માટે ભારતીય ટીમનો ભાગ નથી.

શ્રેયસ ગયા વર્ષે ઓસ્ટ્રેલિયા પ્રવાસે ઈજાગ્રસ્ત થયા હતા અય્યર 25 ઓક્ટોબરે ઓસ્ટ્રેલિયા સામેની ત્રીજી વનડેમાં ઈજાગ્રસ્ત થયા હતા. તેમને સિડનીની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમને સ્પ્લીનની ઈજા થઈ હતી, જેમાંથી સાજા થવામાં તેમને 3 મહિનાનો સમય લાગ્યો હતો.



## 7 ચોગ્ગા, 5 છગ્ગા, 15 બોલમાં ફિફ્ટી... લિસ્ટ A ક્રિકેટમાં સરફરાઝ ખાનની ઐતિહાસિક બેટિંગ

વિજય હઝારે ટ્રોફી 2025-26માં ગુરુવારે મુંબઈ અને પંજાબ વચ્ચે રમાયેલી મેચ અત્યંત રોમાંચક રહી, જ્યાં પંજાબે મુંબઈને સ્તબ્ધ કરીને માત્ર 1 રનથી જીત મેળવી હતી. એક સમયે એવું લાગી રહ્યું હતું કે મુંબઈ આ મેચ સરળતાથી જીતી જશે, પરંતુ પંજાબના બોલરોએ અંતિમ ક્ષણોમાં મેચનું પાસું પલટી નાખ્યું. આ હારને કારણે મુંબઈના સ્ટાર બેટ્સમેન સરફરાઝ ખાનનું ઐતિહાસિક અર્ધશતક પણ વ્યર્થ ગયું. તેણે પંજાબ સામે માત્ર 15 બોલમાં ફિફ્ટી ફટકારી હતી, જે લિસ્ટ-એ ક્રિકેટમાં કોઈ પણ ભારતીય દ્વારા ફટકારવામાં આવેલું સૌથી ઝડપી અર્ધશતક છે. 217 રનના લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી મુંબઈની ટીમને સારી શરૂઆત મળી હતી. ઓપનરોએ 57 રન જોડ્યા બાદ, ત્રીજા નંબરે બેટિંગમાં આવેલા સરફરાઝ ખાને આવતાની સાથે જ મેદાનમાં તોફાન મચાવી દીધું હતું. તેણે ખાસ કરીને સ્પિનર અભિષેક શર્માની 10મી ઓવરમાં 30 રન ફટકારીને પોતાની ઈનિંગ્સને વિસ્ફોટક શરૂઆત આપી. સરફરાઝે માત્ર 15 બોલમાં પોતાનું અર્ધશતક પૂર્ણ કરીને લિસ્ટ-એ ક્રિકેટમાં સૌથી ઝડપી અર્ધશતક ફટકારવાનો ભારતીય રેકોર્ડ પોતાના નામે કર્યો. સરફરાઝ 62 રનના અંગત સ્કોર પર આઉટ થયો. તેણે પોતાની 20 બોલની ઈનિંગમાં 7 ચોગ્ગા અને 5 ગગનચુંબી છગ્ગા ફટકાર્યા.

જ્યારે સરફરાઝ ખાન આઉટ થયો, ત્યારે મુંબઈનો સ્કોર 14.4 ઓવરમાં 3 વિકેટે 139 રન હતો.



## તિલક વર્મા ન્યૂઝીલેન્ડ સિરીઝમાંથી બહાર

### ટેસ્ટિક્યુલર ટોર્સનની સર્જરી થઈ, T20 વર્લ્ડકપની ટીમમાં પણ સામેલ છે; ભારતને મોટો ઝટકો?

એશિયા કપ 2025ની ફાઈનલમાં ભારતને ચેમ્પિયન બનાવનાર તિલક વર્માની સર્જરી થઈ છે. PTIના રિપોર્ટ અનુસાર, તિલક ન્યૂઝીલેન્ડ સામે રમાનારી પાંચ મેચની ટી-20 સિરીઝમાંથી બહાર થઈ ગયો છે, જે 21 જાન્યુઆરીથી શરૂ થશે. જોકે, આ મામલે BCCIએ હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડ્યું નથી.

એશિયા કપ ફાઈનલમાં તિલકે અણનમ 69 રનની શાનદાર ઈનિંગ્સ રમી હતી અને ભારતની જીતમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેની ઈજાને ટી-20 વર્લ્ડ કપ પહેલા ભારતીય ટીમ માટે મોટો ઝટકો માનવામાં આવી રહ્યો છે. વર્લ્ડ કપની શરૂઆતની એક-બે મેચમાં પણ તેના રમવા પર શંકા છે.

ટેસ્ટિક્યુલર ટોર્સિયનની સમસ્યા 7 જાન્યુઆરીની સવારે રાજકોટમાં નાસ્તો કર્યા પછી તિલકને શરીરના નીચેના ભાગમાં અચાનક તીવ્ર દુખાવો થયો. ત્યારબાદ તેને તરત જ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો, જ્યાં તપાસ પછી તેની સર્જરી કરવામાં આવી. તે સમયે તિલક વિજય હઝારે ટ્રોફી માટે હૈદરાબાદ ટીમ સાથે રાજકોટમાં હતો. BCCIના એક અધિકારીએ PTIને જણાવ્યું કે દુખાવા પછી તેને તરત જ ગોકુલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો.

તપાસ અને સ્કેનમાં જાણવા મળ્યું કે તિલકને ટેસ્ટિક્યુલર ટોર્સિયનની સમસ્યા હતી, જેમાં અચાનક ખૂબ જ તીવ્ર દુખાવો થાય છે. ડોક્ટરોએ વિલંબ કર્યા વિના સર્જરીની સલાહ આપી.

તિલકની સર્જરી સફળ રહી અમે અમારા નિષ્ણાત ડોક્ટરોની સલાહ લીધી અને તે પણ સર્જરીના નિર્ણય સાથે સહમત હતો. તિલકની સર્જરી સફળ રહી છે અને હવે તેની હાલત ઠીક છે.

તેણે આગળ જણાવ્યું કે મેડિકલ પેનલ સાથે ચર્ચા કર્યા પછી, તિલકની રિકવરી અને મેદાન પર પાછા ફરવાના સંભવિત સમય વિશે જેવી કોઈ માહિતી મળશે, તે શેર કરવામાં આવશે.

આ જ ટીમ T20 વર્લ્ડ કપમાં પણ રમશે ન્યૂઝીલેન્ડ સામે પસંદ કરાયેલી ભારતીય ટીમને જ T20 વર્લ્ડ કપ માટે પણ પસંદ કરવામાં આવી છે. T20 વર્લ્ડ કપની શરૂઆત 7 ફેબ્રુઆરીએ કોલંબોમાં થશે.

ટુર્નામેન્ટની ફાઈનલ 8 માર્ચ 2026ના રોજ રમાશે, જ્યારે ફાઈનલનું સ્થળ પછીથી જાહેર કરવામાં આવશે.

*ન્યૂઝીલેન્ડ ટી-20 સિરીઝ અને ટી-20 વર્લ્ડ કપ માટે ભારતીય ટીમ સૂર્યકુમાર યાદવ (કેપ્ટન), અભિષેક શર્મા, તિલક વર્મા, હાર્દિક પંડ્યા, શિવમ દુબે, અક્ષર પટેલ (વાઈસ-કેપ્ટન), ઈશાન કિશન (વિકેટકીપર), સંજુ સેમસન (વિકેટકીપર), જસપ્રીત બુમરાહ, વરુણ ચક્રવર્તી, અર્શદીપ સિંહ, કુલદીપ યાદવ, હર્ષિત રાણા, રિન્કુ સિંહ, વોશિંગ્ટન સુંદર.*

*ટી-20 વર્લ્ડ કપમાં ભારતના મેચોનું શેડ્યૂલ ભારત પોતાના વર્લ્ડ કપ અભિયાનની શરૂઆત 7 ફેબ્રુઆરીએ મુંબઈમાં USA સામે કરશે. ત્યારબાદ 12 ફેબ્રુઆરીએ દિલ્હીમાં નામિબિયા સામે, 15 ફેબ્રુઆરીએ કોલંબોમાં પાકિસ્તાન સામે અને 18 ફેબ્રુઆરીએ અમદાવાદમાં નેધરલેન્ડ સામે મેચ રમાશે.*

## RCB વુમન્સ 2024ની જેમ ટાઈટલ જીતી શકશે?

### કેપ્ટન મંધાના લગ્ન તૂટ્યા પછી પ્રથમ ટુર્નામેન્ટ રમશે; પેરી-ડિવાઈનની ખોટ કેવી રીતે પૂરી થશે?

રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB)ની વુમન્સ ટીમે 2024 માં મેન્સ ટીમ પહેલા ટ્રોફી જીતી લીધી હતી. ત્યારે સ્મૃતિ મંધાનાની આગેવાનીની RCB એ દિલ્હી કેપિટલ્સને ફાઈનલમાં હરાવી હતી. એલિસ પેરી અને સોફી ડિવાઈન ટુર્નામેન્ટમાં ટીમની મોટી કરોડરજ્જુ સાબિત થઈ હતી, પરંતુ બંને આ વખતે ટીમનો ભાગ નથી. વળી, કેપ્ટન મંધાના પણ લગ્ન તૂટ્યા પછી પહેલી જ ટુર્નામેન્ટ રમવા જઈ રહી છે.

2024માં ટાઈટલ જીત્યા પછી RCB પાસેથી 2025માં પણ પ્લેઓફ સુધી પહોંચવાની અપેક્ષાઓ હતી, પરંતુ ટીમ ચોથા સ્થાન સુધી જ પહોંચી શકી. ટીમ 8માંથી 3 મેચ જ જીતી શકી. RCBએ ગુજરાત અને દિલ્હીને હરાવીને પોતાની સીઝનની શરૂઆત કરી હતી, પરંતુ છેલ્લી 6માંથી 5 મેચ હારીને ટીમ પ્લેઓફમાં સ્થાન પણ બનાવી શકી નહીં.

મેગા ઓક્શન પહેલા રિટેન કરાયેલી એલિસ પેરી અંગત કારણોસર ટુર્નામેન્ટ રમી શકશે નહીં. પેરી ટીમની ટૉપ રન સ્કોરર અને ચોથી ટૉપ વિકેટ ટેકર છે. પેરીના રિપ્લેસમેન્ટ તરીકે ટીમે સયાલી સાતઘરેને પસંદ કરી, પરંતુ તેનું પ્લેઈંગ-11માં સામેલ થવું પણ મુશ્કેલ લાગી રહ્યું છે.

ઓક્શનમાં RCBએ પૂજા વસ્ત્રાકર, ગ્રેસ હેરિસ, અરુંધતિ રેડ્ડી, નદીન ડી ક્લાર્ક અને રાધા યાદવ જેવી ઓલરાઉન્ડર્સ સાથે ઈંગ્લેન્ડની ફાસ્ટ બોલર લૌરેન બેલને પણ ખરીદી લીધી. ઓપનિંગ પોઝિશન માટે ટીમમાં ઓસ્ટ્રેલિયાની જ્યોર્જિયા વોલ અને અનકેપ્ડ ગૌતમી નાયકને સામેલ કરવામાં આવી.

2 નવેમ્બર 2025ના રોજ વુમન્સ વન-ડે વર્લ્ડ કપ જીત્યા બાદ ભારતની વાઈસ-કેપ્ટન સ્મૃતિ મંધાના લગ્ન કરવાની હતી. 23 નવેમ્બરના રોજ તેના લગ્ન થવાના હતા, પરંતુ કેટલાક કારણોસર તે તૂટી ગયા. 15 દિવસ સુધી તે ક્રિકેટના મેદાનથી દૂર રહી, પછી ડિસેમ્બરમાં શ્રીલંકા સામે T20 સિરીઝની તૈયારી શરૂ કરી દીધી. શ્રીલંકા સામે 5 T20 મેચ 21 ડિસેમ્બરથી શરૂ થઈ. મંધાના શરૂઆતની 3 મેચમાં એક પણ ફિફ્ટી લગાવી શકી નહીં, ચોથી T20થી તેણે વાપસી કરી અને 80 રન બનાવ્યા. તેણે શેફાલી વર્મા સાથે 162 રનની રેકોર્ડ ઓપનિંગ પાર્ટનરશિપ પણ કરી. આગામી મેચમાં તેને આરામ આપવામાં આવ્યો.

લગ્ન તૂટ્યા પછી મંધાના હવે પહેલીવાર કોઈ ટુર્નામેન્ટમાં ઉતરવા જઈ રહી છે. તે બેંગલુરુની કેપ્ટનશિપ પણ કરશે. તેની સામે મોટા ખેલાડીઓની કમી પૂરી કરવાનો પડકાર તો રહેશે જ, પોતાના બેટિંગ ફોર્મને જાળવી રાખીને ટીમને પ્લેઓફ સુધી પહોંચાડવાનો પડકાર પણ રહેશે. મંધાના WPLની 3 સીઝનમાં માત્ર 4 જ ફિફ્ટી ફટકારી શકી છે.

એલિસ પેરી ટુર્નામેન્ટ રમી શકશે નહીં. જ્યારે ડિવાઈન અને રેણુકાને ટીમ રિટેન કરી શકી નહીં. બંનેએ જ ટીમના ટાઈટલ વિનિંગ કેમ્પેઈનમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. ડિવાઈને કેપ્ટન સ્મૃતિ મંધાના સાથે ઓપનિંગ સંભાળી અને ઝડપથી રન બનાવ્યા. જ્યારે રેણુકા નવી બોલથી વિકેટ લેતી હતી. બંને હવે ગુજરાત તરફથી રમતા જોવા મળશે. પેરીને રિપ્લેસ કરવા માટે ટીમમાં ગ્રેસ હેરિસ અને નદીન ડી ક્લાર્ક જેવી ઓલરાઉન્ડર્સ છે. જ્યારે ડિવાઈનની જગ્યાએ જ્યોર્જિયા વોલ ઓપનિંગ કરી શકે છે.

## 9 છગ્ગા, 19 બોલમાં ફિફ્ટી... રાજકોટમાં હાર્દિક પંડ્યાનું મેદાનમાં ફરી દેખાયું રૌદ્ર સ્વરૂપ



ભારતીય સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાએ ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ ટી-20 શ્રેણી અને ટી-20 વર્લ્ડ કપથી ઠીક પહેલા જોરદાર ફોર્મ બતાવ્યું છે. વિજય હઝારે ટ્રોફી એલીટ ગ્રૂપ બીની મેચમાં ચંડીગઢ વિરુદ્ધ પંડ્યાએ માત્ર 31 બોલમાં 75 રન ફટકાર્યા હતા. રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમમાં બરોડા તરફથી રમતા હાર્દિક પંડ્યાનો આ રૌદ્ર સ્વરૂપ જોવા મળ્યો હતો.

મોટા ભાઈ કૃણાલ પંડ્યાની કેપ્ટનશીપ હેઠળ રમતા, હાર્દિક છઠ્ઠા નંબરે બેટિંગ કરવા આવ્યો. તેણે ફક્ત 19 બોલમાં પોતાની અડધી સદી ફટકારી, 75 રનની ઈનિંગમાં નવ છગ્ગા અને બે ચોગ્ગા ફટકાર્યા. 241.02 ના સ્ટ્રાઈક રેટથી બેટિંગ કરતા, હાર્દિકે પ્રિયાંશુ મોલિયા સાથે પાંચમી વિકેટ માટે માત્ર 51 બોલમાં 90 રન ઉમેર્યા. બરોડાએ 49.1 ઓવરમાં 391 રનનો વિશાળ સ્કોર બનાવ્યો. હાર્દિક પંડ્યા ઉપરાંત, પ્રિયાંશ મોલિયાએ 106 બોલમાં 113 રન બનાવ્યા. વિષ્ણુ સોલંકીએ ૫૪ રન બનાવ્યા. વિકેટકીપર જીતેશ શર્માએ 33 બોલમાં 73 રન બનાવ્યા.

# અમેરિકામાં અધિકારીએ કારમાં સવાર મહિલાને ગોળી મારી, મોત:ટ્રમ્પે કહ્યું- આ ભયાનક...



વોશિંગ્ટન ડીસી | અમેરિકાના મિનિયાપોલિસ શહેરમાં બુધવારે ઇમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE)ના એક એજન્ટે કારમાં સવાર મહિલાને ગોળી મારી દીધી, જેનાથી તેનું મોત થયું. મહિલાની ઓળખ રેની ગુડ (37) તરીકે થઈ છે. તે ત્રણ બાળકોની માતા હતી.
અમેરિકન ગૃહ સુરક્ષા વિભાગ (DHS) મુજબ મહિલાએ અધિકારીઓને કારથી ટક્કર મારવાનો પ્રયાસ કર્યો હતો, જેના પછી એજન્ટે કાર્યવાહી કરી.
રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ICE એજન્ટનો બચાવ કર્યો છે. તેમણે દાવો કર્યો કે મહિલાએ જાણીજોઈને અધિકારીને નિશાન બનાવ્યા. શૂટિંગના વીડિયો પર પ્રતિક્રિયા આપતા ટ્રમ્પે કહ્યું, 'વીડિયો ખૂબ જ ભયાનક છે." ઘટનાના તરત જ પછી સેંકડો લોકો ઘટનાસ્થળે એકઠા થઈ ગયા અને ICE વિરુદ્ધ સૂત્રોચ્ચાર શરૂ થઈ ગયા. સાંજ સુધી ત્યાં શ્રદ્ધાંજલિ સભા (વિજિલ) પણ થઈ, જેમાં લોકોએ ઇમિગ્રેશન એજન્સીઓનો વિરોધ કર્યો.
હોમલેન્ડ સિક્યુરિટી સચિવ ક્રિસ્ટી નોએમે દાવો કર્યો કે મહિલાએ અધિકારીઓને ગાડીથી કચડવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે આ ઘટનાને ICE અધિકારીઓ પર થયેલો "ઘરેલું આતંકવાદી હુમલો" ગણાવ્યો.જોકે, મિનેસોટાના મેયર જેકબ ફ્રેએ પ્રેસ કોન્ફરન્સ કરીને સરકારના દાવાઓને સંપૂર્ણપણે નકારી કાઢ્યા. જેકબે કહ્યું કે ઇમિગ્રેશન એજન્ટો શહેરમાં અરાજકતા ફેલાવી રહ્યા છે.
તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું, "અમે માંગ કરીએ છીએ કે ICE તરત જ શહેર અને રાજ્ય છોડે. અમે અમારા પ્રવાસી અને શરણાર્થી સમુદાયો સાથે મજબૂતીથી ઊભા છીએ." તેમણે કહ્યું કે સુરક્ષાના નામે અરાજકતા ફેલાવવામાં આવી રહી છે.
પરિવારો તોડવામાં આવી રહ્યા છે અને હવે લોકો માર્યા પણ જઈ રહ્યા છે.

### જાણો ઘટનાસ્થળે શું થયું

CNNના રિપોર્ટ અનુસાર, ઘટનાના ઘણા વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યા છે. વીડિયોમાં દેખાય છે કે એક ICE અધિકારી રસ્તાની વચ્ચે ઉભેલી SUV પાસે જાય છે અને ડ્રાઈવરને દરવાજો ખોલવા કહે છે.
ત્યારે ગાડી આગળ વધે છે અને સામે ઉભેલા બીજા ICE અધિકારીએ તરત જ પિસ્તોલ કાઢીને ખૂબ નજીકથી ઓછામાં ઓછી બે ગોળી મારી દીધી. એ સ્પષ્ટ થયું નથી કે ગાડીએ અધિકારીને ટક્કર મારી કે નહીં. ગોળી વાગ્યા પછી SUV નજીકમાં ઉભેલી બે ગાડીઓ સાથે અથડાઈને અટકી ગઈ. પછીથી મેડિકલ ટીમે મહિલાને બચાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેનું મૃત્યુ થયું. આ ઘટનાને ICE અધિકારીઓ પર થયેલો "ઘરેલું આતંકવાદી હુમલો" ગણાવ્યો.જોકે, મિનેસોટાના મેયર જેકબ ફ્રેએ પ્રેસ કોન્ફરન્સ કરીને સરકારના દાવાઓને સંપૂર્ણપણે નકારી કાઢ્યા. જેકબે કહ્યું કે ઇમિગ્રેશન એજન્ટો શહેરમાં અરાજકતા ફેલાવી રહ્યા છે.



# બરફની ચાદર પર આગની નદી

## કુદરતના કરિશ્માનો અચરજ પમાડતો VIDEO, બરફના પહાડ વચ્ચેથી નીકળતો લાવા; માઉન્ટ એટનામાં પાણીની જેમ વહ્યા અંગારા

(એજન્સી) ઇટાલી | 08

અગ્નિ અને પાણી એકબીજાના દુશ્મન છે અને જ્યાં બરફ જામેલો હોય છે ત્યાં આગનો તો કોઈ પ્રશ્ન જ નથી હોતો, જોકે યુરોપના પર્વત માઉન્ટ એટના પર આવી જ અચરજ પમાડતી ઘટના જોવા મળી છે.
જ્યાં બરફથી ઢંકાયેલી ટેકરીઓ આગ લાગી હોય એવો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાઇરલ થઈ રહ્યો છે. ઇટાલીના સિસિલી ટાપુ પર માઉન્ટ એટના એક સક્રિય જ્વાળામુખી છે. એક વિસ્ફોટ થયો, લાવા સેંકડો ફૂટ ઊંચો ઊછળ્યો અને પછી બરફથી ઢંકાયેલી ટેકરીઓમાંથી વહેતો થયો. લાવા એટલો ગરમ અને જ્વલનશીલ હતો કે તેણે બરફ જ ઓગાળી નાખ્યો અને એને પાણીમાં ફેરવી દીધું. આ અદ્દભુત દૃશ્ય કેમેરામાં પણ કેદ થયું. ઇટાલીના સિસિલીમાં આ જ્વાળામુખીને વિશ્વના સૌથી ખતરનાક જ્વાળામુખીમાંનો એક માનવામાં આવે છે.
ઇટાલીના સિસિલીના માઉન્ટ એટનામાં આ જ્વાળામુખી 2026ના પહેલા દિવસે જ ફાટ્યો હતો. ધુમાડા અને લાવાએ હજુ પણ આખા વિસ્તારને બાનમાં લીધેલો છે. જ્વાળામુખીની આગના વીડિયો સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવી રહ્યા છે. આ અનોખી અને ચમત્કારિક ઘટના જોઈને, દરેક વ્યક્તિ આશ્ચર્યચકિત થઈ જાય છે કે લાલ ઊકળતો લાવા બરફથી ઢંકાયેલી ટેકરીઓને કેવી રીતે બાળી રહ્યો છે. ઘણા લોકો કુદરતના આ ચમત્કારને પોતાના મોબાઈલ ફોનમાં કેદ કરતા જોવા મળ્યા. આ મનમોહક ઘટનાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવ્યો હતો. એમાં શિખર પરના તાજા બરફમાંથી લાવાની જેમ ચમકતા નારંગી રંગના અંગારા પડતા દેખાય છે. અંગારા સાથે રાખનો ધુમાડો પણ નીકળી રહ્યો છે. સફેદ બરફ પર લાગેલી આ આગ એક અદભુત દૃશ્ય છે.
ઇટાલીની નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ જીઓલોજી એન્ડ વોલ્કેનોલોજી (INGV)એ માઉન્ટ એટનાના પૂર્વ ઢોળાવ પર તિરાડોમાંથી લાવા નીકળવા અંગે ચેતવણી જારી કરી હતી. ચેતવણીમાં જણાવાયું હતું કે જ્વાળામુખીની ટોચની આસપાસના ખાડાઓમાંથી સતત વિસ્ફોટ સાથે લાવા છૂટી રહ્યો છે, જેનાથી રાખનાં વાદળો આકાશમાં ફેલાઈ રહ્યા છે. જ્વાળામુખીમાંથી લાવાનો પ્રવાહ વધ્યો, પરંતુ એ મોટા વિસ્તારમાં ફેલાઈ શક્યો નહીં.

# ટ્રમ્પે રશિયાનું ઓઇલ ટેન્કર જપ્ત કરતાં વૈશ્વિક તંગદિલી વધી...



(એજન્સી) વોશિન્ગટન | તા 08

બોલિવૂડની ફિલ્મોમાં કટોકટીની સ્થિતિ માટે જાણીતો સંવાદ છે, આખિર વહી હુઆ જિસ કા ડર થા. અમેરિકાએ વેનેઝુએલા પર આક્રમણ કરીને રશિયા-ચીનને આડકતરો પડકાર ફેંક્યો હતો. અમેરિકન નેવીએ રશિયન યુદ્ધજહાજ અને સબમરીનની હાજરીમાં વેનેઝુએલાથી રશિયા જતાં ઓઇલ ટેન્કરને જપ્ત કરતાં અમેરિકા અને રશિયા સામસામે આવતા વૈશ્વિક તંગદિલી ચરમસીમાએ પહોંચી છે.
એકબાજુએ રશિયા-યુક્રેન યુદ્ધ ચાલુ છે ત્યારે આ ઘટના કોઈ નવી જ વૈશ્વિક ચિનગારી બનીને ભડકો કરે તેવી શંકા નિષ્ણાતો વ્યક્ત કરી રહ્યા છે.આ ઘટનાના પગલે અમેરિકા અને રશિયા વચ્ચે યુક્રેનના યુદ્ધને લઈને પ્રવર્તતો તનાવ ખતરનાક સ્થિતિમાં પહોંચી જઈ શકે છે. ઉત્તર એટલાન્ટિક મહાસાગરમાં અઠવાડિયાઓ સુધી ચાલેલા ડ્રામા પછી અમેરિકાએ રશિયાના ઝંડાવાળા ઓઇલ ટેન્કર મરીનેરાને સફળતાપૂર્વક જપ્ત કર્યું છે. આ ઉપરાંત બીજું એક ટેન્કર પણ અમેરિકાએ જપ્ત કર્યું છે. અમેરિકાની રશિયા સામે આ લશ્કરી કાર્યવાહીએ વૈશ્વિક રાજકારણમાં ખળભળાટ મચાવી દીધો છે. અહીં આશ્ચર્યની વાત એ છે કે આ ઓપરેશન દરમિયાન રશિયન યુદ્ધજહાજ અને સબમરીન પણ હાજર હતી. આમ એક સમયે રશિયાના જે યુદ્ધકાફલાને જોઈને અમેરિકન લશ્કર પાછું વળી જતું હતું તે હવે રશિયાના કાફલાની હાજરીમાં તેના જ જહાજને ઉપાડી ગયું છે.આ પહેલા અમેરિકાના યુરોપીયન કમાન્ડે સમર્થન આપ્યું હતું કે વેનેઝુએલાના ઓઇલ વેપાર સાથે જોડાયેલા રશિયન ઓઇલ ટેન્કર મરીનેરાને અમેરિકન લશ્કર અને કોસ્ટ ગાર્ડે સંયુક્ત ઓપરેશન વડે તેના અંકુશમાં લઈ લીધું છે. ફેડરલ કોર્ટના વોરંટના આધાર પર કરવામાં આવેલી આ કાર્યવાહી પ્રતિબંધોના ભંગના આરોપમાં કરવામાં આવી છે.

# બાંગ્લાદેશમાં અશાંતિ વચ્ચે વધુ એક વિદ્યાર્થી નેતાને સરાજાહેર ગોળીઓથી વીંધી નાખ્યો

(એજન્સી) બાંગ્લાદેશ | 08



બાંગ્લાદેશમાં સામાન્ય ચૂંટણીઓ આડે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે દેશમાં અરાજકતાનો માહોલ જોવા મળી રહ્યો છે. મંગળવારે રાત્રે રાજધાની ઢાકાના વ્યસ્ત એવા કારવાં બજાર વિસ્તારમાં અજ્ઞાત હુમલાખોરોએ પૂર્વ વિદ્યાર્થી નેતા અઝીઝુર રહેમાન મુસબ્બીરની ગોળી મારી હત્યા કરી દીધી છે.
બાંગ્લાદેશ નેશનલિસ્ટ પાર્ટી(BNP)ની સ્વયંસેવી વિંગ 'ઢાકા મેટ્રોપોલિટન નોર્થ સ્વેચ્છાસેવક દળ'ના પૂર્વ મહાસચિવ અઝીઝુર રહેમાન મુસબ્બીરની મંગળવારે રાત્રે હત્યા કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના રાત્રે આશરે 8:30 વાગ્યે ઢાકાના વ્યસ્ત કારવાં બજાર વિસ્તારમાં આવેલી સુપર સ્ટાર હોટલ પાસે બની હતી. હુમલાખોરોએ અત્યંત નજીકથી મુસબ્બીરના પેટમાં ગોળી મારી હતી, જેના કારણે ગંભીર ઈજાઓને લીધે તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ અંધાધૂંધ ફાયરિંગમાં અન્ય એક વ્યક્તિ પણ ઘાયલ થયો હતો, જેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે અને હાલ તેની હાલત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે. આ હત્યાકાંડ બાદ ઢાકામાં વિરોધ પ્રદર્શનની જ્વાળા ભભૂકી ઉઠી છે. ઉશ્કેરાયેલા લોકોએ કારવાં બજાર વિસ્તારમાં જામ કરી દીધો હતો, જેના કારણે વાહનવ્યવહાર ખોરવાયો હતો. પરિસ્થિતિ વણસતી જોઈ રાત્રે 10:30 વાગ્યે બાંગ્લાદેશ આર્મીના જવાનોએ સ્થળ પર પહોંચી રસ્તો ખાલી કરાવ્યો હતો અને સ્થિતિ પર નિયંત્રણ મેળવ્યું હતું. બાંગ્લાદેશમાં 12 ફેબ્રુઆરીએ મતદાન થવાનું છે અને હાલ દેશમાં આચારસંહિતા લાગુ છે. આમ છતાં, સતત વધી રહેલી હિંસક ઘટનાઓએ લોકશાહી પ્રક્રિયા સામે સવાલો ઉભા કર્યા છે. થોડા દિવસો પહેલા વિદ્યાર્થી નેતા ઉસ્માન હાદીના મોત બાદ દેશવ્યાપી દેખાવો થયા હતા, જેમાં ભારત વિરોધી સૂત્રોચ્ચાર પણ કરવામાં આવ્યા હતા. અગાઉ એક જુબો દળના નેતાની પણ ગોળી મારી હત્યા કરવામાં આવી હતી.

# ભારત પર લાગશે 500% ટ્રમ્પ ટેરિફ? : US સંસદમાં મતદાન, રશિયા પર 500% ટેરિફવાળા બિલને ટ્રમ્પની લીલીઝંડી...

(એજન્સી) વોશિન્ગટન | તા 08

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા વિરુદ્ધ કડક પ્રતિબંધો સંબંધિત એક બિલને મંજૂરી આપી દીધી છે. ઈકોનોમિક ટાઈમ્સ અનુસાર, આ બિલમાં રશિયા પાસેથી ઓઈલ ખરીદનારા દેશો, ખાસ કરીને ભારત, ચીન અને બ્રાઝિલ પર 500% સુધી ટેરિફ લગાવવાની જોગવાઈ છે.
રિપબ્લિકન સેનેટર લિન્ડસે ગ્રેહામએ જણાવ્યું હતું કે બુધવારે વ્હાઈટ હાઉસમાં તેમની ટ્રમ્પ સાથે મુલાકાત થઈ, જેમાં રાષ્ટ્રપતિએ બિલને લીલી ઝંડી આપી દીધી. આ બિલ છેલ્લા ઘણા મહિનાઓથી તૈયાર કરવામાં આવી રહ્યું હતું. એને આવતા અઠવાડિયે સંસદમાં વોટિંગ માટે લાવવામાં આવી શકે છે. આ બિલનું નામ 'સેન્ક્શનિંગ ઓફ રશિયા એક્ટ 2025' છે. એનો હેતુ એવા દેશો પર દબાણ બનાવવાનો છે, જે યુક્રેન યુદ્ધ વચ્ચે રશિયા પાસેથી સસ્તું ક્રૂડ ઓઇલ ખરીદી રહ્યા છે. અમેરિકાનો આરોપ છે કે એનાથી રશિયાને યુદ્ધ લડવામાં મદદ મળી રહી છે.
અમેરિકાએ રશિયન ઓઈલની ખરીદી પર પહેલેથી જ 25% વધારાનો ટેરિફ લગાવ્યો છે. જો આ બિલ પસાર થશે તો દિલ્હી માટે નવી મુશ્કેલીઓ ઊભી થઈ શકે છે. અત્યારસુધીમાં ભારત પર કુલ 50% ટેરિફ લાગુ થઈ ચૂક્યો છે. આના કારણે ભારતને અમેરિકામાં પોતાનો સામાન વેચવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે, જેની અસર ભારતના નિકાસ પર પડી રહી છે. બંને દેશો વચ્ચે ટેરિફ વિવાદનો ઉકેલ લાવવા માટે ટ્રેડ ડીલ પર વાતચીત પણ ચાલી રહી છે.





ભારત ઈચ્છે છે કે એના પર લાદવામાં આવેલી કુલ 50% ટેરિફ ઘટાડીને 15% કરવામાં આવે અને રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદવા પર જે વધારાની 25% પેનલ્ટી લગાવવામાં આવી છે એને સંપૂર્ણપણે ખતમ કરવામાં આવે. બંને દેશો વચ્ચે ચાલી રહેલી આ વાટાઘાટોથી નવા વર્ષમાં કોઈ નક્કર નિર્ણય આવવાની આશા છે.
લિન્ડસે ગ્રેહામ (Lindsay Graham)એ 5 જાન્યુઆરીએ જણાવ્યું હતું કે તેઓ લગભગ એક મહિના પહેલાં ભારતીય રાજદૂત વિનય મોહન ક્વાત્રાના ઘરે ગયા હતા. એ મુલાકાતમાં ભારત દ્વારા રશિયન ઓઈલની ખરીદી ઘટાડવા અંગે સૌથી વધુ ચર્ચા થઈ હતી.
તેમણે જણાવ્યું હતું કે ભારતીય રાજદૂતે તેમને રાષ્ટ્રપતિ ટ્રમ્પ સુધી આ સંદેશ પહોંચાડવા કહ્યું હતું કે ભારત પર લાદવામાં આવેલી વધારાની 25 ટકા ટેરિફ હટાવવામાં આવે.

# 66 આંતરરાષ્ટ્રીય સંગઠનોથી અલગ થયું અમેરિકા ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ PM મોદીએ બનાવ્યું હતું

(એજન્સી) વોશિંગ્ટન ડીસી | 08

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે (7 જાન્યુઆરી 2026) એક મહત્વપૂર્ણ મેમોરેન્ડમ પર હસ્તાક્ષર કરતા અમેરિકાને 60થી વધુ આંતરરાષ્ટ્રીય સંગઠનો અને સંસ્થાઓથી અલગ કરવાનો નિર્ણય લીધો છે. આ યાદીમાં ભારતની આગેવાની હેઠળનું ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ (ISA) પણ સામેલ છે. વ્હાઈટ હાઉસનું કહેવું છે કે આ સંગઠનો અમેરિકાના હિતોની વિરુદ્ધ કામ કરી રહ્યા છે અને અમેરિકી કરદાતાઓના પૈસાનો દુરુપયોગ કરી રહ્યા છે.
વ્હાઈટ હાઉસ તરફથી જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે રાષ્ટ્રપતિ ટ્રમ્પે 35 બિન-સંયુક્ત રાષ્ટ્ર નિકાયો અને 31 સંયુક્ત રાષ્ટ્ર સાથે જોડાયેલા સંગઠનોમાંથી અમેરિકાને બહાર કાઢવાનો આદેશ આપ્યો છે. આ નિર્ણય અમેરિકાની તમામ આંતરરાષ્ટ્રીય સભ્યપદ અને કરારોની વ્યાપક સમીક્ષા કર્યા પછી લેવામાં આવ્યો છે.
વ્હાઈટ હાઉસમાં PM મોદી અને ટ્રમ્પની મુલાકાત.
ISAને ગણાવ્યું અમેરિકા વિરોધી સંગઠન ટ્રમ્પ વહીવટીતંત્રે ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ અને અન્ય સંગઠનોને અમેરિકા વિરોધી, બિનઅસરકારક અને ફિઝૂલખર્ચી કરનારા ગણાવ્યા છે. વ્હાઈટ હાઉસનો આરોપ છે કે આ સંસ્થાઓ કટ્ટર આબોહવા નીતિઓ, ગ્લોબલ ગવર્નન્સ અને વૈચારિક એજન્ડાને પ્રોત્સાહન આપે છે, જે અમેરિકી સાર્વભૌમત્વ અને આર્થિક હિતો સાથે ટકરાય છે. જોકે, અસરગ્રસ્ત સંગઠનોની સંપૂર્ણ યાદી જાહેર કરવામાં આવી નથી, પરંતુ વહીવટી સૂત્રોના જણાવ્યા અનુસાર ભારતના નેતૃત્વ હેઠળનું ISA આ નિર્ણયની ઝપેટમાં આવી ગયું છે.
ટ્રમ્પના બીજા કાર્યકાળમાં UNથી અંતર જાન્યુઆરી 2025માં બીજો કાર્યકાળ શરૂ કર્યા પછી ડોનાલ્ડ ટ્રમ્પે સંયુક્ત રાષ્ટ્ર અને તેની સાથે જોડાયેલી સંસ્થાઓમાંથી અમેરિકાની ભાગીદારી સતત ઘટાડી છે. આ પહેલા અમેરિકા સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદમાંથી બહાર નીકળી ચૂક્યું છે, પેલેસ્ટિનિયન રાહત એજન્સી UNRWAનું ફંડિંગ રોકી ચૂક્યું છે,
UNESCOથી અલગ થઈ ચૂક્યું છે અને વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) તથા પેરિસ ક્લાઈમેટ એગ્રીમેન્ટમાંથી બહાર નીકળવાની જાહેરાત કરી ચૂક્યું છે.

# બાંગ્લાદેશને JF-17 ફાઈટર જેટ વેચવાની તૈયારીમાં પાક: ચીન સાથે મળીને બનાવ્યું; ઈસ્લામાબાદમાં બંને દેશોના એરફોર્સ ચીફે વાત કરી

(એજન્સી) ઢાકા | તા 08

પાકિસ્તાન બાંગ્લાદેશને JF-17 થંડર ફાઈટર જેટ વેચવાની તૈયારીમાં છે. આ અંગે બંને દેશોના એરફોર્સના પ્રમુખો વચ્ચે ઈસ્લામાબાદમાં વાતચીત થઈ છે. પાકિસ્તાની સેનાએ આ વાતચીતની પુષ્ટિ કરી છે.
બાંગ્લાદેશી અખબાર ડેઈલી સ્ટાર મુજબ, પાકિસ્તાન એરફોર્સના પ્રમુખ એર ચીફ માર્શલ ઝહીર અહેમદ બાબર સિધુ અને બાંગ્લાદેશ એરફોર્સના પ્રમુખ હસન મહમૂદ ખાન વચ્ચે બેઠક થઈ. વાતચીતમાં JF-17 થંડર ફાઈટર પ્લેનના સંભવિત વેચાણ અને સંરક્ષણ સહયોગ પર ચર્ચા કરવામાં આવી.
JF-17 થંડર એક મલ્ટી-રોલ કોમ્બેટ એરક્રાફ્ટ છે, જેને પાકિસ્તાને ચીન સાથે મળીને વિકસાવ્યું છે. આ વિમાન હવા થી હવા અને હવા થી જમીન પર હુમલો કરવામાં સક્ષમ માનવામાં આવે છે અને પાકિસ્તાન વાયુસેનામાં પહેલાથી સેવામાં છે. રિપોર્ટ અનુસાર, પાકિસ્તાને બાંગ્લાદેશને 'સુપર મુશ્શક' ટ્રેનર વિમાનની ફાસ્ટ-ટ્રેક ડિલિવરીનું આશ્વાસન પણ આપ્યું છે. આ સાથે પાયલટ ટ્રેનિંગ અને લોંગ-ટર્મ સપોર્ટ સિસ્ટમ ઉપલબ્ધ કરાવવાની વાત કહેવામાં આવી છે.
પાકિસ્તાની સેના અનુસાર, બંને દેશો વચ્ચે સંરક્ષણ, વેપાર અને કનેક્ટિવિટી જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારવાની સંભાવનાઓ પર પણ ચર્ચા ચાલી રહી છે.
બાંગ્લાદેશ તરફથી આ સંભવિત સોદા પર હજુ સુધી સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. હાલના મહિનાઓમાં પાકિસ્તાન અને બાંગ્લાદેશ વચ્ચે રાજદ્વારી સંપર્કો વધ્યા છે.
બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીના સરકારના ઉથલપાથલ બાદથી ભારત અને બાંગ્લાદેશના સંબંધોમાં સતત તણાવ જોવા મળી રહ્યો છે. જ્યારે પાકિસ્તાન અને બાંગ્લાદેશના સંબંધોમાં સતત સુધારો આવ્યો છે. મોહમ્મદ યુનુસ ઓગસ્ટ 2024 પછી પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ સાથે બે વાર મુલાકાત કરી ચૂક્યા છે. નવેમ્બર 2024માં, 1971 પછી પહેલીવાર એક પાકિસ્તાની કાર્ગો જહાજ ચટગાંવ બંદરગાહે પહોંચ્યું હતું. આ ઉપરાંત એપ્રિલ 2025માં ઢાકામાં 15 વર્ષ પછી બંને દેશોના વિદેશ સચિવોએ મુલાકાત કરી હતી.
પાકિસ્તાનના વિદેશ મંત્રી ઈશાક ડારે પણ 27-28 એપ્રિલે ઢાકાની મુલાકાત લીધી હતી, જે 2012 પછીની પ્રથમ ઉચ્ચ-સ્તરીય મુલાકાત હતી. આ દરમિયાન બંને દેશોએ પરસ્પર સહયોગ વધારવા માટે કરારો પર ચર્ચા કરી હતી.

## કેન્દ્ર સરકારનું નવું જાહેરનામું: વસતી ગણતરી 2027 માટે રોડમેપ તૈયાર

# ડિજિટલ વસતી ગણતરી 2026: 1 એપ્રિલથી દેશમાં શરૂ થશે ઐતિહાસિક પ્રક્રિયા

## સેન્સસ 2027 નોટિફિકેશન મુજબ એપ્રિલથી સપ્ટેમ્બર 2026 સુધી પ્રથમ તબક્કો

(એજન્સી) નવી દિલ્હી | તા 08

ભારત સરકારના ગૃહ મંત્રાલયે દેશની ઐતિહાસિક અને પ્રથમ સંપૂર્ણપણે 'ડિજિટલ વસતી ગણતરી 2026-27' માટે સત્તાવાર જાહેરનામું બહાર પાડી દીધું છે. કોરોના મહામારીને કારણે લાંબા સમયથી વિલંબમાં પડેલી આ પ્રક્રિયા હવે 1 એપ્રિલ, 2026 થી સત્તાવાર રીતે શરૂ થશે. કેન્દ્રીય કેબિનેટે આ મેગા પ્રોજેક્ટ માટે રૂ. 11,718.2 કરોડ ના બજેટને મંજૂરી આપી છે. આ વખતે ગણતરીની પરંપરાગત રીતો બદલાશે અને અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે.પ્રથમ તબક્કો (એપ્રિલ થી સપ્ટેમ્બર 2026): આ તબક્કામાં 'હાઉસ લિસ્ટિંગ' (મકાનોની યાદી) અને હાઉસિંગ સેન્સસ કરવામાં આવશે. જેમાં મકાનનો પ્રકાર, પીવાના પાણીની સુવિધા, વીજળી અને શૌચાલય જેવી પાયાની સુવિધાઓનો ડેટા એકત્રિત કરાશે.

બીજો તબક્કો (ફેબ્રુઆરી 2027): આ તબક્કામાં વાસ્તવિક વસતી ગણતરી (Population Enumeration) થશે, જેમાં વ્યક્તિગત વિગતો જેવી કે ઉંમર, શિક્ષણ, ધર્મ, વ્યવસાય અને જ્ઞાતિની માહિતી નોંધવામાં આવશે.આ વખતે સરકાર એક ક્રાંતિકારી ફેરફાર લાવી રહી છે. નાગરિકોને પોતાની વિગતો જાતે ઓનલાઈન ભરવાનો વિકલ્પ આપવામાં આવશે. દરેક રાજ્યમાં હાઉસ લિસ્ટિંગ શરૂ થાય તેના 15 દિવસ પહેલા જનતા ખાસ મોબાઈલ એપ કે વેબ પોર્ટલ દ્વારા પોતાની માહિતી સબમિટ કરી શકશે. જે લોકો આ સુવિધાનો ઉપયોગ નહીં કરે, તેમના ઘરે સરકારી કર્મચારીઓ (ગણતરીકારો) રૂબરૂ આવીને ડિજિટલ ટેબ્લેટ કે મોબાઈલ દ્વારા વિગતો નોંધશે.ભારતમાં છેલ્લે ૧૯૩૧માં



જ્ઞાતિ આધારિત ડેટા લેવાયો હતો. આટલા વર્ષો પછી આ વખતે જ્ઞાતિની ઓળખ પણ નોંધવામાં આવશે, જે ભવિષ્યની સામાજિક નીતિઓ માટે પાયારૂપ બનશે. આ આખી પ્રક્રિયા 'સેન્સસ-એઝ-એ-સર્વિસ' (CaaS) મોડલ પર આધારિત હશે, જેથી ડેટા ઝડપથી પ્રોસેસ થઈ શકે અને ભૂલો ઓછી થાય. સમગ્ર ઓપરેશન પર દેખરેખ રાખવા માટે 'સેન્સસ મેનેજમેન્ટ એન્ડ મોનિટરિંગ સિસ્ટમ' (CMMS) પોર્ટલ પણ તૈયાર કરવામાં આવ્યું છે.હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને જમ્મુ-કાશ્મીર જેવા બરફગ્રસ્ત વિસ્તારોમાં આ ગણતરી ઓક્ટોબર 2026 માં પૂર્ણ કરી લેવામાં આવશે, જ્યારે બાકીના ભારતમાં તે માર્ચ 2027 સુધીમાં પૂર્ણ થશે. સરકારનો અંદાજ છે કે ડિજિટલ માધ્યમને કારણે વસતી ગણતરીનો અંતિમ અહેવાલ અગાઉની સરખામણીએ ઘણી ઝડપથી (ડિસેમ્બર 2027 સુધીમાં) જાહેર કરી શકાશે.

### એસઆઈઆર હેઠળ ૬.૫ કરોડ મતદારો: ૧૨ રાજ્યોમાં મતદાર યાદીનું મોટું શુદ્ધિકરણ

નવી દિલ્હી : ભારતીય ચૂંટણી પંચ દ્વારા દેશના ૯ રાજ્યો અને ૩ કેન્દ્રશાસિત પ્રદેશોમાં હાથ ધરવામાં આવેલા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) હેઠળ મતદાર યાદીઓમાં મોટો ઉલટફેર જોવા મળ્યો છે. ૮ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ જારી થયેલા ડેટા મુજબ, આ ૧૨ રાજ્યોમાં અંદાજે ૬.૫ કરોડ મતદારોના નામ યાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે. ઓક્ટોબર ૨૦૨૫ માં જ્યારે આ પ્રક્રિયા શરૂ થઈ ત્યારે કુલ ૫૦.૯૦ કરોડ મતદારો નોંધાયેલા હતા, જે હવે ઘટીને ૪૪.૪૦ કરોડ થઈ ગયા છે.

સૌથી વધુ અસર ઉત્તર પ્રદેશમાં જોવા મળી છે, જ્યાં ૨.૮૯ કરોડ (અંદાજે ૧૮.૭૦ ટકા) મતદારોના નામ રદ કરવામાં આવ્યા છે. યુપીના ચૂંટણી અધિકારી નવદીપ રિનવાએ જણાવ્યું કે, "મૃત્યુ, કાયમી સ્થળાંતર અને એકથી વધુ જગ્યાએ નોંધણી જેવા કારણોસર આ નામો હટાવાયા છે." યુપીમાં હવે કુલ ૧૨.૫૫ કરોડ મતદારો બાકી રહ્યા છે. શહેરી વિસ્તારોમાં ફોર્મ જમા કરાવવાનું પ્રમાણ ગ્રામીણ વિસ્તારો કરતા ઓછું રહ્યું છે, જેનાથી લખનઉ અને ગાઝિયાબાદ જેવા શહેરોમાં ૩૦ ટકા જેટલા નામો કપાયા છે. ગુજરાતમાં પણ મતદારોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. રાજ્યમાં અગાઉ ૫.૦૮ કરોડ મતદારો હતા, જે ઘટીને ૪.૩૪ કરોડ થયા છે, એટલે કે ૧૪.૫૦ ટકા નો ઘટાડો નોંધાયો છે.જે નાગરિકોના નામ ભૂલથી કપાઈ ગયા હોય અથવા જેઓ લાયક હોવા છતાં યાદીમાં નથી.

# News Brief

### કઠુઆ એન્ટી-ટેરર ઓપરેશન 2026: બિલ્લાવરના જંગલોમાં સુરક્ષા દળો અને આતંકીઓ વચ્ચે ઘર્ષણ

કઠુઆ/જમ્મુ: જમ્મુ-કાશ્મીરના કઠુઆ જિલ્લાના બિલ્લાવર વિસ્તારમાં વર્ષ 2026 ના પ્રથમ મોટા આતંકવાદ વિરોધી ઓપરેશનમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે સામસામે ગોળીબાર થયો છે. બુધવારે સાંજે શરૂ થયેલું આ ઓપરેશન આજે, 8 જાન્યુઆરી 2026 ના રોજ બીજા દિવસે પણ અત્યંત વેગ સાથે ચાલુ રહ્યું છે. કોહગ ગામ અને કામદ નાલાના ગાઢ જંગલોમાં છુપાયેલા ત્રણ આતંકવાદીઓને પકડવા માટે સેના, CRPF અને જમ્મુ-કાશ્મીર પોલીસની SOG (Special Operations Group) ની સંયુક્ત ટીમો કાર્યરત છે. ઘટનાની વિગત મુજબ, બુધવારે સાંજે અંદાજે 4 વાગ્યે બિલ્લાવરના કામદ નાલા વિસ્તારમાં સ્થાનિક લોકોએ શંકાસ્પદ સશસ્ત્ર હિલચાલ જોઈ હતી. તુરંત પોલીસને જાણ કરાતા સુરક્ષા દળોએ વિસ્તારને ઘેરી લીધો હતો. આ દરમિયાન જંગલમાં છુપાયેલા આતંકીઓએ અંધાધૂંધ ફાયરિંગ શરૂ કર્યું, જેના જવાબમાં સેનાએ પણ જડબાતોડ વળતો પ્રહાર કર્યો હતો. આ એન્કાઉન્ટરમાં એક સુરક્ષા કર્મચારીને પગમાં ગોળી વાગતા સામાન્ય ઈજા થઈ છે, જેમને હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે.સુરક્ષા એજન્સીઓના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ આતંકવાદીઓ પ્રતિબંધિત સંગઠન જૈશ-એ-મોહમ્મદ સાથે જોડાયેલા હોઈ શકે છે. પ્રાથમિક તપાસમાં એવું બહાર આવ્યું છે કે આ આતંકીઓ હીરાનગર સેક્ટરથી આંતરરાષ્ટ્રીય સરહદ ઓળંગીને ઘૂસણખોરી કરી પહાડી રસ્તે કઠુઆમાં પ્રવેશ્યા હતા. રાત્રિના અંધકાર અને મુશ્કેલ પહાડી ભૂપ્રદેશનો લાભ લઈને આતંકીઓ હાલ ભાગી છૂટવામાં સફળ રહ્યા છે.


### વિજયની ફિલ્મ 'જન નાયકન' વિવાદ: કોંગ્રેસે ભાજપ પર લગાવ્યો સત્તાના દુરુપયોગનો આરોપ

ચેન્નાઈ/નવી દિલ્હી: તમિલ સુપરસ્ટાર અને 'તમિલગા વેટ્ટ્રી કઝગમ' ના વડા વિજયની આગામી અને છેલ્લી ફિલ્મ 'જન નાયકન' ના સેન્સર સર્ટિફિકેશનને લઈને મોટો વિવાદ ઊભો થયો છે. આ મામલે હવે કોંગ્રેસ પક્ષ વિજયના સમર્થનમાં મેદાને આવ્યો છે. તમિલનાડુ કોંગ્રેસના પ્રભારી ગિરીશ ચોડનકરે કેન્દ્ર સરકાર પર "સત્તાના દુરુપયોગ" નો ગંભીર આરોપ લગાવતા કહ્યું છે કે રાજકીય અદાવત કાઢવા માટે કલાકારના કામને નિશાન બનાવવામાં આવી રહ્યું છે.ગિરીશ ચોડનકરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ટેગ કરીને આકરા પ્રહાર કર્યા છે. તેમણે લખ્યું, "મોદીજી, એક્ટર વિજય નહીં પણ રાજકારણી વિજયનો સામનો કરીને તમારી ૫૬ ઈંચની છાતીનો દાવો સાબિત કરો. યાદ રાખજો કે તમારી ડરાવવાની રાજનીતિ તમિલનાડુમાં નહીં ચાલે." તેમણે વધુમાં ઉમેર્યું કે તમિલનાડુની જનતા રાજકીય ફાયદા માટે સિનેમા પર સેન્સરશીપ સહન નહીં કરે.વિજયની આ ફિલ્મ ૯ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ રિલીઝ થવાની હતી, પરંતુ સેન્સર બોર્ડ (CBFC) એ હજુ સુધી તેને સર્ટિફિકેટ આપ્યું નથી. રિપોર્ટ્સ મુજબ, ફિલ્મના કેટલાક દ્રશ્યો ધાર્મિક લાગણી દુભાવતા હોવાની અને સશસ્ત્ર દળોના ખોટા નિરૂપણની ફરિયાદ બાદ તેને રિવાઈઝિંગ કમિટી પાસે મોકલવામાં આવી છે. મદ્રાસ હાઈકોર્ટમાં પણ આ મામલે સુનાવણી ચાલી રહી છે, જ્યાં પ્રોડક્શન હાઉસે ૫૦૦ કરોડ રૂપિયાનું રોકાણ દાવ પર હોવાની રજૂઆત કરી છે.રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે કે કોંગ્રેસનું વિજયને સમર્થન માત્ર અભિવ્યક્તિની આઝાદી પૂરતું સીમિત નથી. અગાઉ કોંગ્રેસના સાંસદો માણેક ટાગોર અને જોતિમણીએ પણ સેન્સર બોર્ડના આ વલણને તમિલ સંસ્કૃતિ અને ગૌરવ પરનો હુમલો ગણાવ્યો હતો.

### ગંગારામ હોસ્પિટલનું મેડિકલ બુલેટિન: સોનિયા ગાંધીની સ્થિતિમાં ઝડપથી સુધારો

નવી દિલ્હી: કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને રાજ્યસભાના સાંસદ સોનિયા ગાંધીની તબિયત અંગે રાહતના સમાચાર સામે આવ્યા છે. દિલ્હીની સર ગંગારામ હોસ્પિટલના ચેરમેન ડો. અજય સ્વરૂપે આજે, 8 જાન્યુઆરી 2026 ના રોજ સત્તાવાર નિવેદન જારી કરીને જણાવ્યું છે કે સોનિયા ગાંધીની સ્થિતિ હાલમાં સંપૂર્ણપણે સ્થિર છે અને તેઓ સારવારમાં સારો પ્રતિસાદ આપી રહ્યા છે.

સોનિયા ગાંધીને સોમવારે (5 જાન્યુઆરી) રાત્રે શ્વાસ લેવામાં તકલીફ અને ઉધરસની ફરિયાદ બાદ હોસ્પિટલમાં દાખલ કરવામાં



આવ્યા હતા. તબીબી તપાસમાં જાણવા મળ્યું હતું કે દિલ્હીમાં વધી રહેલા પ્રદૂષણ અને કડકડતી ઠંડીને કારણે તેમને 'બ્રોન્કિયલ અસ્થમા' (Bronchial Asthma) ની સમસ્યામાં થોડો વધારો થયો હતો. સાવચેતીના ભાગરૂપે અને સતત દેખરેખ રાખવા માટે ડોક્ટરોએ તેમને હોસ્પિટલમાં દાખલ કરવાનો નિર્ણય લીધો હતો. સોનિયા ગાંધીના સ્વાસ્થ્યના માપદંડોમાં સતત સુધારો જોવા મળી રહ્યો છે. જો તેમની ક્લિનિકલ પ્રગતિ આવી જ રહેશે, તો આગામી એક કે બે દિવસમાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી શકે છે. ડિસ્ચાર્જ અંગેનો અંતિમ નિર્ણય સારવાર કરી રહેલા ફિઝિશિયન્સ તેમની શારીરિક તપાસ બાદ લેશે.79 વર્ષીય સોનિયા ગાંધી લાંબા સમયથી શ્વસન સંબંધી સમસ્યાઓથી પીડાઈ રહ્યા છે. દિલ્હીમાં શિયાળા દરમિયાન હવાની ગુણવત્તા અત્યંત નબળી હોવાથી તેમને અવારનવાર ચેકઅપ માટે હોસ્પિટલ જવું પડતું હોય છે. અગાઉ જૂન 2025 માં પણ તેમને પેટના ચેપને કારણે આ જ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. કોંગ્રેસના કાર્યકર્તાઓ અને દેશભરના નેતાઓ તેમના ઝડપી સ્વસ્થ થવાની પ્રાર્થના કરી રહ્યા છે.

#### અંબરનાથ રાજકારણ પલટો

## મહારાષ્ટ્ર સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી 2026 ના પરિણામો બાદ પક્ષપલટાનો દોર શરૂ

અંબરનાથ/મુંબઈ: મહારાષ્ટ્રના થાણે જિલ્લાના અંબરનાથમાં રાજકીય હલચલ તેજ બની છે. 20 ડિસેમ્બર 2025 ના રોજ યોજાયેલી નગરપાલિકાની ચૂંટણી બાદ સર્જાયેલા ગઠબંધનના વિવાદે હવે મોટું સ્વરૂપ ધારણ કર્યું છે. અંબરનાથ મ્યુનિસિપલ કાઉન્સિલના કોંગ્રેસના તમામ 12 કાઉન્સિલરો, જેમને પક્ષ વિરોધી પ્રવૃત્તિ બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા, તેઓ હવે વિધિવત રીતે ભારતીય જનતા પાર્ટી (BJP) માં જોડાઈ ગયા છે. 8 જાન્યુઆરી, 2026 ના રોજ મોડી રાત્રે ભાજપના પ્રદેશ પ્રમુખ રવિન્દ્ર ચૌહાણે આ તમામ નેતાઓનું પક્ષમાં સ્વાગત કર્યું હતું.અંબરનાથ નગરપાલિકાની ચૂંટણીમાં કોઈ પણ પક્ષને સ્પષ્ટ બહુમતી મળી ન હતી. સત્તાના સમીકરણો બેસાડવા માટે સ્થાનિક સ્તરે કટ્ટર હરીફ ગણાતા ભાજપ અને કોંગ્રેસના નેતાઓએ હાથ મિલાવ્યા હતા અને 'અંબરનાથ વિકાસ આઘાડી' (AVA) ની રચના કરી હતી. આ ગઠબંધનને અજિત પવાર જૂથની NCP એ પણ ટેકો આપ્યો હતો. જોકે, કોંગ્રેસ હાઈકમાન્ડે આ જોડાણને અસ્વીકાર્ય ગણાવતા તમામ 12 કાઉન્સિલરો અને બ્લોક પ્રમુખને સસ્પેન્ડ કરી દીધા હતા. સસ્પેન્શન બાદ આ નેતાઓ પાસે ભાજપમાં જોડાવા સિવાય અન્ય કોઈ વિકલ્પ બચ્યો નહોતો.શિવસેના સૌથી મોટો પક્ષ હોવા છતાં, ભાજપ અને કોંગ્રેસના ગઠબંધનને કારણે તેઓ સત્તાથી વંચિત રહી ગયા હતા. હવે કોંગ્રેસના 12 સભ્યો ભાજપમાં ભળતા ભાજપની સભ્ય સંખ્યા વધીને 26 થઈ ગઈ છે, જે શિવસેનાની બરાબરી પર છે.

#### ઊર્જા સુરક્ષા અને મૈત્રી પાઈપલાઈન દ્વારા વર્ષ 2026 માટે બાંગ્લાદેશે રસ્તો સાફ કર્યો

## ભારત-બાંગ્લાદેશ ડીઝલ ડીલ: રાજકીય તણાવ વચ્ચે 1.80 લાખ ટન તેલનો મોટો સોદો

નવી દિલ્હી: ભારત અને બાંગ્લાદેશ વચ્ચે સીમા વિવાદ અને લઘુમતીઓના મુદ્દે રાજકીય સંબંધોમાં ગમે તેટલી ખટાશ હોય, પરંતુ આર્થિક જરૂરિયાતો આજે પણ બંને દેશોને જોડી રાખે છે. બાંગ્લાદેશે પોતાની ઊર્જા જરૂરિયાતો પૂરી કરવા માટે ફરી એકવાર ભારતનો હાથ પકડ્યો છે. વર્ષ 2026 માટે બાંગ્લાદેશ પેટ્રોલિયમ કોર્પોરેશન (BPC) એ ભારતની સરકારી તેલ કંપની નુમાલીગઢ રિફાઈનરી લિમિટેડ (NRL) પાસેથી 1,80,000 મેટ્રિક ટન ડીઝલ આયાત કરવાની મંજૂરી આપી દીધી છે. આ સોદો અંદાજે 119.13 મિલિયન ડોલર (14.62 અબજ ટકા) નો હોવાનું માનવામાં આવે છે.8 જાન્યુઆરી, 2026 ના રોજ પ્રાપ્ત માહિતી મુજબ, આ સોદો આંતરરાષ્ટ્રીય તેલ બજારના ધોરણો મુજબ નક્કી કરવામાં આવ્યો છે. 83.22 ડોલર પ્રતિ બેરલની બેઝ પ્રાઈસ પર 5.50 ડોલરના પ્રીમિયમ સાથે આ વ્યવહાર થશે. જોકે, વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં થતા ફેરફાર મુજબ અંતિમ ચૂકવણીમાં વધઘટ થઈ શકે છે. ઢાકામાં મળેલી સરકારી ખરીદ



સલાહકાર સમિતિની બેઠકમાં આ નિર્ણયને આખરી ઓપ આપવામાં આવ્યો હતો. આ ડીઝલ સપ્લાય માટે 'ભારત-બાંગ્લાદેશ મૈત્રી પાઈપલાઈન' નો ઉપયોગ કરવામાં આવશે. આસામ સ્થિત NRL ની રિફાઈનરીમાંથી ડીઝલને પાઈપલાઈન મારફતે પશ્ચિમ બંગાળના સિલીગુડી લાવવામાં આવશે અને ત્યાંથી તે સીધું બાંગ્લાદેશ પહોંચશે.અગાઉની પદ્ધતિ: પહેલા ડીઝલ રેલવે વેગન દ્વારા મોકલવામાં આવતું હતું, જે સમય માંગી લેતું અને ખર્ચાળ હતું.

### ઈન્દોર દૂષિત પાણી વિવાદ: કોંગ્રેસ નેતા પવન ખેડાએ ભાજપ સરકારની જવાબદારી નક્કી કરવાની ખાતરી આપી

ઈન્દોર:દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખાતા ઈન્દોરમાં દૂષિત પાણી પીવાથી થયેલા મોતના મામલે હવે રાષ્ટ્રીય સ્તરે રાજકારણ તેજ બન્યું છે. કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા પવન ખેડાએ આજે, ૮ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ દિલ્હીમાં પત્રકાર પરિષદ યોજીને મધ્ય પ્રદેશની ભાજપ સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે ભાગીરથપુરા વિસ્તારમાં થયેલી જળ દુર્ઘટના માટે જવાબદારી નક્કી કરવાની અને ભવિષ્યમાં આવી ઘટના ન બને તે માટે કડક પગલાં લેવાની માંગ કરી છે. ડિસેમ્બરના અંતિમ સપ્તાહથી ઈન્દોરના ભાગીરથપુરા વિસ્તારમાં પીવાના પાણીની મુખ્ય પાઈપલાઈનમાં ગટરનું (ડ્રેનેજ) પાણી ભળી જવાની ઘટના સામે આવી હતી. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે એક પોલીસ ચોકી પાસે જાહેર શૌચાલયની નીચેથી પસાર થતી પાઈપલાઈનમાં લીકેજ હોવાને કારણે ગંદું પાણી સપ્લાયમાં ભળી ગયું હતું. આ દૂષિત પાણી પીવાથી અત્યાર સુધીમાં ૧૦ થી ૧૭ લોકો (સ્થાનિકોના દાવા મુજબ) ના મોત થયા છે અને ૨૫૦૦ થી વધુ લોકો રોગચાળાનો ભોગ બન્યા છે.

#### જસ્ટિસ વિક્રમ નાથની ઉદારતા: શબ્દો કરતા સંવેદનાને આપ્યું મહત્વ

## સુપ્રીમ કોર્ટમાં 'મિલોર્ડ' વિવાદ: મહિલાએ જજોને 'ગાઈઝ' કહીને સંબોધ્યા

નવી દિલ્હી: ભારતની સર્વોચ્ચ અદાલત એટલે કે સુપ્રીમ કોર્ટમાં સામાન્ય રીતે ગંભીર વાતાવરણ અને કડક શિસ્ત જોવા મળતી હોય છે. પરંતુ બુધવારે, 8 જાન્યુઆરી 2026 ના રોજ એક એવી ઘટના ઘટી જેણે સૌના ચહેરા પર સ્મિત લાવી દીધું. રખડતા કૂતરાઓના ગંભીર મુદ્દે ચાલી રહેલી સુનાવણી દરમિયાન એક મહિલાએ અજાણતામાં જજોને 'મિલોર્ડ' ના બદલે 'ગાઈઝ' કહીને સંબોધ્યા હતા. જોકે, આ પ્રોટોકોલ ભંગ પર જજોએ જે રીતે પ્રતિક્રિયા આપી, તેની અત્યારે સોશિયલ મીડિયા પર ભારે પ્રશંસા થઈ રહી છે.જસ્ટિસ વિક્રમ નાથની અધ્યક્ષતા વાળી ત્રણ જજોની બેન્ચ સમક્ષ રખડતા કૂતરાઓના હુમલા અને તેના ઉકેલ અંગે સુનાવણી ચાલી રહી હતી. આ દરમિયાન પ્રાણી પ્રેમીઓ અને પીડિતો પોતપોતાની રજૂઆત કરી રહ્યા હતા. એક મહિલા જ્યારે પોતાની વાત કહી રહી હતી, ત્યારે તેણે જજોના હસ્તક્ષેપ બદલ આભાર માનતા ઉત્સાહમાં કહી દીધું, (આભાર, તમે લોકો!). અદાલતી ગરિમામાં સામાન્ય રીતે જજોને 'મિલોર્ડ' કે 'યોર લોર્ડશિપ' કહેવાની પરંપરા છે, તેથી 'ગાઈઝ' શબ્દ સાંભળતા જ આખું કોર્ટરૂમ સ્તબ્ધ થઈ ગયું હતું.મહિલાના મોઢેથી આ અનૌપચારિક સંબોધન સાંભળતા જ ત્યાં હાજર વકીલોએ તરત જ વાંધો ઉઠાવ્યો હતો. વકીલોએ મહિલાને અટકાવીને સમજાવ્યું કે કોર્ટરૂમમાં બોલવા માટે ચોક્કસ શિષ્ટાચાર હોય છે. પોતાની ભૂલ સમજાતા જ મહિલાએ તત્કાલ માફી માંગી હતી અને જણાવ્યું હતું કે તેને આ નિયમની જાણકારી નહોતી. ઘણીવાર કોર્ટમાં આવા કિસ્સામાં જજો નારાજગી વ્યક્ત કરતા હોય છે, પરંતુ અહીં દ્રશ્ય કંઈક અલગ જ હતું.જસ્ટિસ વિક્રમ નાથે અત્યંત સૌમ્યતા દાખવતા સ્થિતિને હળવી બનાવી દીધી હતી. તેમણે મહિલાને આશ્વાસન આપતા કહ્યું, "કંઈ વાંધો નહીં, ઠીક છે" . તેમણે કોઈપણ પ્રકારની શિસ્તભંગની કાર્યવાહી કરવાને બદલે મહિલાને પોતાની વાત ચાલુ રાખવા પ્રોત્સાહિત કરી હતી.

### જેપી નડ્ડા પશ્ચિમ બંગાળ મુલાકાત: 2026ની ચૂંટણી માટે કોલકાતામાં ભાજપનો માસ્ટરપ્લાન તૈયાર

કોલકાતા:કેન્દ્રીય મંત્રી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા અત્યારે પશ્ચિમ બંગાળના બે દિવસીય પ્રવાસે છે. આજે, 8 જાન્યુઆરી 2026 ના રોજ તેમણે કોલકાતામાં પક્ષના વરિષ્ઠ નેતાઓ સાથે શ્રેણીબદ્ધ બેઠકો યોજી હતી. ટીએમસી શાસિત પશ્ચિમ બંગાળમાં આગામી વર્ષે યોજાનારી વિધાનસભા ચૂંટણીની તૈયારીઓને વેગ આપવા અને પક્ષના સંગઠનને પાયાના સ્તરે મજબૂત કરવા નડ્ડાએ પોતે કમાન સંભાળી છે.નડ્ડા જ્યારે કોલકાતાના નેતાજી સુભાષ ચંદ્ર બોઝ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઉતર્યા ત્યારે પશ્ચિમ બંગાળ વિધાનસભાના વિપક્ષી નેતા સુવેન્દુ અધિકારીએ તેમનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. અધિકારીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું કે, "વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં મજબૂત અને સમૃદ્ધ પશ્ચિમ બંગાળ બનાવવાના અમારા મિશનમાં નડ્ડાજીનું માર્ગદર્શન અને વિઝન અમને પ્રેરણા આપતું રહેશે."તેઓ કોલકાતાની ચિત્તરંજન નેશનલ કેન્સર ઈન્સ્ટિટ્યૂટ (CNCI) ની મુલાકાત લેશે.

#### રેલવે ભરતી ફ્રોડ ગેંગના નેટવર્ક પર EDનો આકરો પ્રહાર

## સરકારી નોકરી કૌભાંડ ED દરોડા: ગુજરાત સહિત 6 રાજ્યોમાં તપાસનો ધમધમાટ

(એજન્સી) નવી દિલ્હી | તા 08

દેશમાં સરકારી નોકરી મેળવવાની ઘેલછા ધરાવતા યુવાનો સાથે છેતરપિંડી કરતી એક વિશાળ ગેંગનો પર્દાફાશ થયો છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા આજે, 8 જાન્યુઆરી 2026 ના રોજ વહેલી સવારથી જ ગુજરાત સહિત દેશના 6 રાજ્યોના 15 શહેરોમાં એકસાથે દરોડા પાડવામાં આવ્યા છે. ભારતીય રેલવે, સેના અને અન્ય 40 થી વધુ સરકારી વિભાગોમાં નોકરી અપાવવાના બહાને આ સંગઠિત ગેંગ કરોડો રૂપિયાનું કૌભાંડ આચરતી હોવાનું બહાર આવ્યું છે. ગુજરાતના રાજકોટ માં પણ EDની ટુકડીઓએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે.

તપાસ એજન્સીના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ફ્રોડ ગેંગ અત્યંત વ્યવસ્થિત રીતે કામ કરતી હતી. તેઓ સરકારી વિભાગોના મળતા આવતા નકલી ઈમેલ



આઈડી બનાવીને ઉમેદવારોને નકલી એપોઈન્ટમેન્ટ લેટર અને કોલ લેટર મોકલતા હતા. ઉમેદવારોને જરા પણ શંકા ન જાય તે માટે આ ગેંગે હદ વટાવી દીધી હતી; તેઓ કેટલાક ભોગ બનનાર ઉમેદવારોના બેંક ખાતામાં શરૂઆતના 2 થી 3 મહિનાનો 'પગાર' પણ જમા કરાવતા હતા, જેથી ઉમેદવારને લાગે કે તેની નોકરી પાકી થઈ ગઈ છે અને તે વધુ લોકોના નામ આપે.

આ કૌભાંડ માત્ર રેલવે પૂરતું સીમિત નહોતું. ગેંગ દ્વારા RPF, TTE અને ટેકનિશિયન જેવી પોસ્ટ ઉપરાંત ટપાલ વિભાગ, વન વિભાગ, આવકવેરા વિભાગ, હાઈકોર્ટ, જાહેર બાંધકામ વિભાગ (PWD), બિહાર સરકાર, DDA અને રાજસ્થાન સચિવાલયમાં ભરતીના નામે લોકોને શિકાર બનાવવામાં આવ્યા હતા. હજારો બેરોજગાર યુવાનો પાસેથી સેટિંગના નામે મોટી રકમ પડાવવામાં આવી હોવાની આશંકા છે.ED દ્વારા અત્યારે બિહાર, પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ, તમિલનાડુ, ગુજરાત અને કેરળમાં ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે.આ કાર્યવાહી દરમિયાન EDએ અનેક વાંધાજનક દસ્તાવેજો, નકલી મહોરો અને ડિજિટલ પુરાવા કબજે કર્યા છે. આ કૌભાંડના તાર કેટલા ઊંડા છે અને કયા મોટા માથાઓ આમાં સામેલ છે તે અંગે પૂછપરછ ચાલી રહી છે. મની લોન્ડરિંગના આ કેસમાં આગામી સમયમાં મોટી ધરપકડો થવાની શક્યતા છે.

#### પશ્ચિમ બંગાળ રાજકીય વિવાદમાં ડેટા ચોરીના ગંભીર આક્ષેપો

## મમતા બેનરજી ED દરોડા દરમિયાન CM પહોંચ્યા પ્રતીક જૈનના ઘરે

કોલકાતા: પશ્ચિમ બંગાળની રાજનીતિમાં ફરી એકવાર ભૂકંપ આવ્યો છે. રાજધાની કોલકાતામાં કેન્દ્રીય તપાસ એજન્સી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા કરવામાં આવેલી એક મોટી કાર્યવાહીએ કેન્દ્ર અને રાજ્ય સરકારને સામસામે લાવી દીધા છે. EDની ટીમે ચૂંટણી રણનીતિકાર સંસ્થા IPACના વડા પ્રતીક જૈનના નિવાસસ્થાન અને ઓફિસ પર સપાટો બોલાવ્યો છે. જોકે, આ ઘટનામાં ત્યારે નવો વળાંક આવ્યો જ્યારે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી પોતે દરોડાના સ્થળે પહોંચી ગયા અને કેન્દ્રીય એજન્સીઓ પર ગંભીર આક્ષેપોની ઝડી વર્ષાવી દીધી.સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, પ્રતીક જૈન વિરુદ્ધ કથિત નાણાકીય અનિયમિતતાઓના કેસમાં આ દરોડા પાડવામાં આવ્યા છે. તપાસ ટીમ સવારથી જ પ્રતીક જૈનના રહેઠાણ અને ઓફિસમાં દસ્તાવેજોની ઝીણવટભરી તપાસ કરી રહી છે. આ કાર્યવાહીને પગલે સમગ્ર વિસ્તારમાં ચુસ્ત લશ્કરી અને પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. જે રીતે ચૂંટણી નજીક આવી રહી છે, તે જોતા આ દરોડાને અત્યંત મહત્વના માનવામાં આવી રહ્યા



છે. દરોડા ચાલતા હતા તે દરમિયાન મુખ્યમંત્રી મમતા બેનરજીનું ત્યાં પહોંચવું એ સૌના માટે આશ્ચર્યજનક હતું.

સામાન્ય રીતે કોઈ પણ તપાસમાં મુખ્યમંત્રી સ્તરના નેતાઓ સીધા દખલ કરતા નથી, પરંતુ મમતા બેનરજીએ ત્યાં પહોંચીને કેન્દ્રીય એજન્સીઓ સામે પોતાનો સખત વિરોધ નોંધાવ્યો છે. રાજકીય વિશ્લેષકો આ મુલાકાતને કેન્દ્રીય એજન્સીઓના કથિત દુરુપયોગ સામેના ખુલ્લા પડકાર તરીકે જોઈ રહ્યા છે. આ મુલાકાતને કારણે તપાસના સ્થળે વાતાવરણ અત્યંત તંગ બની ગયું હતું.મમતા બેનરજીએ આ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી પર આકરા પ્રહારો કરતા ગંભીર આરોપ લગાવ્યો કે કેન્દ્રીય એજન્સીઓ માત્ર તપાસ નથી કરી રહી, પરંતુ તેમની પાર્ટીના ચૂંટણી પ્રચારની સામગ્રી અને હાર્ડ ડિસ્કની 'ચોરી' કરવાનો પ્રયાસ કરી રહી છે. તેમણે મીડિયા અહેવાલ મુજબ જણાવ્યું કે, "આ બધું માત્ર તૃણમૂલ કોંગ્રેસને ડરાવવા અને અમારી ચૂંટણી રણનીતિને તોડવા માટે કરવામાં આવી રહ્યું છે." તેમણે એવો પણ દાવો કર્યો કે ભાજપ સત્તાના જોરે વિપક્ષનો અવાજ દબાવી રહ્યો છે. પશ્ચિમ બંગાળમાં ED અને CBI જેવી એજન્સીઓની કાર્યવાહી હંમેશા વિવાદનું કેન્દ્ર રહી છે. પ્રતીક જૈન અને તેમની સંસ્થા IPAC તૃણમૂલ કોંગ્રેસ માટે ચૂંટણી રણનીતિ ઘડવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવે છે, તેથી આ દરોડા સીધી રીતે પાર્ટીના સંગઠન પર પ્રહાર હોવાનું TMC માની રહી છે. આગામી દિવસોમાં આ મામલો સંસદથી લઈને રસ્તાઓ સુધી ગાજશે તેવા પૂરેપૂરા સંકેતો મળી રહ્યા છે. કેન્દ્ર અને રાજ્ય વચ્ચેના આ વરવા સંઘર્ષથી બંગાળની જનતામાં પણ અનેક તર્ક-વિતર્ક સર્જાયા છે.

## 9 IFS અધિકારીઓની બદલી-બઢતી : ગુજરાત વન વિભાગમાં ફેરફાર

રાજ્ય સરકારના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા 8 જાન્યુઆરી, 2026ના રોજ જાહેર કરાયેલા નોટિફિકેશન મુજબ ગુજરાત વન વિભાગમાં મહત્વપૂર્ણ બદલી અને બઢતીના આદેશ આપવામાં આવ્યા છે. આ આદેશ હેઠળ કુલ 9 ભારતીય વન સેવા (IFS) અધિકારીઓને નવી નિમણૂક, પ્રમોશન તથા વધારાની જવાબદારીઓ સોંપવામાં આવી છે.જૂનાગઢ સર્કલના ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ્સ એસ. મણિશ્વરા રાજાને બદલી કરીને ગાંધીનગર ખાતે PMU-PERGના પ્રોજેક્ટ ડાયરેક્ટર તરીકે નિયૂક્ત કરવામાં આવ્યા છે.

## એરપોર્ટથી રિલાયન્સ સર્કલ સુધી ફિલ્મી 'ચેઝ' : પોલીસે ફોર્ચ્યુનર જપ્ત કરી

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના પૂર્વ પદાધિકારીની દીકરીએ બતાવેલી હિંમતની ઠેર-ઠેર પ્રશંસા થઈ રહી છે. મોડીરાત્રે એરપોર્ટ પરથી પરત ફરતી યુવતીની નજીવી બાબતે કાર રોકી માથાકૂટ કરનાર માણસાના બે નબીરાને યુવતીએ ફિલ્મી ઢબે પીછો કરી પોલીસના હવાલે કરાવ્યા છે. આ અંગે પોલીસે 10 લાખની ફોર્ચ્યુનર કાર જપ્ત કરી બન્ને નબીરા વિરુદ્ધ ગુનો નોંધી હવાલાતની હવા ખવડાવી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે.કંટ્રોલ રૂમની વર્ધીના આધારે 112 પોલીસ વાન દ્વારા એક સફેદ કલરની ફોર્ચ્યુનર કાર (નંબર GJ-18-BS-4024) ને અટકાવવામાં આવી હતી.

### વિવિધ 18 સંવર્ગની પ્રીલિમ પરીક્ષા ફેબ્રુઆરી-એપ્રિલ દરમિયાન તબક્કાવાર થશે

# GPSCની 2026માં લેવાનારી પ્રીલિમ પરીક્ષાની તારીખો જાહેર

(એજન્સી) ગાંધીનગર | તા. 08

ગુજરાતમાં સરકારી નોકરીનું સ્વપ્ન જોઈ રહેલા હજારો ઉમેદવારો માટે રાહતના સમાચાર આવ્યા છે. ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) દ્વારા વર્ષ 2026 દરમિયાન યોજાનારી વિવિધ ક્લાસ-1 અને ક્લાસ-2 સંવર્ગની પ્રાથમિક પરીક્ષાઓની તારીખો જાહેર કરી દેવામાં આવી છે. લાંબા સમયથી તારીખોની રાહ જોઈ રહેલા ઉમેદવારો માટે આ જાહેરાતને મહત્ત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.GPSC દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, કુલ 18 જેટલા અલગ-અલગ સંવર્ગોની પ્રીલિમ પરીક્ષા ફેબ્રુઆરી, માર્ચ અને એપ્રિલ 2026 દરમિયાન તબક્કાવાર યોજાશે. આ પરીક્ષાઓમાં વહીવટી, ટેક્નિકલ તેમજ શિક્ષણ અને વિશેષ સેવાઓનાં પદોનો સમાવેશ થાય છે. તારીખો જાહેર થતાં જ પરીક્ષાની તૈયારીમાં લાગેલા ઉમેદવારોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.





### આ પદો માટે થશે પ્રીલિમ પરીક્ષા

આયોગ દ્વારા જાહેર કરાયેલા શિડ્યૂલ મુજબ વહીવટી અને સચિવાલય સેવાઓમાં રહસ્ય સચિવ (ક્લાસ-2), મદદનીશ વહીવટી અધિકારી (ક્લાસ-2) જેવા પદો માટે પરીક્ષા લેવામાં આવશે. ઉપરાંત ટેક્નિકલ અને વિશેષ સેવાઓ હેઠળ MIS મેનેજર (ક્લાસ-1 અને 2), પશુચિકિત્સા અધિકારી (ક્લાસ-2), મુખ્ય વૈજ્ઞાનિક અધિકારી જેવા મહત્ત્વનાં પદોનો સમાવેશ થાય છે.શિક્ષણ અને અન્ય સેવાઓમાં ગુજરાત શિક્ષણ સેવા, નિયામક ગ્રંથપાલ, નાયબ માહિતી નિયામક તેમજ મદદનીશ ઉદ્યોગ કમિશનર માટે પણ પ્રાથમિક કસોટી યોજાશે. આ સિવાય ગુજરાત મત્સ્યોદ્યોગ સેવા અને સામાન્ય રાજ્ય સેવામાં વહીવટી અધિકારી (ક્લાસ-2) માટેની પરીક્ષાઓ પણ આ સમયગાળા દરમિયાન લેવામાં આવશે.

### ભરતી કેલેન્ડર જાન્યુઆરીના અંતે

GPSCના ચેરમેન દ્વારા સોશિયલ મીડિયા પર માહિતી આપતાં જણાવાયું છે કે વિવિધ વિભાગો સાથે પરામર્શની પ્રક્રિયા ચાલી રહી છે. આ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ વર્ષ 2026નું સંપૂર્ણ ભરતી કેલેન્ડર જાન્યુઆરી મહિનાના અંત સુધીમાં જાહેર કરવામાં આવશે. આયોગે ઉમેદવારોને સલાહ આપી છે કે પરીક્ષા કેન્દ્ર, સમય અને અન્ય વિગતવાર સૂચનાઓ માટે GPSCની સત્તાવાર વેબસાઈટ પર નિયમિત રીતે અપડેટ્સ તપાસતાં રહે. તારીખોની જાહેરાત બાદ હવે ઉમેદવારો તૈયારીને અંતિમ તબક્કે લઈ જઈ રહ્યા છે.



## પેન્શનર્સની લિંક પર ક્લિક કરતા નિવૃત પ્રોફેસરને 11 લાખનો ચુનો:સાયબર ઠગોએ બેંક ખાતું ખાલી કર્યું, પુરાવા મિટાવવા મોબાઈલ જ ફોર્મેટ કરી દીધો

ગાંધીનગર | ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં રહેતા 70 વર્ષીય નિવૃત પ્રોફેસર સાયબર ઠગાઈના હાઈટેક ફ્રોડનો શિકાર બન્યા છે. ઠગોએ માત્ર બેંક ખાતામાંથી 11.89 લાખ સેરવી લીધા હતા. બાદમાં પોતાની ઓળખ છુપાવવા માટે રિમોટ એક્સેસ દ્વારા પ્રોફેસરનો મોબાઈલ ફોન પણ ફોર્મેટ કરી નાખતા પોલીસ પણ સ્તબ્ધ થઈ ગઈ છે. આ અંગે ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયા પર આવતી લોભામણી જાહેરાતો કેટલી જોખમી હોઈ શકે છે તેનો જીવતો જાગતો કિસ્સો ગાંધીનગરમાં સામે આવ્યો છે. વડોદરાથી સરગાસણ રહેવા આવેલા નિવૃત પ્રોફેસર ડો. નિલાંબર દેવતાને ઈસ્ટાગ્રામ પર પેન્શનર્સ કાર્ડની લિંક પર ક્લિક કરતા લાખો રૂપિયા ગુમાવવાનો વખત આવ્યો છે.

### મેગા સિટી કેટેગરીમાં અમદાવાદ-સુરતને ટોચનું સ્થાન

# PM સ્વનિધિ યોજનામાં ગુજરાત અગ્રેસર




આત્મનિર્ભર સખી લોગો અને નવી વેબસાઈટ લોન્ચ, લાભાર્થીઓને લોન-કાર્ડ વિતરણ

(એજન્સી) ગાંધીનગર | તા. 08

ગાંધીનગરના GNLU ખાતે શહેરી વિકાસ મંત્રી કનુ દેસાઈની અધ્યક્ષતામાં "સ્વનિધિ સમારોહ-2026" અંતર્ગત વર્કશોપ અને એવોર્ડ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી સ્વનિધિ યોજનાના લાભાર્થીઓને લોન સહાયના ચેક તથા ક્રેડિટ કાર્ડ માટેના મંજૂરી પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. ઉપરાંત સ્વ-સહાય જૂથોની બહેનો દ્વારા તૈયાર થતી સ્વદેશી વસ્તુઓના પ્રોત્સાહન માટે "સર્જનથી સમૃદ્ધિ સુધી - આત્મનિર્ભર સખી" લોગો અને ગુજરાત શહેરી આજીવિકા મિશનની નવીન વેબસાઈટનું મંત્રીના હસ્તે લોન્ચિંગ કરવામાં આવ્યું હતું.

### શહેરી સ્થાનિક સંસ્થાઓને વિશેષ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા

સમારોહ દરમિયાન પ્રધાનમંત્રી સ્વનિધિ યોજનાનું શ્રેષ્ઠ અમલીકરણ કરનાર મહાનગરપાલિકા અને નગરપાલિકાઓને એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. મેગા સિટી કેટેગરીમાં અમદાવાદ મહાનગરપાલિકાએ પ્રથમ અને સુરત મહાનગરપાલિકાએ દ્વિતીય ક્રમ મેળવ્યો હતો. જ્યારે મેજર સિટી કેટેગરીમાં ભાવનગર મહાનગરપાલિકાએ પ્રથમ, જામનગર મહાનગરપાલિકાએ દ્વિતીય અને જૂનાગઢ મહાનગરપાલિકાએ તૃતીય ક્રમ મેળવ્યો હતો. નગરપાલિકા કેટેગરીમાં હિંમતનગર પ્રથમ, મહુવા દ્વિતીય અને પેટલાદ તૃતીય ક્રમે રહ્યા હતા.

### આજે ગુજરાતની 48 ટકા વસ્તી શહેરોમાં વસવાટ કરે છે

આ પ્રસંગે શહેરી વિકાસ મંત્રી કનુ દેસાઈએ જણાવ્યું હતું કે, વર્ષ 2001ના વિનાશક ભૂકંપ બાદ તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતને નવી દિશા આપી હતી. વાઈબ્રન્ટ ગુજરાત, જ્યોતિર્ગ્રામ અને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના જેવી પહેલોથી રાજ્યનો ઝડપી વિકાસ થયો છે. આજે ગુજરાતની 48 ટકા વસ્તી શહેરોમાં વસવાટ કરે છે, જે રાજ્યની સુવ્યવસ્થિત શહેરીકરણની સાબિતી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વર્ષ 2025ને 'શહેરી વિકાસ વર્ષ' જાહેર કરીને શહેરોના સર્વાંગી વિકાસ માટે મોટા પ્રમાણમાં બજેટ ફાળવ્યું હોવાનું પણ તેમણે ઉમેર્યું હતું.

## PM મોદી-જર્મન ચાન્સેલરની ગુજરાત મુલાકાતને લઈ તડામાર તૈયારીઓ



(એજન્સી) ગાંધીનગર | તા. 08

આગામી 11 અને 12 જાન્યુઆરીના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમજ જર્મન ચાન્સેલરની ગુજરાત મુલાકાતને લઈને તૈયારીનો ધમધમાટ શરૂ થઈ ચૂક્યો છે. વડાપ્રધાન અને જર્મન ચાન્સેલર અમદાવાદમાં ગાંધી આશ્રમ અને સાબરમતી રિવરફ્રન્ટ પર કાઈટ ફેસ્ટિવલની મુલાકાત લેવાના છે. બે દિવસની બંને મહાનુભાવોની મુલાકાતને લઈને આજથી તૈયારીઓનો ધમધમાટ શરૂ થઈ ચૂક્યો છે.પોલીસ કમિશનર જી.એસ મલિક, સેક્ટર 1 JCP નીરજ બડગુજર, જેસીપી એન.એન ચૌધરી, ડીસીપી ઝોન 1 હર્ષદ પટેલ, ડીસીપી ભાવના પટેલ સહિતના અધિકારીઓએ રિવરફ્રન્ટ, મેટ્રો સ્ટેશન, ગાંધી આશ્રમની મુલાકાત લઈ સુરક્ષા અંગેનું નિરીક્ષણ કર્યું હતું.

શહેઝાદખાને મેયરને પાણીની બોટલ આપી કહ્યું-આ બ્લેક કોફી નથી ; કોઈનું મોત થશે તો જવાબદારી માત્ર મેયર-તંત્રની રહેશે

# પ્રદૂષિત પાણી મુદ્દે કોંગ્રેસનો હલ્લાબોલ

(એજન્સી) ગાંધીનગર | તા. 08

ગાંધીનગરમાં ગંદા પાણીથી ફાટી નીકળેલા ટાઈફોડને પગલે અમદાવાદમાં દૂષિત પાણીને લઈ વિપક્ષ આક્રમક બન્યો છે. આજે કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. દાણાપીઠ ખાતેની મ્યુનિસિપલ કોર્પોરેશનની ઓફિસ ખાતે 'હાય રે મેયર હાય હાય, હાય રે ભાજપ હાય હાય'ના નારા લગાવ્યા હતા.




શહેઝાદખાન પઠાણ સહિતના કોંગ્રેસના નેતાઓ અને સ્થાનિક લોકો દુષિત પાણીની બોટલો ભરી મેયરને રજૂઆત કરવા પહોંચતાં ઓફિસની બહાર જાળીને તાળા મારી બંધ કરી દેવામાં આવી હતી.

### 'આ બ્લેક કોફી નથી, પરંતુ કોર્પોરેશન પ્રજાને જે પાણી આપે તે છે'

મેયર પ્રતિભા જૈન આફિસમાં આવે તે પહેલાં PSI દ્વારા દુષિત પાણીની બોટલ લેવાનો પ્રયાસ કરતા વિપક્ષ નેતાએ તેઓને ખખડાવ્યાં હતાં. શહેઝાદખાન પઠાણે મેયરના ટેબલ પર ગંદા પાણીની બોટલ મૂકી કહ્યું કે, આ બ્લેક કોફી નથી, પરંતુ કોર્પોરેશન પ્રજાને જે પાણી આપે તે છે. આવું પાણી અમદાવાદની પ્રજા પીવે છે.આ પાણી પીવાથી માત્ર ટાઈફોઈડ-કોલેરા નહીં, પરંતુ મૃત્યુ થઈ શકે છે. જો કોઈનું મોત થશે તો તમામ જવાબદારી માત્ર મેયર અને તંત્રની રહેશે. ઉલ્લેખનીય છે કે, મધ્યપ્રદેશના ઈન્દોરમાં દૂષિત પાણીના કારણે કેટલાક લોકોના મૃત્યુ થયા છે અને ગાંધીનગરમાં પણ ટાઈફોઈડના 100થી વધુ કેસો સામે આવ્યા છે અને એક બાળકનું શંકાસ્પદ મોત પણ થયું છે.

## ભાજપના જ 5 MLAનો CMને પત્ર, પ્રજાના કામ થતાં નથી



(એજન્સી) વડોદરા | તા. 08

વડોદરા જિલ્લાના પાંચ ધારાસભ્યોએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખીને અધિકારીઓ કામ ન કરતા હોવાની ફરિયાદ કરી છે. તેમજ અધિકારીઓની માનસિકતા સામે જ અનેક સવાલો ઉઠાવ્યા છે. ધારાસભ્ય કેતન ઈનામદાર,અક્ષય પટેલ, શૈલેષ મહેતા, ચૈતન્યસિંહ ઝાલા અને ધર્મેન્દ્રસિંહ વાઘેલા દ્વારા લખાયેલા આ પત્રમાં 'વંદે માતરમ્'થી શરૂઆત કરી અધિકારીઓની ટીકા કરી છે. ઉલ્લેખનીય છે કે આ પહેલાં 2017ની વિધાનસભા ચૂંટણી બાદ ત્રણ ધારાસભ્યોએ સર્કિટ હાઉસ પર બેઠક બોલાવી કામ થતાં ન હોવાનો બળાપો કાઢ્યો હતો. જરૂરી હોય તો આવા અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવાની માગ પણ કરવામાં આવી છે.